

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 42 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 February 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26


શિવમની શાનદાર બેટિંગઃ ભારતે નેધરલેન્ડ્સને હરાવ્યું ૬


ગુરુવાર, ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

લાડકી પૂર્તિ ૯ ૧૦ ૧૧

# ૪.૦૮ લાખ કરોડનું ગુજરાતનું સૌથી મોટું બજેટ





ગુજરાતના નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈ

## ૧૫ ટકા ખેલકૂદ - સાંસ્કૃતિક બાબતોને ▸ ૬૫ ટકા વિકાસલક્ષી કામોને ▸ ૬,૫૦૦ કરોડ ટૂરિઝમને ▸ ૧૨૦૦ કરોડ અમદાવાદને ઑલિમ્પિક માટે તૈયાર કરવા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈએ બુધવારે રજૂ કરેલું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું બજેટ હતું. ૪,૦૮,૦૫૩ કરોડ રૂપિયાનું ઐતિહાસિક બજેટ નાણાં પ્રધાને રજૂ કર્યું હતું. ગયા વર્ષ કરતા ૧૦.૨ ટકાનો વધારો આ બજેટમાં જોવા મળ્યો હતો.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર બજેટના કુલ ખર્ચના ૬૫ ટકા વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવ્યા છે. શિક્ષણ સાથે રમતગમત અને સાંસ્કૃતિક બાબતો માટે બજેટમાં ૬૩,૧૮૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે બજેટના લગભગ ૧૫ ટકા છે. યુવાશક્તિના નિર્માણ માટે બજેટમાં 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' માટે ૨૨૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામા આવી હતી. પ્રવાસન ક્ષેત્રને વધુ નવી ઊંચાઈ મળે તે માટે વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરીને ૬,૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ બજેટમાં કરવામા આવી હતી. આદિવાસી યુવાઓને ઘર આંગણે રોજગાર અવસર માટે આદિવાસી વિસ્તારોમાં પાંચ નવી જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવશે.

અમદાવાદ આવનારા સમયમાં કોમનવેલ્થ ગેમ્સનું યજમાન શહેર બનવા જઈ રહ્યું છે, આથી બજેટમાં આ અંગેની માળખાકીય સુવિધાઓ માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. આ માટે સ્પોટ્ર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક પરિવહન સેવાઓ સાથે ઓલિમ્પિક રેડી અમદાવાદ માટે ૧૨૦૦ કરોડથી વધુ રૂપિયાની ફાળવણી આ બજેટમાં કરી છે. રાજ્યમાં ફ્યુચર રેડી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે ગુજરાત હાઇ-સ્પીડ કોરિડોરમાં ૮૦૦ કરોડ રૂપિયાના રોકાણ દ્વારા નેક્સ્ટ જનરેશન કનેક્ટિવિટીનું નિર્માણ થશે. ક્લાયમેટ રેઝિલિયન્ટ અને ન્યૂ ટેકનોલોજી માર્ગો માટે ૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. એઆઈ અને ડીપટેકના યુગને અનુલક્ષીને ગુજરાતને એઆઈ અને ડિજિટલ ગવર્નન્સના ઈનિશ્યેટિવમાં અગ્રેસર રાખવા ૮૫૦ કરોડ રૂપિયાથી વધુની રકમ ફાળવવામાં આવી હતી. અને ડેટા ફ્યુઝન સેન્ટર તથા સેન્ટર ઓફ એક્સલન્સની જાહેરાત પણ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે છ રિજનલ ઇકોનોમિક માસ્ટર પ્લાનથી સંતુલિત આર્થિક વિકાસની નેમ રાખી છે તે માટે લગભગ સાત હજાર કરોડ રૂપિયા ફાળવ્યા હતા.

આ ઉપરાંત ગૃહ વિભાગ માટે કુલ ૧૪૨૬૫ કરોડ રૂપિયાની જોગવાઇ, ક્લાઇમેટ ચેન્જ વિભાગ

(જુઓ પાનું ૨) ▸▸






### મેડ ઈન ચાઈના રૉબૉ-ડૉગનો ગોટાળો

## નોએડાની ગલગોટિયા યુનિ.ની એઆઈ સમિટમાંથી હકાલપટ્ટી

નવી દિલ્હીઃ મેડ ઈન ચાઈના રૉબોટિક ડૉગને પોતાનું ઈનોવેશન લેખાવી પ્રદર્શન મુકવાને પગલે સર્જાયેલા વિવાદ બાદ ખાનગી યુનિવર્સિટી ગલગોટિયાને એઆઈ ઈમ્પેક્ટ સમિટમાંથી તેમનાં સ્ટોલ હટાવી લેવા જણાવવામાં આવ્યું હતું. જોકે રૉબૉ-ડૉગનો વિવાદ શમ્યો નથી ત્યાં ગલગોટિયા યુનિવર્સિટી દ્વારા કોરિયામાં વિકસાવાયેલા ડ્રૉન સૉકર ઍરિનાને પોતે વિકસાવ્યું હોવાનો દાવો કરાતા યુનિવર્સિટી સામે હજી આકરાં પગલાં લેવાય તેવી શક્યતા છે. વિવાદને પગલે આઈટી સચિવ એસ. ક્રિષ્નને કહ્યું હતું કે કોઈપણ પ્રદર્શનકર્તા પોતાની ન હોય તેવી વસ્તુ પ્રદર્શનમાં મૂકે એવું સરકાર નથી ઈચ્છતી. આયોજકોએ ગ્રેટર નોએડાની ગલગોટિયા યુનિવર્સિટીને પોતાનાં સ્ટોલ હટાવી લેવાનું જણાવ્યા બાદ ક્રિષ્નને કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸






## 'યોનીની બહાર વીર્યસ્ખલન થાય તો એ રેપ ન કહેવાય'

### આવો ચુકાદો આપનાર છત્તીસગઢ હાઈ કૉર્ટની દેશભરમાં ટીકા

નવી દિલ્હીઃ બળાત્કારના કેસને મામલે છત્તીસગઢ હાઈ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપતાં કહ્યું હતું કે પુરુષનું શિશ્ન મહિલાની યોનીમાં પ્રવેશે તે અગાઉ જ વીર્ય સ્ખલન થઈ જાય તો એવા ગુનાને બળાત્કારનો પ્રયાસ માનવામાં આવશે અને આઈપીસીની કલમ ૩૭૬

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયા-યુક્રેન શાંતિમંત્રણા ફરી નિષ્ફળ

### બન્ને પક્ષે વાટાઘાટો ખૂબ જ મુશ્કેલ હોવાનું જણાવ્યું

જીનિવાઃ યુક્રેન પર રશિયાના હુમલાને લઈને અમેરિકાની મધ્યસ્થતામાં રશિયા અને યુક્રેનના રાજદૂતો વચ્ચેની બુધવારે મળેલી બેઠકમાં કોઈ સફળતા મળી નહોતી. બંને પક્ષોએ કહ્યું કે વાતચીત ખૂબ મુશ્કેલ હતી. સ્વિટ્ઝર્લેન્ડમાં થયેલી વાતચીત અમેરિકા તરફથી યોજાયેલી વાટાઘાટોનો આ ત્રીજો રાઉન્ડ હતો. અગાઉ આ વર્ષની શરૂઆતમાં અબુ ધાબીમાં બેઠક થઈ હતી જેને અધિકારીઓએ સફળ ગણાવી હતી પરંતુ ત્યારબાદ કોઈ પ્રગતિ થઈ ન હતી. રશિયન

(જુઓ પાનું ૨) ▸▸




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતનું બજેટ, હવે નવા વિકાસ મોડલની જરૂર

**ગુજરાત** સરકારનું બજેટ રજૂ થઈ ગયું અને આ બજેટમાં ધ્યાન ખેંચે એવું કશું નથી. પહેલાં રાજ્ય સરકારો પાસે પોતાના આવક સ્રોત ઊભા કરવા માટે અલગ અલગ પ્રકારના કરવેરા નાખવાની સત્તા હતી તેથી કમ સે કમ કરવેરાની જોગવાઈઓના કારણે પણ બજેટ ચર્ચાસ્પદ બનતાં હતાં. જીએસટી આવ્યા પછી રાજ્ય સરકારોની મોટા કરવેરા નાખવાની સત્તા છિનવાઈ ગઈ છે તેથી રાજ્ય સરકારોનાં બજેટ ઓછાં રસપ્રદ બની જ ગયાં છે.

ગુજરાત તો દારૂબંધીને વરેલું રાજ્ય હોવાથી એક્સાઈઝનો મુદ્દો પણ નથી તેથી વધારે સમસ્યા છે પણ એ છતાં શાસકો વિઝનરી હોય તો બજેટને રસપ્રદ બનાવી શકે કેમ કે દરેક રાજ્યનાં આર્થિક સમીકરણો અલગ અલગ હોય છે. ગુજરાત પણ પોતાની વિશિષ્ટતાઓ ધરાવતું રાજ્ય છે એ જોતાં તેને ધ્યાનમાં રાખીને રસપ્રદ બજેટ બનાવી શકાય પણ આ વરસના બજેટમાં એવું કશું નથી કે જેના કારણે એ રસપ્રદ લાગે. મતબેંકને ધ્યાનમાં રાખીને કરાયેલી જોગવાઈઓમાં પણ એવું કશું નથી કે જેના કારણે રસ પડે કે ચર્ચા પણ કરી શકાય.

ગુજરાતમાં સૌથી મોટી સમસ્યા ટેલેન્ટેડ યુવા લોકોનું વિદેશગમન છે કેમ કે ગુજરાતમાં પોતાના માટે કોઈ તક નહીં હોવાનું મોટા ભાગના યુવાનોને લાગે છે. ભારતના બીજા કોઈ રાજ્યમાંથી નહીં જતાં હોય એટલી સંખ્યામાં લોકો વિદેશ જાય છે. આ વાત ગુજરાતના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતે જાહેરમાં સ્વીકારેલી છે કેમ કે ગુજરાતમાં વિદેશ જતા યુવાનોમાં સૌથી વધારે પાટીદાર સમાજના જ હોય છે.

પાટીદાર સમાજ ખાધેપીધે સુખી છે તેથી મોટા ભાગના પરિવારો સંતાનોને વિદેશ જવા માટે જરૂરી ખર્ચ કરવાની ત્રેવડ ધરાવે છે. જે પરિવારોમાં ત્રેવડ ના હોય તેમને સમાજના આગેવાનો મદદ કરે છે તેના કારણે પાટીદારોનો વિદેશ તરફનો પ્રવાહ સતત વધતો જ જાય છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ચરોતરમાં તો ભાગ્યે જ કોઈ એવો પાટીદાર પરિવાર મળશે કે જેમનું કોઈ વિદેશમાં ના રહેતું હોય. પહેલાં સૌરાષ્ટ્રના પાટીદારોમાંથી ઓછા પ્રમાણમાં લોકો વિદેશ જતાં પણ હવે સૌરાષ્ટ્રમાંથી પણ મોટા પ્રમાણમાં વિદેશ તરફ ધસારો જોવા મળે છે તેથી ગુજરાતમાં વિદેશગમન મોટી સમસ્યા છે.

આ સમસ્યાનું કારણ ગુજરાતનો ભ્રામક વિકાસ છે. ભક્તજનોને આ વાત કડવી લાગશે પણ આ વાસ્તવિકતા છે. ગુજરાતમાં ૩૦ વર્ષના શાસન પછી પણ ભાજપની સરકારો ગુજરાતના યુવાનોને સંતોષ થાય એવો વિકાસ નથી કરી શક્યો. તેના કારણે ગુજરાતના યુવાનો ગુજરાતમાં કોઈ ડિગ્રી લઈને આગળ ભણવા માટે વિદેશ ભાગી જાય છે ને પછી ત્યાં જ સ્થાયી થઈ જાય છે. તેના કારણે ગુજરાતનું યુવા ધન તો હાથથી જાય જ છે પણ પૈસો પણ વિદેશમાં ખેંચાઈ જાય છે.

આ સ્થિતિ બદલવા માટે કોઈ પ્રયત્નો થતા નથી ને આ બજેટમાં પણ એ તરફ કોઈ ધ્યાન જ નથી અપાયું. ઠાલી વાતો બહુ કરાઈ છે પણ નક્કર કશું નથી. હૈદરાબાદ કે બેંગલુરુએ જે રીતે વૈશ્વિક કક્ષાની તમામ આઈટી કંપનીઓને આકર્ષી શકાય એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરીને આખા દેશના આઈટી સેક્ટરના ટેલેન્ટેડ યુવાઓને પોતાની તરફ આકર્ષવા માંડ્યા એવું કશુંક ગુજરાતમાં પણ થવું જોઈએ. ગુજરાતને ખરેખર એક નવા વિકાસ મોડલની જરૂર છે.

નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટી બનાવડાવીને એ દિશામાં એક પ્રયત્ન કર્યો પણ એ પ્રયત્ન સફળ થયો નથી. ગિફ્ટ સિટીને સિંગાપોરની જેમ એશિયામાં આંતરરાષ્ટ્રીય ફાયનાન્સ સેક્ટરનું સૌથી મોટું હબ બનાવવાનો મોદીનો ઈરાદો હતો પણ ગિફ્ટ સિટી ભારતમાં પણ ફાયનાન્સ ટેક સેક્ટરનું સૌથી મોટું કેન્દ્ર બની શક્યું નથી. હમણાં ડો. હસમુખ અઢિયાને ખસેડીને ઉદય કોટકને ગિફ્ટ સિટીના ચેરમેન બનાવાયા છે. કોટક શું ચમત્કાર કરી શકે છે એ ભવિષ્ય કહેશે પણ ગુજરાતના યુવા ધનને ભારતમાં બાંધી રાખવા માટે ગિફ્ટ સિટી સક્ષમ નથી જ એ જોતાં બીજા વિકલ્પ વિશે વિચારવાની જરૂર છે.

ગુજરાત પાસે ભારતમાં સૌથી લાંબો દરિયાકિનારો છે અને ટુરિઝમ માટે જબરદસ્ત તક છે. પ્રવાસન વિકસે તો હોસ્પિટાલિટી બિઝનેસ વિકસે ને યુવાનોને તેમાં રસ પડે છે પણ એ દિશામાં વિચારવાનું વિઝન જ નથી. આપણે રીલિજિયસ ટૂરિઝમની પાછળ હાથ ધોઈને પડેલા છીએ પણ અક્કલના મઠ્ઠાઓને એ વાત સમજાતી નથી કે રીલિજિયસ ટૂરિઝમમાં વિદેશીઓને શું રસ પડે ? વિદેશીઓને છોડો પણ ભારતમાં પણ રીલિજિયસ ટૂરિઝમ સ્થાનિક વિષય છે તેથી બીજાં રાજ્યોનાં લોકોને તેમાં રસ ના પડે પણ શાસકોને આ વાત સમજાતી નથી. રીલિજિયસ ટૂરિઝમના કારણે મંદિરો માલદાર બને છે, યુવાનોને કોઈ ફાયદો થતો નથી એ વાત પણ ગુજરાતના શાસકો સમજતા નથી.

ગુજરાત પાસે બીજું પણ ઘણું છે. તોતિંગ ડેરી ઉદ્યોગ છે અને ખેતી પણ છે. તેના આધારિત એવાં નવાં સેક્ટર વિકસાવવાં જોઈએ કે જેમાં જંગી પ્રમાણમાં રોજગારી પેદા થાય અને યુવાનોને કંઈક કરવાની તક મળે. ચોકલેટ સહિતનો કન્ફેક્શનરી ઉદ્યોગ કે ટેક્સટાઈલ આધારિત ઉદ્યોગ ગુજરાતમાં વિકસી શકે,

પણ શાસકોમાં એવું કોઈ વિઝન જ નથી તેથી કશું નવું કરાતું નથી. આ બજેટમાં પણ એ જ હાલત છે.

આ બજેટમાં ગુજરાતના એમએસએમઈ સેક્ટરને ફરી બેઠું કરવા માટે પણ કંઈ નથી. ગુજરાતનું અર્થતંત્ર ખેતી, પશુપાલન અને નાના તથા મધ્યમ કદના ઉદ્યોગો એટલે કે એમએસએમઈના કારણે ધીંગું બનેલું છે. ભાજપની સરકારોએ વિકાસના નામે શહેરીકરણ તરફ દોટ મૂકી તેમાં ગામડાં ભાંગી રહ્યાં છે ને ખેતી તૂટી રહી છે. સહકારી ડેરીઓના કારણે પશુપાલન ટક્યું છે પણ એમએસએમઈની હાલત બદતર થઈ રહી છે.

ગુજરાતમાં માધવસિંહ સોલંકીના સમયમાં દરેક તાલુકા મથકે જીઆઈડીસી બનાવડાવીને નાના-મધ્યમ ઉદ્યોગોના વિકાસને નવી દિશા અપાઈ હતી. આ ઉદ્યોગોના કારણે સ્થાનિક સ્તરે રોજગારી મળતી તેથી લોકો શહેરો તરફ દોટ નહોતા મૂકતા. આ ઉદ્યોગોમાંથી બનતી ચીજોને સ્થાનિક બજાર મળી જતું તેથી તેમને ટકી રહેવામાં મુશ્કેલી નહોતી પડતી. ધીરૂભાઈ અંબાણીની રિલાયન્સ કે કરશનભાઈ પટેલની નિરમા જેવા આજે કરોડોની કમાણી કરતી કંપનીઓએ પોતાની શરૂઆત જીઆઈડીસીમાં ફેક્ટરીથી કરી હતી તેના પરથી જ જીઆઈડીસી મોડલની સફળતાનો અંદાજ લગાવી શકાય. ભાજપ સરકારે મોટા ઉદ્યોગો પાછળ દોટ શરૂ કરી તેમાં નાના-મધ્યમ ઉદ્યોગો પતવા માંડ્યા ને અત્યારે ગુજરાતનું એમએસએમઈ સેક્ટર ડચકાં ખાઈ રહ્યું છે પણ બજેટમાં તેના માટે કંઈ જ નથી.

એકંદરે બજેટ દ્વારા ગુજરાત સરકારે એક ઔપચારિકતા પૂરી કરી પણ ઔપચારિકતાઓ પૂરી કરવાથી અપેક્ષાઓ સંતોષાતી નથી. તેના માટે વિશેષ પ્રયત્નો કરવા પડે ને બજેટમાં એવા કોઈ જ વિશેષ પ્રયત્નો કરાયા નથી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, ગુરુવાર, તા. ૧૯–૨–૨૦૨૬,
છત્રપતિ શિવાજી જયંતી, શ્રી રામકૃષ્ણ જયંતી,

- ભારતીય દિનાંક ૩૦, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ–૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સદ –૨
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૦–૫૧ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૪–૫૯ સુધીમાં, મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભમાં (ગ, સ, શ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩–૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૩૧ (તા. ૨૦)
- ઓટઃ રાત્રે ક. ૧૯–૦૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ દ્વિતીયા. છત્રપતિ શિવાજી જયંતી (તારીખ પ્રમાણે), શ્રી રામકૃષ્ણ જયંતી, મુસ્લિમ ૯મો રમજાન માસારંભ, પંચક, સૂર્ય શતતારામાં સાંજે ક. ૧૮–૩૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અજૈકપાદ દેવતાનું પૂજન, આંબાનું વૃક્ષ વાવવું, વિદ્યારંભ, ખેતીવાડી, પશુ લે–વેંચ.
- આચમનઃ સૂર્ય–ગુરુ અર્ધચતુષ્કોણ દાનપ્રિય, ચંદ્ર–શનિ યુતિ નબળી તબિયત, ચંદ્ર–નેપ્ચૂન યુતિ કલ્પનાશીલ
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય–ગુરુ અર્ધચતુષ્કોણ, ચંદ્ર–શનિ યુતિ (તા. ૨૦), ચંદ્ર–નેપ્ચૂન યુતિ (તા. ૨૦)

ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–મકર, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# મુસીબતોથી છૂટકારો પામવા માટેનો આ રહ્યો બેમિસાલ અમલ

**જે** સુરહ, પ્રકરણને પવિત્ર કુરાનનું દિલ કહેવામાં આવે છે તે સુરહ યાસીન શરીફની ફઝિલત જાણી આપ આફ્રીન થઈ ઊઠશો. સુરહ યાસીન કુરાન પાકના ૨૨મા પારા (ભાગ)ની રૂકુઅ (પેરેગ્રાફ) ૧૮થી શરૂ થઈ ૨૩મા પારાના ચોથા રૂકુઅ પર પૂરી થાય છે તેમાં ૮૩ આયતો (વાક્ય) (શ્લોકો) અને પાંચ રૂકુઅ, આયત, શ્લોક.

હુઝૂરે અનવર પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ.અ.વ.) ફરમાવ્યું કે, પ્રત્યેક ચીજનું દિલ હોય છે અને કુરાને કરીમનું દિલ યાસીન શરીફ છે. જે શખસ સૂરએ યાસીનની તિલાવત (વાંચન, પઠન) કરે છે અથવા યાસીન શરીફ લખે છે તો અલ્લાહ રબ્બુલ ઈજજતએ પઢવાવાળા કે લખવાવાળાના નામ-એ-આમાલમાં દસ વખત પૂરું કુરાન શરીફ પઢવાનો સવાબ લખવામાં આવે છે. આપ ફરમાવો છો કે, જે મુસલમાન મર્દ કે ઔરતના મૃત્યુ (સકરાત)ના સમયે તેની પાસે યાસીન શરીફ પઢવામાં આવશે તો તેના એક એક હર્ફ (શબ્દ)ના બદલામાં દસ દસ રહમતના ફરિશ્તા હાજર થશે, જે મૃત્યુ પામનારની સામે સફ (ખભેખભા મેળવી હારબંધ) બાંધીને ઊભા થઈ જશે અને મરનાર પર રહેમત (દયા, કૃપા) માટે બારગાહે ઈલાહી (અલ્લાહના દરબાર)માં ઈલ્તેજા (અરજ, વિનંતી) કરશે. આ ફરિશ્તાઓ મરનારની મગફેરત (છુટકારા, મોક્ષ)નો જરીઓ (કારણ) બનશે. મૈયતને ગુસલ (સ્નાન) આપતી વેળા પર ફરિશ્તાઓ હાજર રહેશે એન તેના જનાઝાની સાથે પણ ચાલશે.

અમિરૂલ મુઅમિનીન હઝરત અલી સાહેબનું કથન છે કે, યાસીન શરીફ પઢો કે તેમાં ૧૦ બરકતો છેઃ

૧. ભૂખ્યો પઢશે તો તેનું પેટ ભરાઈ જશે (એટલે તેના માટે ખાવાનો બંદોબસ્ત થઈ જશે)
૨. નગ્ન પઢશે તો કપડાવાળો થઈ જશે (તેની જરૂરત પુરી થશે)
૩. કુંવારો કે કુંવારી પઢશે તો તેની શાદી થઈ જશે.
૪. ડરપોક પઢશે તો શાંતિ પ્રાપ્ત કરશે.
૫. ચિંતાગ્રસ્ત પઢશે તો ખુશ થઈ જશે.
૬. મુસાફર પઢશે તો તેની સફર આસાન થશે.
૭. જેની કોઈ વસ્તુ ખોવાઈ ગઈ હશે તો તે વસ્તુ મળી જશે.
૮. મૈયત પર પઢવામાં આવશે તો તેના અઝાબ હળવો થશે.
૯. તરસ્યો પઢશે તો તૃપ્ત થશે અને
૧૦. બીમાર પઢશે તો સાજો-નરવો થઈ જશે.

હુઝૂરે અનવર (સ.અ.વ.) ફરમાવ્યું કે આ સુરત, ભાગ, પ્રકરણ યાસીન શરીફને વધુમાં વધુ પઢયા કરો કેમ કે તેમાં ઘણા જ ફાયદાઓ છે.

કોઈ કબર ઉપર, મૈયતના ઈસાલે સવાબ, પૂણ્યની નિય્યતથી સૂરએ યાસીન પઢવામાં આવે તો કબરવાળો અગર અઝાબ (પ્રકોપ)માં હશે તો તેને અઝાબમાંથી મુક્તિ મળશે અને નહીંતર એ મૈયતને યાસીન શરીફની તિલાવત (વાંચન)ની બરકતથી વધારે રાહત અને ખુશી પ્રાપ્ત થશે. તેથી જ આપ હુઝૂરે (સ.અ.વ.) ફરમાવ્યું કે તમે લોકો પોતાના મુર્દાઓને સૂરેઅ યાસીન સંભળાવો.

હઝરત ઈમામ શાફેઈએ હઝરત અલી રદ્દિયલ્લાહો તઆલા અન્હાથી રિવાયત કરી છે, કે જેણે યાસીન શરીફ લખી અને તેને ધોઈને પીધી તો તેના પેટમાં એક હજાર નૂર, એક હજાર બરકતો અને એક હજાર દવાઓ પ્રવેશી અને તેનાથી એક હજાર બીમારીઓ નીકળી.

બીમારીમાં આ સૂરત (પ્રકરણ)થી રૂહાની ફાયદાઓ ઘણા પ્રાપ્ત થાય છે. કોઈ બાઅમલ પરહેઝગાર (સંયમી) વ્યક્તિ પાસે આ સૂરત જાફરાન (કેસર)થી લખાવી બીમારને પીવડાવવામાં આવશે તો ઈન્શા અલ્લાહ ખૂબ જ ફાયદો થશે. દરેક મુસીબતોથી છૂટકારો પામવા માટે આ સૂરતથી આ આયત 'સલામુન કૌલમ મિર રબ્બિર્રહીમ' હંમેશા પઢતા રહો.

વહાલા વાચક મિત્રો! સૂરએ યાસીન શરીફની તિલાવત (વાચન, પઠન) દસ વખત કુરાન કરીમની તિલાવતનો સવાબ રાખે છે એટલે કે દરેક મુસલમાન મર્દ અને ઔરતે યાસીન શરીફ મોઢે યાદ કરી લેવી જોઈએ. ચાલતા - હરતા - ફરતાં અને મુસાફરીમાં જ્યારે પણ સમય મળે પઢી શકાય છે. કારણ કે મૌખિક પઢવામાં વુઝૂની જરૂરત નથી (વુઝૂ હોય તો ઉત્તમ). હા, જેની ઉપર ગુસલ ફર્ઝ હોય તેણે મોઢે કુરાનની તિલાવત કરવી હરામ છે.

કુરાન શરીફ વિશેની વધુ માહિતી કે જેને જાણવી, સમજવી અત્યંત જરૂરી હોઈને પ્રસ્તુત લેખના આવતા અંકના ૩જા ભાગમાં વાંચીશું અને ઈલ્મો જ્ઞાનમાં વધારો કરીશું.

### સાપ્તાહિક સંદેશ

ઈસ્લામના પયગંબર હઝરત મુહંમદ સાહેબને એક શખસે નમ્ર અરજ કરી કે,

* યા અલ્લાહ રસૂલ! કયું ઈમાન ઉત્તમ છે? આપ હુઝૂર અનવર (સ.અ.વ.) ફરમાવ્યું કે, 'એ ઈમાન જેની સાથે હિજરત, વતન ત્યાગ હોય. ફરીથી અરજ વ્યક્ત કરવામાં આવી, હિજરત શું છે? આપે ફરમાવ્યું, તમે બુરાઈઓ છોડી દો એ પણ એક જાતની હિજરત જ છે, ત્યાગ છે.

# 'ભાઈ-ભત્રીજાવાદ લોકતંત્ર માટે ઘાતક'

## આમ કહી સુપ્રીમ કોર્ટે હરિયાણાના અધિકારીઓને કરેલી ફ્લેટની ફાળવણી રદ કરી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે હરિયાણા સરકાર સાથે જોડાયેલી હાઉસિંગ સોસાયટીમાં ફ્લેટની ફાળવણીમાં ભાઈ-ભત્રીજાવાદ જોવા મળતા તેની ફાળવણી રદ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે લોકશાહી વ્યવસ્થા માટે ભાઈ- ભત્રીજાવાદ અને પોતાની બડાઈ હાંકવી એક અભિશાપ છે. સુપ્રીમ કોર્ટે હરિયાણા સરકારની એક હાઉસિંગ સોસાયટી દ્વારા એક ગવર્નિંગ બોડીના સભ્ય અને તેના સબઓર્ડિનેટને આપવામાં આવેલા બે ફ્લેટની ફાળવણીને રદ કરી હતી.

જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે પંજાબ અને હરિયાણા હાઈ કોર્ટના એ આદેશને રદ કર્યો હતો જેમાં ફાળવણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું કે ગવર્નિંગ બોડીના સભ્ય અને તેના સબઓર્ડિનેટને કરવામાં આવેલી ફાળવણી મનસ્વી, પક્ષપાતી હતી અને સોસાયટીના પોતાના પાત્રતા માપદંડોનું ઉલ્લંઘન કરતી હતી. ખંડપીઠે કહ્યું હતુ કે ''ભાઈ-ભત્રીજાવાદ અને બડાઈ હાંકવી એ લોકશાહી વ્યવસ્થા માટે અભિશાપ છે, ખાસ કરીને ત્યારે જ્યારે તે સરકારી સેવાના સભ્યો ધરાવતી સોસાયટીની અંદર થાય છે જે પારદર્શક ફાળવણીથી પોતાના સભ્યોને રહેઠાણની સુવિધાઓ પ્રદાન કરે છે.'' સુપ્રીમ કોર્ટ હુડા, અર્બન એસ્ટેટ અને ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ એમ્પ્લોયીઝ વેલ્ફેર ઓર્ગેનાઇઝેશન (એચઈડબલ્યૂઓ)ના સભ્ય દિનેશ કુમારની એક અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં હાઈ-એન્ડ સુપર ડિલક્સ ફ્લેટની ફાળવણીને પડકારવામાં આવી હતી. કુમારે બે વ્યક્તિઓને સુપર ડિલક્સ ફ્લેટ ફાળવવાના નિર્ણયને પડકાર્યો હતો અને તેમના પર અયોગ્ય હોવાનો આરોપ લગાવ્યો હતો અને એચઈડબલ્યૂઓ પર પક્ષપાતનો આરોપ લગાવ્યો હતો.

# 'મારા મૃત્યુ પછી તેનું શું થશે ?'

## આ ચિંતા સાથે ઈસરોના કર્મચારીએ પત્નીની હત્યા કરી

બેંગલુરુઃ ઇસરોના એક ભૂતપૂર્વ કર્મચારીની તેના અપાર્ટમેન્ટમાં તેની પત્નીનું ગળું દબાવીને હત્યા કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીની ઓળખ નાગેશ ઇશ્વર રાવ તરીકે થઇ છે. બુધવારે સવારે વાઇટફિલ્ડના બોમનહલ્લી વિસ્તારમાં વર્ચુઓસો અપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સમાં તેના ઘરેથી તેની પત્ની સંધ્યા શ્રીનો મૃતદેહ મળી આવ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે રાવ ડિપ્રેશનની સારવાર લઇ રહ્યા હતા અને તેઓ ખૂબ જ પરેશાન હતા. પ્રાથમિક તપાસ અનુસાર રાવે પોલીસને જણાવ્યું હતું કે તેમના મૃત્યુ પછી તેઓ તેમની પત્નીના ભવિષ્યને લઇને ચિંતિત હતા. અધિકારીઓએ જણાવ્યું કે આ ચિંતાઓને કારણે તેણે કથિત રીતે તેણીને મારી નાખવાનો નિર્ણય લીધો હતો.ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ (વાઇટફિલ્ડ) સૈદુલુ અદાવથે જણાવ્યું કે તેઓ ડિપ્રેશનની સારવાર લઇ રહ્યા હતા અને ખૂબ પરેશાન રહેતા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ તેનો ઇરાદો આત્મહત્યા કરવાનો હતો.

તેથી તેણે તેની પત્ની પર હુમલો કર્યો હોવાનું જણાવાઇ રહ્યું છે.

પહેલા પાનાનું ચાલુ

### રશિયા–યુક્રેન

ડેલિગેશનના વડા, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના સલાહકાર વ્લાદિમીર મેડિન્સ્કીએ પત્રકારોને જણાવ્યું હતું કે જીનિવામાં બે દિવસની વાટાઘાટો મુશ્કેલ હતી પરંતુ બિઝનેસ જેવી હતી. તેમણે કહ્યું કે વાટાઘાટોનો વધુ એક રાઉન્ડ બહુ જલદી થશે.

ઝેલેન્સ્કીએ પણ વાતચીતને મુશ્કેલ ગણાવી અને રશિયા પર વાતચીતને મુશ્કેલ બનાવવાનો આરોપ લગાવ્યો હતો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના રાજદૂત સ્ટીવ વિટકોફે સોશ્યિલ મીડિયા પર જણાવ્યું હતું કે ગયા વર્ષે યુક્રેનમાં શાંતિ માટે વોશિંગ્ટનના પ્રયાસોથી ખૂબ પ્રગતિ થઈ છે પરંતુ તેમણે આ અંગે વધુ જાણકારી આપી નહોતી.

બંને સેનાઓ લગભગ ૧,૨૫૦ કિલોમીટર લાંબી ફ્રન્ટ લાઇન પર યુદ્ધમાં અટવાયેલી રહી છે જ્યારે રશિયા દરરોજ યુક્રેનના નાગરિક વિસ્તારો પર બોમ્બમારો કરે છે. અધિકારીઓએ કહ્યું હતું કે દક્ષિણ યુક્રેનના ઝાપોરિઝ્ઝિયા શહેરમાં રશિયન ડ્રોનથી એક મહિલાનું મોત થયું અને ૬ વર્ષની છોકરી અને ૧૮ મહિનાના બાળક ઘાયલ થયા હતા.

ક્રેલમિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે પત્રકારોને જણાવ્યું હતું કે પરિણામ વિશે વાત કરવી ખૂબ વહેલું છે. પુતિનને વાટાઘાટોની પ્રગતિ વિશે અહેવાલો મળી રહ્યા છે. યુક્રેનિયન પ્રતિનિધિમંડળના વડા રુસ્ટેમ ઉમરોવે જણાવ્યું હતું કે અધિકારીઓ તેમના રાજકીય અને લશ્કરી મતભેદોને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઝેલેન્સ્કીએ કહ્યું કે પ્રતિનિધિમંડળો યુદ્ધ કેદીઓની અદલાબદલી અને નાગરિક કેદીઓની મુક્તિ અંગે પણ ચર્ચા કરવાના હતા. તેમણે ખુલાસો કર્યો કે જિનેવામાં યુક્રેનિયન અને અમેરિકન રાજદૂતોએ યુનાઇટેડ કિંગડમ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી અને સ્વિઝરલેન્ડના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. આ પ્રક્રિયામાં યુરોપની ભાગીદારી અનિવાર્ય છે. ઝેલેન્સ્કીએ પુતિન સાથે યુદ્ધવિરામ અને મુલાકાતની ઓફર કરી છે. પરંતુ મોસ્કો યુદ્ધવિરામ માટે પ્રતિબદ્ધતા પહેલા એક વ્યાપક કરાર ઇચ્છે છે. નોંધનીય છે કે પુતિન ઇચ્છે છે કે કીવ એ ચાર પ્રદેશોમાંથી પોતાનું સૈન્ય પરત ખેંચે જે મોસ્કોએ કબજે કર્યા છે. પરંતુ ઝેલેન્સ્કીએ કહ્યુ હતું કે યુક્રેન રશિયાને જમીન સોંપશે નહીં.

### નોઈડાની

આવા પ્રદર્શનકર્તા પ્રદર્શન કરવાનું ચાલુ રાખે એવું અમે નથી ઈચ્છતા.

ગલગોટિયા યુનિવર્સિટીના સેન્ટર ઑફ એક્સલન્સ ખાતે આ રૉબૉટ વિકસાવવામાં આવ્યો હોવાનું જણાવી ગલગોટિયા યુનિવર્સિટી ખાતે પ્રોફેસર ઑફ કમ્યુનિકેશન્સ નેહા સિંહે મંગળવારે ડીડી ન્યૂઝને રૉબૉટિક ડૉગ ઑરિયન દેખાડ્યા બાદ આ વિવાદ ભડકી ઉઠ્યો હતો.

સોશ્યલ મીડિયા પર વીડિયો વાયરલ થતાં વપરાશકર્તાઓએ આ રૉબોટ ખરેખર તો ચીનના યુનિટ્રી રૉબૉટિક્સ દ્વારા બનાવવામાં આવ્યો હતો અને વિશ્વભરમાં આ રૉબોટનો ઉપયોગ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ માટે કરવામાં આવતો હોવા પર પ્રકાશ પાડ્યો હતો.

વિવાદ વકરતાં યુનિવર્સિટીને તમામ સ્ટોલ હટાવી લેવા જણાવવામાં આવ્યું હતું.

વિવાદને પગલે ભોંઠી પડેલી યુનિવર્સિટી અને નેહા સિંહે બુધવારે કહ્યું હતું કે આ રૉબૉ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવ્યો હોવાનો દાવો અમે ક્યારેય નથી કર્યો.

જોકે ક્રિષ્નને ભારપૂર્વક કહ્યું હતું કે સરકાર ગેરમાર્ગે દોરતી બાબતોને ક્યારેય સહન નહીં કરે.

#### 'ઉતાવળાં કમ્યુનિકેશનમાં ગરબડ થઈ'

દિલ્હીમાં ચાલી રહેલી ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં ગલગોટિયાસ યુનિવર્સિટીએ પોતાના નામે એક ચીની રૉબૉ-ડૉગ રજૂ કરી દીધો. જેનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં પ્રોફેસર નેહા સિંહ દાવો કરતા જોવા મળ્યા હતા. આ વીડિયો બાદ યુનિવર્સિટીને સોશ્યલ મીડિયા પર વ્યાપક ટીકાનો સામનો કરવો પડ્યો હતો. લોકોએ આરોપ લગાવ્યો હતો કે યુનિવર્સિટીએ ચીની કંપની યુનિટ્રીનો રોબોટ ખરીદ્યો હતો અને તેને પોતાનું ઈનોવેશન ગણાવી રજૂ કર્યું હતું. આ ઘટના બાદ યુનિવર્સિટીના પ્રોફેસર નેહા સિંહ હવે વિવાદમાં છે.સિંહે કહ્યુ હતું કે આ વિવાદ કાર્યક્રમમાં ઉતાવળે કરાયેલા આવેલા કોમ્યુનિકેશન અને ઉત્સાહના કારણે થયો છે. મશીનની માલિકીનો ખોટો દાવો કરવાના કોઈ ઈરાદાથી થયો નથી. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં ગાલગોટિયાસ યુનિવર્સિટીના સ્ટોલ પર પ્રદર્શિત રોબોટ ડોગને લઈને એક વાયરલ થયેલા વીડિયોના વિવાદના એક દિવસ પછી પ્રોફેસર નેહા સિંહે સ્વીકાર્યું છે કે તેમની ટિપ્પણીઓનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો જેના પર તેમણે દુઃખ વ્યક્ત કર્યું છે.

એક્સપો વેન્યૂ પર મીડિયા સાથેની ખાસ વાતચીતમાં સિંહે કહ્યું હતું કે આ વિવાદ કાર્યક્રમમાં ઉતાવળમાં થયેલા કોમ્યુનિકેશન અને ઉત્સાહના કારણે થયો છે. મશીનની ખોટી માલિકીના દાવાના કારણે થયો નથી.

તેમણે કહ્યું હતું કે, હું વધુ સ્પષ્ટ બોલી શકતી હતી. ઉત્સાહ અને ઉતાવળને કારણે વસ્તુઓ થોડી આમતેમ થઈ ગઈ, જે ક્યારેય ઈરાદો નહોતો. બ્રાન્ડિંગમાં કોઈ ફેરફાર થયો નથી. અમે બનાવ્યું નથી, વિદ્યાર્થીઓના અભ્યાસ માટે છે. (એજન્સી)

### ૪.૦૮ કરોડનું

માટે કુલ ૪૨૯ કરોડ રૂપિયાની જોગવાઇ, વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ૩૫૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ ૪૮૪૨ કરોડ રૂપિયાની જોગવાઇ, માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ ૪૫૨ કરોડ રૂપિયાની જોગવાઇ, કાયદા વિભાગ માટે કુલ ૨,૭૦૨ કરોડ રૂપિયાની જોગવાઇ, ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ ૧૩,૯૪૨ કરોડ રૂપિયાની જોગવાઇ, પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે ૩૦૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટે કુલ ૨૫,૯૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ, જળસંપત્તિ પ્રભાગ માટે ૧૩,૯૪૪ કરોડ રૂપિયાની જોગવાઇ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ૧૪,૮૫૮ કરોડ રૂપિયાની જોગવાઇ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ૩૩,૫૦૪ કરોડ રૂપિયાની જોગવાઇ, માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ૨૯,૭૦૯ કરોડ રૂપિયાની જોગવાઇ, મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ૭૬૯૦ કરોડ રૂપિયાની જોગવાઇ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ ૨૫૪૦૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હોવાનું નાણા પ્રધાને જણાવ્યું હતું.

### યોનીની બહાર

અને ૫૧૧ અંતર્ગત તે સજાને પાત્ર હશે. આ ચુકાદો આપીને કોર્ટે એક પુરુષની બળાત્કારની સજાને બદલીને બળાત્કારના પ્રયાસની સજામાં પરિવર્તિત કરી દીધી હતી.

અદાલતના આ ચુકાદાને લીધે દેશભરમાં વિવાદ થયો છે અને આની આકરી ટીકા કરવામાં આવી છે. છત્તીસગઢ હાઈ કોર્ટે નીચલી અદાલત દ્વારા આપવામાં આવેલી બળાત્કારની સજાની સમીક્ષા કરી આરોપીને બળાત્કારના પ્રયાસનો દોષી ઠેરવ્યો હતો. કોર્ટે માન્યું હતું કે આરોપીના ઈરાદા અને કૃત્ય દર્શાવે છે કે તેણે બળાત્કારનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે તેના ઈરાદામાં સંપૂર્ણ સફળ નહોતો થયો. કોર્ટે કહ્યું હતું કે જો પુરુષનું શિશ્ન મહિલાની યોનીની બહાર હોય અને યોનીમાં પ્રવેશ્યા વિના જ વીર્ય સ્ખલન થયું હોય તો આઈપીસીની કલમ ૩૭૫ અંતર્ગત તેને બળાત્કાર ગણી શકાય નહીં. ૨૦ વર્ષ જૂના કેસને મામલે છત્તીસગઢ હાઈ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

## ભાજપને મળશે બમ્પર જીત?

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં ભાજપ પાસે ૧૩૧, શિવસેના (શિંદે) પાસે ૫૭, અને એનસીપી (અજિત પવાર) પાસે ૪૦ વિધાનસભ્ય તેમને નાના પક્ષો અને અપક્ષોનો પણ ટેકો છે. તેથી મહાયુતિ સરળતાથી છ બેઠકો જીતી જશે. શિવસેના (યુટીબી) ના ૨૦, કોંગ્રેસ પાસે ૧૬ અને એનસીપી (શરદ પવાર) ના ૧૦ વિધાનસભ્યો છે. તેથી એમવીએ માંડ એક બેઠક મેળવી શકશે. રાજ્યસભાની ચૂંટણીમાં દરેક બેઠક માટે લગભગ ૩૭ મતોની જરૂર પડે છે અને મહાયુતિની કુલ સંખ્યા છ ઉમેદવારો માટે પૂરતી છે.




## એમવીએમાંથી રાજ્યસભામાં કોણ જશે?

સંજય રાઉત જેવા શિવસેના (યુટીબી)ના નેતાઓએ શરદ પવારને રાજ્યસભામાં ફરીથી ચૂંટવાનો પ્રસ્તાવ મૂક્યો છે, અને કોંગ્રેસ પણ તેમને ટેકો આપી શકે છે. જો શરદ પવાર ઉમેદવાર બને છે, તો તેમનો વિજય સરળ બની શકે છે. ■




## ભિવંડી-નિઝામપુર પાલિકામાં ભાજપમાં ભંગાણ: મેયર બેસાડવાનું સપનું રોળાશે?

### નવ નગરસેવકો પક્ષથી છૂટા પડીને કૉંગ્રેસના ગઠબંધનને આપ્યું સમર્થન

મુંબઈ: ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકામાં મેયરની ચૂંટણી પહેલા જ ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. ગયા મહિને થયેલી પાલિકાની ચૂંટણીમાં ચૂંટાયેલા તેના બાવીસ નગરસેવકોમાંથી નવ નગરસેવકોએ પક્ષથી છૂટા પડીને ભિવંડી સેક્યુલર ફ્રન્ટ (બીએસએફ) નામનું અલગ જૂથ બનાવીને કૉંગ્રેસની આગેવાની હેઠળના જોડાણને સમર્થન જાહેર કર્યું છે. તેથી ભિવંડીમાં પોતાનો મેયર બેસાડવાના ભાજપનું સપનું રોળાઈ જવાની શક્યતા છે. તો કૉંગ્રેસ પાસે પૂરતું સંખ્યાંબળ હોવાથી તેમના ઉમેદવારનો મૅયર પદે ચૂંટાવાનો માર્ગ મોકળો થઈ ગયો છે.

બીએસએફના સમર્થનથી કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (શરદ પવાર)ના ગઠબંધનને ૯૦ સભ્યોની સંસ્થામાંથી ૪૬ના આંકડાને પાર કરી ગયું છે. કૉંગ્રેસના નેતાના જણાવ્યા મુજબ ભાજપથી અલગ થનારા નવ નગરસેવકોએ કૉંગ્રેસને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. ભિવંડીમાં રાજકીય સ્તરે થયેલી આ ઉથલપાથલથી ભાજપને મોટો ફટકો પડયો છે. પક્ષમાં પડેલા ભંગાણ બાદ તેણે મૅયર પદનો ઉમેદવાર પણ બદલી નાખ્યો છે. તો સમાજવાદી પાર્ટીમાં અહીં ભંગાણ પડતા તેઓએ બાદમાં અહીં શિવસેનાને ટેકો આપ્યો હતો. ગયે મહિને થયેલી પાલિકાની ચૂંટણીમાં કૉંગ્રેસ ૩૦ બેઠકો સાથે સૌથી મોટો પક્ષ તરીકે ઊભરી આવ્યો હતો. એ સાથે જ તેઓ હવે પોતાનો મેયર અને ડેપ્યુટી મેયર બેસાડી શકશે. ચૂંટણીમાં ભાજપને બાવીસ, શિવસેનાને ૧૨, રાષ્ટ્રવાદીકૉંગ્રેસ (શરદ પવાર)ને ૧૨ અને સમાજવાદી પાર્ટીને છ, કોણાર્ક વિકાસ આઘાડીને ચાર અને ભિવંડી વિકાસ આઘાડીને ત્રણ બેઠકો મળી હતી. એક અપક્ષ ઉમેદવાર પણ અહીં જીત્યો હતો. તો બીજી તરફ ચૂંટણીમાં બાવીસ નગરસેવકો ચૂંટાઈ આવ્યા છે, છતાં ભાજપ પણ મૅયર પદ માટે પોતાનો ઉમેદવાર ઊભો રાખવાની છે. જોકે પક્ષના નવ નગરસેવકોએ અલગ થઈને પોતાનું અલગ ગ્રૂપ બનાવતા રાજકીયણ ઉથલપાથલ પગલે તેણે પોતાનો મૅયર પદનો ઉમેદવાર પણ બદલી નાખ્યો છે. અગાઉ મૅયર પદ માટે નારાયણ ચૌધરીનું નામ જાહેર કરવામાં આવ્યું હતું પણ હવે ભાજપના શહેરાધ્યક્ષના લેટરહેડ પર સ્નેહા પાટીલનું નામ જાહેર કરવામાં આવ્યું છે. છતાં નારાયણ ચૌધરીએ પણ મેયર પદ માટેની પોતાની ઉમેદવારીપત્રક હજી સુધી પાછું ખેંચ્યુ ન હોવાનું જાણવા મળ્યું હતું. ■

## કાંદિવલીમાં બેસ્ટની બસમાં આગ: કોઈ જખમી નહીં


મુંબઈ: કાંદિવલી (પૂર્વ)માં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર સાઈ મંદિર ધામ પાસે મંગળવારે સીએનજી સંચાલિત બેસ્ટની બસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગમાં આખી બસ બળીને ખાખ થઈ ગઈ હતી. સદ્નસીબે કોઈ પ્રવાસી જખમી થયો નહોતો.

બેસ્ટના પ્રવક્તાના જણાવ્યાં મુજબ સીએનજી સંચાલિત ૨૮૯ નંબરની બસ કાંદિવલી સ્ટેશનથી અનિતા નગર જઈ રહી હતી ત્યારે રાતના લગભગ ૯.૧૦ વાગ્યાની આસપાસ બસ વેસ્ર્ટન એક્સપ્રેસ હાઈવે પર સાઈ મંદિર ધામ નજીક પહોંચી જ હતી ત્યારે તેમાંથી ધુમાડો નીકળીને અચાનક આગ ફાટી નીકળી હતી. બસમાં સવાર પ્રવાસીઓએ ડરના માર્યે બૂમા-બૂમ કરી મૂકી હતી. બેસ્ટના ડ્રાઈવરે તરત બસને એક બાજુએ ઊભી રાખી હતી અને આગ ફેલાઈ જાય તે પહેલા જ તેમાં સવાર તમામ પ્રવાસીઓને બસમાંથી બહાર કાઢ્યા હતા. સદ્નસીબે એક પણ પ્રવાસી જખમી થયો નહોતો. ■









# મહારાષ્ટ્રમાં દરરોજ ૩૨ લાખ લિટર દારૂનું વેચાણ, સરકારને કરોડોની આવક

નાગપુરઃ રાજ્યમાં વર્ષભરમાં ૧૧૭.૧૩ કરોડ લિટર દારૂનું વેચાણ થયું હોવાનું સામે આવ્યું છે. રાજ્યમાં સૌથી વધુ ૪૩.૩૯ કરોડ લિટર બિયરનું વેચાણ થયું છે, જ્યારે તેના પછી બીજા ક્રમે ૪૨.૦૨ કરોડ લિટર દેશી દારૂ મદ્યપ્રેમીઓ ગટગટાવી ગયા છે. આ વેચાણથી રાજ્યને કરોડોની આવક પણ થઈ છે.

રાજ્ય આબકારી વિભાગના ડેટા અનુસાર, પહેલી જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીના એક વર્ષના સમયગાળામાં રાજ્યમાં દેશી દારૂ, ભારતમાં બનેલી વિદેશી દારૂ, બિયર અને વાઇન એમ ચાર પ્રકારના કુલ ૧૧૭ કરોડ ૧૩ લાખ લિટર પીણાંનું વેચાણ થયું હતું. તેમાંથી સૌથી વધુ ૪૩ કરોડ ૩૯ લાખ ૩૧ હજાર લિટર બિયરનું, ત્યારબાદ ૪૨ કરોડ ૨ લાખ ૭૫ હજાર લિટર દેશી દારૂ, ૩૦ કરોડ ૩૩ લાખ ૩ હજાર લિટર ભારતમાં બનેલો વિદેશી દારૂ અને એક કરોડ ૩૮ લાખ ૧૦ હજાર લિટર વાઇનનો સમાવેશ થાય છે. આ ચારેય પ્રકારના દારૂના વેચાણમાંથી રાજ્યને કરોડોની આવક થઇ છે.

વિભાગવાર જોતાં, ડિસેમ્બર ૨૦૨૫ માં રાજ્યમાં સૌથી વધુ દારૂનું વેચાણ થાણે વિભાગમાં થયું હતું. અહીં ૭૬.૪૯ લાખ લિટર દેશી દારૂ, ૮૪.૩૨ લાખ લિટર વિદેશી દારૂ, ૨ કરોડ ૬ લાખ ૪૨ હજાર લિટર બીયર અને ૫.૯૮ લાખ લિટર વાઇનનું વેચાણ થયું હતું.

આ ડિવિઝનમાં મુંબઈ અને મુંબઈ ઉપનગરોનો પણ સમાવેશ થાય છે. આ મહિને અહીં સરકારને કુલ ૫૩૩.૨૦ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જ્યારે સૌથી ઓછું દારૂનું વેચાણ નાંદેડ વિભાગમાં થયું હતું. અહીં ડિસેમ્બરમાં ૩૨ લાખ લિટર દેશી દારૂ, ૧૨.૩૩ લાખ લિટર વિદેશી દારૂ, ૧૧.૩૫ લાખ લિટર બીયર અને ૩૯ હજાર લિટર વાઇનનું વેચાણ થયું હતું. આમાંથી સરકારને ૬૪.૫૨ કરોડ રૂપિયાની આવક થઈ હતી.

ગઢચિરોલીમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં, દારૂ ઉત્પાદન પ્રોજેક્ટ પ્રસ્તાવિત છે, જેનો પર્યાવરણવાદીઓ સહિત વિવિધ સામાજિક કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

બેસ્ટની બસ ફરી વળતાં વાકોલાના રહેવાસીનું મૃત્યુ

## પાલિકાની હૉસ્પિટલે સમયસર એમ્બ્યુલન્સની વ્યવસ્થા ન કરી આપીઃ કુટુંબીજનોનો આક્ષેપ

મુંબઈઃ સાંતાક્રુઝ વિસ્તારમાં બેસ્ટ બસની અડફેટે આવેલા ૪૧ વર્ષના અરુણ તિવારીના પરિવારના સભ્યોએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે ખાનગી હોસ્પિટલમાં લઇ જવા પાલિકા સંચાલિત હૉસ્પિટલ દ્વારા એમ્બ્યુલન્સની વ્યવસ્થા ન કરી આપતાં શખસનું મોત થયું હતું. શનિવારે રાતે આ અકસ્માત થયો હતો અને અરુણ તિવારીને ખાનગી હૉસ્પિટલમાં ખસેડાયા બાદ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અકસ્માતનો વીડિયો બુધવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વાકોલામાં રહેતો અરુણ તિવારી ૧૪ ફેબ્રુઆરીએ તેના નિવાસેથી મોટરસાઇકલ પર નજીકના પેટ્રોલ પંપ તરફ જઇ રહ્યો હતો. અરુણ કાલિના પહોંચ્યો ત્યારે ખાડાને કારણે તેની મોટરસાઇકલ સ્કીડ થઇ હતી અને તે માર્ગ પર પટકાયો હતો. એ સમયે ત્યાંથી જઇ રહેલી બેસ્ટની બસ અરુણ પર ફરી વળતાં તેને ગંભીર ઇજા પહોંચી હતી.અરુણને સારવાર માટે પાલિકા સંચાલિત વી.એન. દેસાઇ હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડૉક્ટરોએ તેને લીલાવતી હોસ્પિટલમાં ખસેડવાની પરિવારજનોને સલાહ આપી હતી. અરુણની પત્નીએ જણાવ્યું હતું કે અરુણને ખાનગી હોસ્પિટલમાં લઇ જવા માટે દેસાઇ હોસ્પિટલના અધિકારી તથા સ્ટાફને એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવા માટે વિનંતી કરી હતી.

## ફ્લાયઓવરના બાંધકામમાં વિલંબ કરનારા કૉન્ટ્રેક્ટરને ૫૦ લાખનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટના ભાગ ગણાતા દિંડોશી કોર્ટથી ગોરેગામમાં ફિલ્મ સિટી વચ્ચેના ફલાયઓવરના બાંધકામમાં વિલંબ બદલ કૉન્ટ્રેક્ટરને ૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પાલિકાના એડિશન કમિશનર(પ્રોજેક્ટ) અભિજિત બાંગરે બુધવારે આ પ્રોજેક્ટની સમીક્ષા કરી હતી અને બાંધકામમાં વિલંબ બદલ કૉન્ટ્રેક્ટરને દંડ ફટકારવાનો નિર્દેશ આપ્યો હતો. આ ફલાયઓવરનું કામ ઝડપથી પૂરું કરીને તેને ૩૧ મે સુધીમાં ખુલ્લો મૂકવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો.

ગોરેગામ-મુલુંડ લિંક રોડનું કામ પૂરું થયા બાદ તે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરને જોડનારો એક મહત્ત્વનો લિંક રોડ બની રહેશે.

પ્રોજેક્ટના ફેઝ-ત્રણ (એ) હેઠળ દિંડોશી કોર્ટ, ગોરેગામ અને ફિલ્મસીટી વચ્ચે ૧.૨૬ કિલોમીટરનો એલિવેટેડ ફલાયઓવર બનાવવામાં આવી રહ્યો છે. ફલાયઓવરના ૩૧ થાંભલાનું કામ પૂરું થઈ ગયું છે, જયારે ૩૦માંથી ૨૦ સ્પાનના કામ પૂરા થઈ ગયા છે. એકંદરે ૭૫ ટકા કામ થઈ ગયું છે. ફિલ્મસીટી બાજુએ એક એપ્રોચ રોડ બનાવવામાં આવવાનો છે પણ હાલમાં પાણીની પાઈપલાઈન, ગટરલાઈન સહિત પાવરલાઈનને કારણે કામમાં અવરોધ નિર્માણ થયો છે. આ યુટિલિટીઝ સર્વિસને તાત્કાલિક ખસેડવાનો નિર્દેશ પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે આપ્યો હતો.

## પુણે પોર્શે કેસઃ સુપ્રીમ કોર્ટે આરોપીને જામીન આપ્યા

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે ૨૦૨૪ના પુણે પોર્શે અકસ્માત કેસમાં એક આરોપીને સમાનતાના આધારે જામીન આપ્યા છે. આ કેસ ૧૯મે, ૨૦૨૪ના દિવસે બનેલી ઘટના સાથે સંબંધિત છે. એ દિવસે પુણેના કલ્યાણી નગર વિસ્તારમાં કથિત રીતે દારૂના નશામાં પોર્શે કાર ચલાવતા ૧૭ વર્ષના કિશોર કરેલા અકસ્માતમાં બે આઇટી વ્યાવસાયિક મૃત્યુ પામ્યા હતા.

ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્ના અને ન્યાયમૂર્તિ ઉજ્જલ ભુયાનની ખંડપીઠે નોંધ્યું હતું કે અશપાક બાશા મકાનદાર ૨૦ મહિનાથી જેલમાં છે જ્યારે અન્ય ત્રણ આરોપીઓને પહેલાથી જ જામીન મળી ચૂક્યા છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે મકાનદારે હોસ્પિટલમાં એડમિટ સગીરના બ્લડ સેમ્પલ તેમના વાલીઓના બ્લડ સેમ્પલ સાથે બદલીને તબીબી પુરાવા સાથે ચેડા કરવાનું ગુનાહિત કામ કર્યું હતું. ખંડપીઠે જણાવ્યું હતું કે અપીલકર્તા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલે રજૂઆત કરી હતી કે અપીલકર્તા સાથે સહ-આરોપી જેવો વર્તાવ થવો જોઈએ જેમને આ કેસમાં પહેલાથી જ જામીન આપવામાં આવ્યા છે. પસાર કરાયેલા આદેશના સંદર્ભમાં જામીન આપવામાં આવે છે. બીજી ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટે આ કેસમાં ત્રણ આરોપીને જામીન આપ્યા હતા. અદાલતની દલીલ હતી કે કિશોરો સાથે સંકળાયેલી આવી ઘટનાઓ માટે માતા પિતા જવાબદાર છે કારણ કે તેમનું તેમના બાળકો પર નિયંત્રણ નથી. આરોપીઓ - અમર સંતીષ ગાયકવાડ (કથિત વચેટિયો), આદિત્ય અવિનાશ સૂદ અને આશિષ સતીષ મિત્તલ (કારના બે અન્ય કિશોરોના માતા-પિતા) - ૧૮ મહિનાથી કસ્ટડીમાં હતા. ખંડપીઠે તેમને જામીન આપ્યા હતા. (પીટીઆઈ)

## મેટ્રિમોનિયલ વેબસાઈટ પર મુલાકાત પછી યુવાન સાથે ૩૪ લાખની છેતરપિંડી

થાણેઃ મેટ્રિમોનિયલ વેબસાઈટ પર મુલાકાત પછી મિત્રતા કરી નયુવતીથએ છેતરામણી સ્કીમમાં રોકાણ કરવા લલચાવીને થાણેના યુવાન સાથે ૩૪ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરી હતી.

૩૦ વર્ષના યુવાને કાપૂરબાવડી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર એક જાણીતી લગ્ન સંબંધી વેબસાઈટ પર યુવાન અર્ચના ગોવડાના સંપર્કમાં આવ્યો હતો. આરોપીની પૂર્ણ ઓળખ અને સરનામાની અત્યારે જાણ નથી, પણ ફરિયાદીએ તેની સાથે પોતાનો મોબાઈલ નંબર શૅર કર્યો હતો. બન્ને એકબીજાના સંપર્કમાં આવ્યા પછી યુવતીએ ફરિયાદી સાથે નસંબંધથ વિકસાવવામાં રસ દાખવ્યો હતો.બાદમાં ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫થી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન આરોપીએ એક વેબસાઈટ લિંક મારફત ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવા પર ઊંચા વળતરની ખાતરી આપી ફરિયાદીને રોકાણ કરવા લલચાવ્યો હતો. આરોપીની જાળમાં સપડાયેલા ફરિયાદીએ ૩૪.૧૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે પછીથી ફરિયાદીને જાણ થઈ હતી કે એ ઈન્વેસ્ટમેન્ટ પ્લૅટફોર્મ બનાવટી હતું અને તેની સાથે ૩૪.૧૦ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે ફરિયાદને આધારે મંગળવારે કાપૂરબાવડી પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસ જે બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર થયાં હતાં તેની વિગતો પ્રાપ્ત કરી વધુ તપાસ કરી રહી છે.

છેલ્લા પાનાનું ચાલુ

### સ્થાયી અને શિક્ષણ સમિતિ

સોમવારે ચારેય સમિતિના સભ્યોની જાહેરાત કરવામાં આવી હતી. એ બાદ બુધવાર, ૧૮ ફેબ્રુઆરીના સ્થાયી, સુધાર, શિક્ષણ તથા બેસ્ટ સમિતિના અધ્યક્ષ પદ માટેની ઉમેદવારી દાખલ કરવામાં આવી હતી. શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરીના સમિતિના અધ્યક્ષ પદની ચૂંટણી થવાની છે. શિવસેના (ઠાકરે) વિરોધ પક્ષે સામે કોઈ ઉમેદવારી નહીં દાખલ કરવાની જાહેરાત કરતા ચારેય સમિતિના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવશે.

ભાજપે સ્થાયી સમિતિ માટે મુલુંડના નગરસેવક અને ભૂતકાળમાં સંયુક્ત શિવસેનામાં રહી ચૂકેલા પ્રભાકર શિંદેને ઉમેદવારી આપી છે. સ્થાયી સમિતિને પાલિકાની તિજોરીની ચાવી માનવામાં આવે છે. મહત્ત્વના વિકાસને લગતા કરોડો રૂપિયાના પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂર થતા હોય છે. તેથી સ્થાયી સમિતિના અધ્યક્ષ પદ મેળવવા માટે અનેક સિનિયિર નગરસેવકો વર્ષોથી રાહ જોતા હોય છે. તેમાં આ વખતે ભાજપે પ્રભાકર શિંદેને આ તક આપી છે. સ્થાયી સમિતિમાં કુલ ૨૬ સભ્ય હોય છે. ભાજપ પાસે બહુમતી હોવાથી તેના ૧૦ સભ્યો સમિતિમાં હશે. દસ સભ્યોમાં મકરંદ નાર્વેકર, પ્રકાશ દરેકર અને પ્રભાકર શિંદે અનુભવી નગરસેવકો છે. અગાઉ સ્થાયી સમિતિના અધ્યક્ષ પદે મકરંદ નાર્વેકરનું નામ ચર્ચાઈ રહ્યું હતું પણ તેમના સહિત તેમના બહેન અને ભાભી પણ નગરસેવિકા છે. તો તેમના ભાઈ રાહુલ નાર્વેકર વિધાનસભાના સ્પીકર છે. એક જ પરિવારના ચાર લોકો રાજકરણમાં હોવાથી અને પરિવારમાં ત્રણ-ત્રણ નગરસેવકો હોવાથી પહેલા જ ટીકા થઈ રહી હતી તેમાં જો તેમને સ્થાયી સમિતિના અધ્યક્ષ પદે બેસાડવામાં આવ્યા હોત તો તેમને ભારે ટીકાનો સામનો કરવો પડયો હોત. તેથી તેમણે પ્રભાકર શિંદે પર પસંદગી કરી હોવાનું માનવામાં આવે છે.

તો શિક્ષણ સમિતિ માટે રાજેશ્રીને ઉમેદવારી આપી છે. શિક્ષણ સમિતિમાં ૨૨ સભ્ય હોય છે, તેમાંથી ચાર નોમિનેટેડ સભ્ય હોય છે. બેસ્ટ સમિતિના અધ્યક્ષ પદ શિંદે સેનાના તૃષ્ણા વિશ્વાસરાવ અને સુધાર સમિતિના અધ્યક્ષ પદે સંધ્યા દોશીને ઉમેદવારી આપવામાં આવી છે. બેસ્ટ ઉપક્રમની હાલત છેલ્લા અનેક વર્ષોમાં ખખડી ગઈ છે. તોટામાં રહેલી બેસ્ટ ઉપક્રમ પર હજારો કરોડનું દેવું છે. નવા ચૂંટાયેલા અધ્યક્ષ પર બેસ્ટ ઉપક્રમને ખોટમાંથી બહાર કાઢવું અને બેસ્ટ કર્મચારીઓની વર્ષો જૂની માગણીઓ કેવી રીતે પૂરી કરવી તેની જવાબદારી રહેશે.

### ‘જય હો’નું એલાર્મ

આ સંગીતે બ્રીચ કેન્ડી વિસ્તારના રહેવાસીઓને હેરાન કરી દીધા છે.

સ્થાનિક લોકોએ ફરિયાદ કરી છે કે સતત સંગીત આ વિસ્તારની શાંતિને ખલેલ પહોંચાડી રહ્યું છે અને વરિષ્ઠ નાગરિકોને ભારે અસુવિધા થઈ રહી છે. એવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે કે રસ્તા પર વાગતું સંગીત વાહનચાલકોનું ધ્યાન ભંગ કરી શકે છે અને અકસ્માતોનું કારણ બની શકે છે. વહેલી સવાર થી મોડી રાત સુધી આ ‘લાઈવ કોન્સર્ટ’ ચાલે છે, તો અમારે સૂવાનું ક્યારે? ગાડીઓ સતત દોડતી રહે છે અને ગીતો સતત વાગી રહ્યા છે; આ અનુભવ અમારા માટે ‘સાઉન્ડ ઓફ સ્ટ્રેસ’ બની રહ્યો છે!, એમ બ્રીચ કેન્ડી રેસિડેન્ટ્સ એસોસિયેશને જણાવ્યું હતું.

આ ફરિયાદ બાદ બ્રીચ કેન્ડીના રહેવાસીઓના સંગઠનોએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મ્યુનિસિપલ કમિશનરને પત્ર મોકલ્યો છે. બીજી તરફ ભૂતપૂર્વ સાંસદ રાહુલ શેવાળેએ રહેવાસીઓના દાવાઓને ફગાવી દેતા દાવો કર્યો છે કે, આ અવાજ ઇમારતો સુધી પહોંચતો નથી.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે શું કોસ્ટલ રોડ પર મ્યુઝિકનો આ પ્રયોગ ચાલુ રહેશે કે પછી રહેવાસીઓના દબાણને કારણે વહીવટીતંત્રે આ સંગીત બંધ કરવું પડશે?

### કાંદિવલી-ચારકોપમાં ‘ભૂકંપ’

મંજૂરી બાદ જ કામ ફરી શરૂ થશે. વર્સોવા-દહિસરને જોડનારો ૨૦ કિલોમીટર લાંબો કોસ્ટલ રોડ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહ્યો છે. મરીન ડ્રાઈવથી બાન્દ્રા-વરલી સી લિંકના વરલી છેડા સુધીનો પહેલા તબક્કામાં બનાવેલો કોસ્ટલ રોડ પહેલાથી જ કાર્યરત છે. જ્યારે બીજા તબક્કામાં શહેરને પશ્ચિમ ઉપનગર સાથે જોડવામાં આવવાનો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વર્સોવા અને કાંદિવલીમાં હજારો વૃક્ષોને અસર થવાની હોવાથી પહેલા પણ તેની સામે વિવાદ થયો હતો. હવે એક નવી સમસ્યા ઊભી થઈ છે, જેમાં ૧૧ ફેબ્રુઆરીના પાઈલિંગના કામ દરમ્યાન બિલ્ડિંગમાં ભૂકંપ સમયે આંચકા આવે તેવી ધ્રુજારી થતા ચારકોપ સેકટર આઠમાં કામ સામે સ્થાનિક નાગરિકોએ વિરોધ કર્યો હતો. સ્થાનિક વિધાનસભ્યની દરમ્યાનગિરીથી કામ તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યું હતું. બુધવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં અનેક માગણી કરવામાં આવી હતી જેમાં કામ શરૂ કરતા પહેલા સ્થાનિક રહેવાસીઓને પ્રોજેક્ટ અને તેની અસર વિશે યોગ્ય જાણ કરવામાં આવે. તેમ જ નજીકની તમામ બિલ્ડિંગનું વીજેટીઆઈ તથા આઈઆઈટીના નિષ્ણાતો દ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવે. સુરક્ષા અને સલામતીની તમામ તકેદારી રાખવામાં આવે. કામના ઈન્સ્પેકશન માટે એક જવાબદાર અધિકારીની નિમણૂક કરવામાં આવે. પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું કે કામ શરૂ કરતા પહેલા અહીં વિસ્તારનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. અલગથી ચકાસણી કરવાની માગણી મુજબ વીજેટીઆઈ નિષ્ણાતો નજીકની બિલ્ડિંગ પર થતી કોઈ પણ પ્રકારની અસરનો અભ્યાસ કરશે.

રહેવાસીઓની સુરક્ષા માટે તમામ જરૂરી સાવચેતી લેવામાં આવે તેની પૂરતી કાળજી પાલિકા લેશે. તેમ જ ધૂળને નિયંત્રણમાં રાખવા માટે ૧૫ ફૂટની પ્રોટેક્ટની શીટ બેસાડવામાં આવશે. કામનું નિરીક્ષણ કરવા માટે એક જવાબદાર અધિકારીની નિમણૂક કરવામાં આવશે. વીજેટીઆઈ દ્વારા સાઈટ પર ઈન્સ્પેકશન કરવામાં આવશે અને તેમની લીલી ઝંડી મળ્યા બાદ જ કામ ફરી શરૂ થશે.

### દસમા અને બારમાના પેપર

અને ઝડપી બનાવવા માટે બોર્ડ ‘આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ’ (એઆઇ) આધારિત ઓનલાઇન મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યું છે. આ સંદર્ભમાં રાજ્ય બોર્ડે એક વિગતવાર દરખાસ્ત તૈયાર કરી છે અને તે અંતિમ મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલી આપવામાં આવી છે.

હાલમાં રાજ્યભરમાં લગભગ ૧૫,૦૦૦ કેન્દ્રો પર દસમા અને બારમાની પરીક્ષાઓ લેવામાં આવે છે. દરેક પરીક્ષા પછી ઉત્તરવહીઓ રૂબરૂમાં એકઠી કરવામાં આવે છે અને તેને શિક્ષકોમાં વહેંચવામાં આવે છે. ત્યારબાદ મોડરેટર અને ચીફ મોડરેટર ફરીથી તેની તપાસ કરે છે.

આ પ્રક્રિયામાં અનેક તબક્કાઓ, વ્યવસ્થાપન, પડકારો, વધુ ખર્ચ તેમજ માનવીય ભૂલો અને અનિયમિતતાનું જોખમ રહેલું હોય છે.

મહારાષ્ટ્ર રાજ્ય બોર્ડના કાર્યકારી અધ્યક્ષ નંદકુમાર બેડસેએ જણાવ્યું હતું કે, બોર્ડ પરીક્ષાના પેપરના મૂલ્યાંકનમાં વધુ નિષ્પક્ષતા અને પારદર્શિતા લાવવા માટે આ મોડેલ પર વિચાર કરી રહ્યું છે.

આ દરખાસ્ત વિચારણા હેઠળ હોવા છતાં શિક્ષણ વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

જો મંજૂરી આપવામાં આવે તો આ નિર્ણય મહારાષ્ટ્રના પરીક્ષા મૂલ્યાંકન માળખામાં મોટો ફેરફાર લાવશે. નિષ્ણાતોના મતે જો આ ફેરફાર કરવામાં આવે તો મહારાષ્ટ્ર બોર્ડની પરીક્ષા પદ્ધતિ વધુ હાઇટેક અને વિશ્વસનીય બનશે.

## જૈન મરણ

**ઝાલાવાડી મૂર્તિપૂજક જૈન**

જોરાવરનગર નિવાસી હાલ ચેમ્બુર સ્વ. કાંતાબેન ચંદુલાલ શાહના સુપુત્ર સ્વ. જીતેન્દ્રકુમાર ચંદુલાલ શાહના ધર્મપત્ની મીનાક્ષીબેન (ઉં. વ. ૭૬) તે કાર્તિક અને પારસના માતુશ્રી. તે ફાલ્ગુની, શુભાંગીના સાસુ. અર્ચિત, જૈશીલના દાદી. પ્રતાપભાઈ, સ્વ. પિયુષભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. વિમળાબેન, સુરેખાબેન, સ્વ. સ્મિતાબેન, વીણાબેનના ભાભી. સ્વ. શાંતાબેન હિંમતલાલ શાહના દીકરી તા. ૧૭-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા ગુરુવાર, તા. ૧૯-૨-૨૬ના ટાઇમ ૩ થી ૫. સ્થળઃ આનંદમંગલ હોલ, હિંગવાલા લેન ઉપાશ્રય, ઘાટકોપર-ઈ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોબા (ઉદવાડા) નિવાસી હાલ મુલુંડ સ્વ. જયંતીલાલ જગજીવનભાઈ શાહના સુપુત્ર નરેશભાઈ (ઉં. વ. ૬૨) તે જાગૃતિબહેનના પતિ. કેવલ, હિતના પિતાશ્રી. તન્વીના સસરા. રાકેશ, અલ્પેશ, હર્ષાબેનના ભાઈ. તે નગીનદાસ મગનલાલ શાહ (રંઘોળાવાળા, હાલ મલાડ)ના જમાઈ અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા રાખેલ છે. તા. ૧૯-૨-૨૬ ગુરુવાર બપોરના ૩ થી ૫. સ્થળઃ કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, ૧લે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પ્રભાવતીબેન ચંપકલાલ શાહ (ઉં. વ. ૮૩) તા. ૧૭-૨-૨૬ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે શાહ ખીમચંદ ત્રિભોવનદાસ ઈટાળીયાવાળાના સુપુત્ર. શાહ ચંપકલાલ ખીમચંદના ધર્મપત્ની. શાંતિભાઈ, ગંભીરભાઈ, અનોપચંદભાઈ તથા જયાબેન મનસુખલાલ શાહ કેરીયાવાળાના ભાઈના પત્ની. તે પ્રીતિબેન દિપકકુમાર દોશી, હર્ષાબેન રાકેશકુમાર શાહ, મીનાબેન રાજેશકુમાર શાહ, જિગ્નેશ, નૈનેશના માતુશ્રી. વિભૂતિ, અમીના સાસુ. પિયર પક્ષ હઠીચંદ માધવજી સલોત કંથારીયાવાળાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે. રે. ઠે.ઃ ૧૩૦૧, અપના દેશ કો.ઓપ. સોસાયટી, કેદારમલ રોડ, સુભાષ લેનની નજીક, પેઠેનગર, મલાડ ઈસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મૂળ નિવાસી સાયલા (હાલ કાંદિવલી), ગં. સ્વ. રુપલબેન પ્રફુલભાઈ શાહ (ઉં.વ. ૬૩) તા. ૧૮-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રફુલભાઈ રમણીકલાલ શાહના ધર્મપત્ની. સ્વ. લલીતાબેન રમણીકલાલ શાહના પુત્રવધૂ. કેયુર, જીનલ તથા રુચીના માતુશ્રી. જયા, સમર્થ, સંજયના સાસુ. ગં. સ્વ. નયનાબેન પરેશકુમાર શાહના ભાભી. સ્વ. અનસૂયાબેન મુકુંદરાય મહેતાના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૬, શુક્રવારના રોજ ૪થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસ. વી. રોડ, પારેખનગર, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

નરેડીના શ્રી દિનેશ દેવજી શાહ (વિકમાણી) (ઉં.વ. ૬૫) તા. ૧૭-૨-૨૬ના અવસાન પામેલ છે. નરેડી સ્વ. વાલબાઇ દેવજીના પુત્ર. ચંચલબેનના પતિ. મીતેશ, પ્રિયાના પિતા. મણીલાલ, જયંતીલાલ, રમેશના ભાઇ. ગઢશીશા સ્વ. લક્ષ્મીબેન હીરજી માણેકના જમાઇ. પ્રા. : શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. શ્રી કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. :૨થી ૩.૩૦. નિ. : દિનેશ શાહ, એફ-૨૦૨, વર્ધમાન નગર, ડો. આર.પી. રોડ, મુલુંડ (વે).

શેરડીના ડો. મંજુલા શાહ (ઉં.વ. ૮૭) તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના દેહ પરિવર્તન થયેલ છે. સ્વ. કંકુબેન સ્વ. વેલજી આસુના પુત્રી. સ્વ. મનહર વેલજીના મોટા બેન. ઘેલા કેશવના પૌત્રી. નાના રતાડીયાના જેઠીબાઈ વીરજી રાયશીના દોહિત્રી. સ્મરણાંજલિ સભા : ગુરૂવાર, તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬, સમય : સાંજે ૪ કલાકે. સ્થળ : શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી મહાજનવાડી, ૭૦/૮૦, ડો.આંબેડકર રોડ, ચીંચપોકલી ખાતે. નિવાસ : ડો. મંજુલા શાહ : સાઈ દર્શન, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લેટ નં. ૧, ૯૯ ઓગસ્ટ ક્રાંતી માર્ગ, શીવ સાગર હોટેલની બાજુમાં, કેમ્પ્સ કોર્નર, મું.૨૬.

નાના ભાડીયાના બા.બ્ર. સુશીલાબેન મારૂ (ઉં.વ. ૭૭) તા. ૧૬/૨/૨૬ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી દેવકાબેન દેવજી ખેતશી મારૂના સુપુત્રી. ભુજપુર મધુબેન મોણશી, નાના આસંબીયા વાસંતી રતીલાલ, કાંડાગરા વંદના વંસતના બેન. બિદડા શીવજી સાંગણના દોહિત્રી. અમૃતલાલ, કોડાય મણીબેન મેઘજી, બિદડા બેબીબેન પોપટલાલના ભાણેજી. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન, દેહદાન કરેલ છે. મધુબેન મોણશી, ૨૦ શાહભૂવન, કાર્ટર રોડ નં.૧, બોરીવલી-ઇ.

**સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી, હાલ મીરા રોડ, સ્વ. નવલકુંવર ઓતમચંદ અવલાણીના પુત્ર વિનોદરાયના ધર્મપત્ની અ.સૌ. આશાબેન (ઉં.વ. ૬૯) તા. ૧૭-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઈલા, જતીનના માતુશ્રી. મોટાભાઈ મહેન્દ્રભાઈ, નાનાભાઈ પ્રફુલભાઇ, સ્વ. ભરતભાઈના ભાભી. સ્વ. કંચનબેન હેમાણી, કંચનબેન (નાનીબેન) કોઠારી, સ્વ. મંજુબેન વોરા, સ્વ. કોકીલાબેન અજમેરા, જ્યોતિબેન અજમેરા, રૂપાબેન મેહતા, દિવ્યાબેન ગોઢાના ભાભી. બા.બ્ર. ધર્મેન્દ્ર ઋષિના સંસારપક્ષે ભાભી અરિહંતશરણ પામેલ છે. પિયરપક્ષે જેતપુર નિવાસી સ્વ. રતિલાલ શામળદાસ કામદારના સુપુત્રી. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

થાનગઢ નિવાસી, સ્વ. સુરજબેન છોટાલાલ દેવશીભાઇ દોશીના પુત્ર ચંદ્રકાંત (ઉં.વ. ૯૧) ૧૭/૨/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નયન, પંકજ-સોનલ, માયા પંકજ, સીમા રાજેશ, ડિમ્પલ પરેશના પિતા. સ્વ. નવીનચંદ્ર, અતુલભાઈ, સ્વ. પુષ્પાબેન, સ્વ. સુશીલાબેનના ભાઈ. શિયાણી નિવાસી મોહનલાલ જીવણભાઈ ડેલીવાલાના જમાઈ. રીમા, જીમિત, જીલ, જીનાલી, હાર્વી, ઋષભ અક્ષય, નિશિતા, આકાશ ધરાના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિજાપુર વિસા ઓસવાલ જૈન**

વિજાપુર નિવાસી હાલ કાંદિવલી, મુકેશભાઈ કલ્યાણભાઈ શાહ (ચોકસી) (ઉં.વ. ૫૮) તા. ૧૭-૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે કૈલાસબેન કલ્યાણભાઈ શાંતિલાલ શાહના સુપુત્ર. રૂપલના પતિ. અભિષેક, અક્ષતના પિતા. સોનાલી, નિધિના સસરા. સુમિત્રાબેન સારાભાઈ શંકરલાલ શાહના જમાઈ. સ્વ. દીપક, દુષ્યંત અને પૂનમના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૬ના શુક્રવાર સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સ્થળઃ એન.એલ. હાઈસ્કૂલ કમ્પાઉન્ડ, જગમોહનદાસ ગોકુલદાસ મેમોરિયલ હોલ, સપના હોટેલની સામે, એસ.વી. રોડ, મલાડ પશ્ચિમ.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ભાભાના પાડાનાં, હીનાબેન વિજયભાઈ શાહના સુપુત્ર પંકિત (ઉં.વ. ૩૯) તે પુજાના પતિ. ધ્વિરનાં પિતા. રચિતના ભાઈ. સુરભીનાં જેઠ. કુંજબાળાબેન નવનીતભાઈ ચંદુલાલ શાહના પૌત્ર. વખતજીની શેરીના હેમંતભાઈ રસિકલાલ શાહનાં જમાઈ. તા. ૧૭/૨/૨૬ મંગળવારનાં અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એડ્રેસ : નીલમણી બીલ્ડીંગ બાપુભાઈ વશી રોડ, વિલેપાર્લે વેસ્ટ.

## હિન્દુ મરણ

સ્વ. સરોજબેન અનંતરાય કક્કડ, તે સ્વ. અનંતરાય દલસુખભાઈ કક્કડના ધર્મપત્ની તથા મુકેશભાઈ તથા નિલેશભાઈના માતૃશ્રી. વર્ષાબેન, રેખાબેન, નિતાબેનના માતૃશ્રી. સ્વ. છોટાલાલ ગોરધનભાઈ ખીમાણી ગોંડલના પુત્રી. ચંદુલાલ દલસુખભાઈ કક્કડના ભાભી. તા. ૧૮-૨-૨૬ના અવસાન થયેલ છે. બેસણું તા. ૧૯-૨-૨૬ને ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૫.૩૦. પીયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. સ્થળઃ પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, રાજકોટ.

**ઘોઘારી મોઢ વણિક**

ઘાટકોપર નિવાસી સ્વ. અનિલભાઈ એમ. શાહના ધર્મપત્ની ગં. સ્વ. જયોતિબેન અનિલભાઈ શાહ તા. ૧૫-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. રાયચંદભાઈ તથા શાંતાબેન પરીખના સુપુત્રી. તે સ્વ. શ્રીકાંતભાઈ તથા વિનયભાઈના ભાભી. ચિ. મનીષ, દિપ્તી અને શીતલના માતુશ્રી. સંજયભાઈ, પીયુષભાઈના સાસુ. ચિ. પલક, વત્સલના નાની. પિયર પક્ષે સ્વ. ચંદ્રકાંતભાઈ, મધુસુદનભાઈ, સ્વ. વિણાબેન, ભારતીના બેન. પ્રાર્થનાસભા બ્રાહ્મણ સમાજ હોલ, રામજી આસર સ્કૂલની સામે, જોષી લેન, ઘાટકોપર ઈ. તા. ૧૯-૨-૨૬ના સાંજે ૫ થી ૭.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. નિતીનભાઈ દેસાઈ (નાગર) (ઉં. વ.૮૧) તે સ્વ. નટવરલાલ તથા પુષ્પાબેનના પુત્ર. સ્વ. ચીમનલાલ તથા ચંદનબેનના જમાઈ. રાકેશ, અમી તથા શિલ્પાના પિતાશ્રી. સોનાલી, જિગ્નેશ, અને નિમિષના સસરા તા. ૧૭-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૬ના ગુરુવારે ભારતીય વિદ્યાભવન, ચોપાટીમાં સમય ૫.૩૦ થી ૭.૩૦. બધી લૌકિક પ્રથા બંધ છે.

**સુરતી લાડ વણીક**

ઝરણાબેન જવાહરભાઈ દલાલ (ઉં.વ. ૮૦) તા. ૧૭-૨-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જવાહર રતનલાલ દલાલના ધર્મપત્ની. દર્શન, આરતી, પુજાના માતા. સંધ્યા અને સંદીપના સાસુ. દેવિયાનીના દાદી. અરનવ અને અનુજાના નાની. સ્વ. બાબુભાઈ પી. શેઠ તથા સ્વ. શાંતાબેનના સુપુત્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૬, ગુરુવારે સાંજે ૫.૩૦થી ૭ રાખેલ છે. ઠે. લક્ષ્મી પ્રભા બિલ્ડીંગ, મ્યુનિસિપલ સ્કૂલની સામે, દાઉદબાગ રોડ, અંધેરી (પશ્ચિમ).

**હાલાઈ લુહાણા સમાજ**

કાંતાગૌરી શિવલાલ કારીયા તે સ્વ. શિવલાલ ત્રિભોવનદાસ કારીયાના ધર્મપત્ની તા. ૧૮-૨-૨૬ના રોજ અક્ષરવાસી થયેલ છે જેઓ સ્વ. શિવલાલ જોબનપુત્રા (સુરેન્દ્રનગર)ના પુત્રી. મહેન્દ્રભાઈ શિવલાલ કારીયા, બ્રિજેશભાઈ શિવલાલ કારીયા, દર્શનાબેન, ગીતાબેન, ભારતીબેન, જાસ્મીનાબેનના માતુશ્રી. સ્મિતાબેન, આરતીબેન, સ્વ. ચંદ્રકાન્ત રાચ્છ, નવીનચંદ્ર મોદી, દિપકકુમાર કાછેલા, અલ્પેશકુમાર ગુડગુડના સાસુમા. ભક્તિ, નિકુંજ, દ્રષ્ટિ, રુદ્રના દાદી. પ્રાર્થનાસભા પિયરપક્ષની સાથે રાખેલ છે. તા. ૧૯-૨-૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪ વાગ્યાથી ૬. ઠે. હરિનામ મંદિર, એસ. એમ. રોડ, એશિયન બેકરીની પાસે, ઈરાનીવાડી, કાંદિવલી વેસ્ટ.

**પ્રશ્નોરા નાગર**

બિલખા નિવાસી, હાલ ઘાટકોપર સ્વ. મોહનલાલ અંદરજી-વિજયાલક્ષ્મી મેહતાના સુપુત્ર જવાહરભાઈ (ઉં.વ. ૯૫) તે ગિરધરલાલ-નર્મદાબેન વ્યાસના જમાઈ તા. ૧૫-૨-૨૬ના રોજ કૈલાસવાસ પામેલ છે. સ્વ. જયેન્દ્રબાળાના પતિ. પ્રકાશ-નિપા, નયના-ધનરાજ, મિહિર-હીના, માલિની-મહેશના પિતા. મનન-પ્રિયંકા, પાયલ-મોનીષ, જિયાન્ના, નિરાલી-અમાઈરા, સાર્થક-પૂજા-અર્જુન, જય-અદિતિ-ઝીવા, માનસી-પૂરવ, વિરેનના દાદા. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વીસા સોરઠીયા વણિક**

ગામ કોડીનાર હાલ કાંદિવલી, ગં.સ્વ. ઉષાબેન અમૃતલાલ શાહ (જશીબેન) (ઉં.વ. ૯૧) તા. ૧૫/૨/૨૬ને રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અમૃતલાલ માણેકચંદ દવાવાળાના ધર્મપત્ની. સ્વ. મનુભાઈ, સ્વ. વિમળાબેન, સ્વ. બાબાભાઈ, સ્વ. ગુણીબેન, રોહિતભાઈ, સ્વ. અરૂણાબેનના ભાભી. વેણીબેન હરજીવનદાસ, સ્વ. જયાબેન રતિલાલ, ગં.સ્વ. નિર્મળાબેન તારાચંદ, સૂર્યકાંત દુલ્લભદાસ, ગં.સ્વ. તરૂબેન જયંતિલાલ, વસુબેન મહેશકુમાર, જયપ્રકાશ દુલ્લભદાસ, જયશ્રી શશિકાંત, નયના મુકેશ, મિતા યોગેશના બહેન. પ્રાર્થનાસભા તા. ૧૯/૨/૨૬ને ગુરુવારના ૫.૩૦ થી ૭.૦૦. સ્થાન : ૪૦૩, નીલેશ્વર બિલ્ડિંગ, મ્યુરિન સ્ટ્રીટ, એમ. જી. રોડ, નિર્મલ કોલેજ અને વોહરા કોલોનીની બાજુમાં, કાંદિવલી વિલેજ, કાંદિવલી વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

શિહોર નિવાસી હાલ ભાયંદર, ગં.સ્વ. મધુબેન કેશવલાલ દવેના પુત્ર ગુણવંતભાઈ (ઉં.વ. ૬૨) ૧૬/૨/૨૬ના કૈલાશવાસી થયેલ છે. તે બેલાબેનના પતિ. ધ્વનિના પિતા. સ્વ. દિનકરરાય, સ્વ. કનૈયાલાલ, મનહરભાઈ, સ્વ. રામશંકરભાઈ, સુરેશભાઈ, નિર્મળાબેન તથા સ્વ. કોકિલાબેનના ભાઈ, સ્વ. વિક્રમભાઈ રમણલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા નીમા વણિક**

બાલાસિનોર હાલ મુંબઈ, ગં.સ્વ. શોભનાબેન કિશોરભાઈ કડકિયા (ઉં.વ. ૮૧) ૧૭/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કિશોરભાઈના ધર્મપત્ની. કવિતા તથા મનીષાના માતુશ્રી. સુકેતુ તથા દિપાલીના સાસુ. સ્વ. તારાબેન કાંતિલાલ દેસાઈના દીકરી. હર્ષિત, તનુશ્રી, રાચી, તુલસી તથા ચૈતન્યના બા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક જ્ઞાતિ**

ગં.સ્વ. માલતીબેન પ્રતાપરાય મહેતા (ઉં.વ. ૮૧) તા. ૧૫-૨-૨૬ રવિવારના બોરીવલી શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નિલેશ, કૈશિક, સંજીવના માતુશ્રી. ભાવના, જ્યોતિના સાસુ. ખુશ્બુ વિરલકુમાર, ધ્રુમિલ, ફોરમના દાદી. પિયરપક્ષ સ્વ. મુળજીભાઈ માવજીભાઈ પારેખની દીકરી. બેસણું તા. ૧૯-૨-૨૬ને ગુરુવારે બપોરે ૪ થી ૬. સ્થળઃ શ્રીગુરુનાનક દરબાર (ગુરૂદ્વારા) સાંઈબાબા નગર બોરીવલી વેસ્ટ.

**રામાનંદી સાધુ**

ઈંગરોડી નિવાસી હાલ કાંદીવલી, સ્વ. લાભુબેન પીતાંબરદાસ આચાર્ય (ઉં.વ. ૮૯) તા. ૧૭-૨-૨૬ મંગળવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. પીતાંબરદાસ હરિરામ આચાર્યના ધર્મપત્ની. પ્રવિણાબેન, દિલીપભાઈ, નયનાબેન અને દિનેશભાઈના માતુશ્રી. બ્રિન્દા, રોનીત અને રુચિના દાદી. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૯-૨-૨૬ સાંજના ૪ થી ૬. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી વણિક**

ઉરણ નિવાસી હાલ રેવસ, સ્વ. શીલાબેન ઇન્દ્રવદન શાહના સુપુત્ર હિતેશ ઇન્દ્રવદન શાહ (ઉં.વ. ૫૫) તા. ૧૪/૨/૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. કિરણના ભાઈ. સ્વ. નલિનીબેન અરવિંદકુમાર શાહ અને પુષ્પાબેન પ્રવીણભાઈ મહેતાના ભત્રીજા. સ્વ. ભરતભાઈ, સ્વ. કોકિલાબેન પ્રતાપરાય શેઠ, સ્વ. નીલાબેન ભુપતરાય મોદી તથા અજય કાંતિલાલ શાહના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

મુંબઈ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. બિપિનચંદ્ર શાહના પત્ની, ગં.સ્વ. હેમાબેન શાહ (ઉં.વ. ૮૦) સોમવાર, તા. ૧૬/૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયંતિલાલ પોપટલાલ શાહના સુપુત્રી. હિમાંશુભાઈ અને આરતીબેનના માતા. હેતલબેન અને અમિતભાઈના સાસુ. મનોજભાઈના કાકી. દેવમ, શ્રેયના દાદી - નાની. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૯/૨/૨૬ના ૫.૦૦ થી ૭.૦૦. સરનામું : પાંચમો માળ, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય) પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ કાંદિવલી, ઊર્મિલાબેન અરુણભાઈ મેહતાના પૌત્ર જ્યોતિ પરાગ મેહતાના પુત્ર, પુષ્ટિના ભાઈ, વૈશાલી પ્રેમલકુમાર મોદીના ભત્રીજા વિરાજ (ઉં.વ. ૨૭) તા. ૧૫/૨/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. મોસાળપક્ષ તરેડવાળા ગં.સ્વ. હંસાબેન હરકિશનદાસ નંદલાલ સંઘવીના દોહિત્ર. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૯/૨/૨૬ના ૫ થી ૭. સ્થળ : ઠક્કર ભાટિયા હોલ નં.૫ શંકરગલી કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ વણિક**

સિહોર નિવાસી હાલ ગોરેગાંવ, ગમનબેન ત્રિભુવનદાસ વોરાના સુપુત્રી ગં.સ્વ. ભારતીબેન કોઠારી (ઉં.વ. ૭૯) તા. ૧૫-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મૂળરાજ કોઠારીના ધર્મપત્ની. અસ્મિતા અને સ્વ. પ્રિતેશ કોઠારીના માતા. ઉદય ભાટ અને સ્વ. કાનન કોઠારીના સાસુ. સિદ્ધાંત કોઠારીના દાદી. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ બગસરા હાલ મલાડ, સ્વ. ડાહીબેન વલ્લભદાસ જોગીના સુપુત્ર જયંતીલાલ (ઉં.વ. ૭૨) તા. ૧૫-૨-૨૬ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે કપિલાબેનના પતિ. સિદ્ધાર્થ, પરેશ તથા સ્વાતિના પિતાશ્રી. અજય નિર્મળ, ફાલ્ગુની અને જયશ્રીના સસરા. સ્વ. મનુભાઈ, સ્વ. નર્મદાબેન પડિયા, શારદાબેન ચંપકલાલ મર્થક, સ્વ. દમુબેન જગડના ભાઈ. કોષા, નિધિ, યેશા, અથર્વ, વૃષ્ટિના દાદા - નાના. પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૯-૨-૨૬ના સાંજે ૫ થી ૭. સ્થાન : મારૂતિ ટાવર, શાંતિ એપાર્ટમેન્ટ, નડિયાદવાલા કોલોની નં. ૧, એસ.વી. રોડ, મલાડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશાલાડ વૈષ્ણવ વણિક**

ચારુલતા રેશમવાળા (ઉં.વ. ૮૭) તે સ્વ. ભરતભાઈના પત્ની. રક્ષા, હિતેશ, વિરેનના માતા. પરેશભાઈ, હીના, પૂર્વીના સાસુ, ૧૭-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૯-૨-૨૦૨૬ના, સાંજે ૫ થી ૭. વિશ્વકર્મા બાગ હોલ, બજાજ રોડ, વિલે પાર્લે (૫.).

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ**

રાણપુર નિવાસી હાલ મુંબઈ, સ્વ. લાલજી મોતીલાલ પાટડિયાના સુપુત્ર ગૌતમભાઈ (ઉં.વ. ૮૪) તા. ૧૭/૯/૨૬ના મંગળવાર રોજ શ્રીજીચરણ પામેલા છે. તે પુષ્પાબેનના પતિ. સ્વ. વેલસીદાસ જીવરાજ પરમારના જમાઈ. સ્વ. હરગોવિંદભાઈ, પ્રતાપભાઈ, નિરંજનભાઈ તથા સ્વ. શારદાબેન ચંદુલાલ પરમાર, સ્વ. સુશીલાબેન ગુણવંતલાલ પરમાર તથા ગં.સ્વ. કુંદનબેન જયંતીલાલ ગોહેલના ભાઈ. હર્ષા, વિજય અને ભાવિનીના પિતાશ્રી. નીતાના સસરા. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મહારાષ્ટ્ર સરકાર દ્વારા નોકરીઓ અને શિક્ષણમાં પાંચ ટકા મુસ્લિમ અનામત રદ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે નોકરીઓ અને શિક્ષણમાં મુસ્લિમ સમાજના સભ્યોને આપવામાં આવતી પાંચ ટકા અનામત રદ કરી દીધી છે.

મંગળવારે આ અંગે એક સરકારી ઠરાવ (જીઆર) જારી કરવામાં આવ્યો હતો, કારણ કે પાંચ ટકા અનામત અંગેનો અગાઉનો વટહુકમ સમાપ્ત થઈ ગયો છે અને તે નિર્ણય પર કોર્ટનો વચગાળાનો સ્ટે છે.

અગાઉની કોંગ્રેસ-એનસીપી સરકારે મરાઠાઓને ૧૬ ટકા અને મુસ્લિમોને પાંચ ટકા અનામત આપવા માટે વટહુકમ જારી કર્યો હતો. નવા જીઆર મુજબ, ખાસ પછાત શ્રેણી (અ) હેઠળ સમાવિષ્ટ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત મુસ્લિમ સમાજ માટે સરકારી, અર્ધ-સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પાંચ ટકા અનામત સંબંધિત અગાઉના તમામ નિર્ણયો અને વટહુકમ રદ કરવામાં આવ્યા છે.

નવા આદેશમાં જણાવાયું છે કે સરકારે ૨૦૧૪ થી અગાઉના નિર્ણયો અને પરિપત્રો રદ કર્યા છે અને ખાસ પછાત શ્રેણીમાં મુસ્લિમોને જાતિ અને નોન-ક્રીમી લેયર પ્રમાણપત્રો આપવાનું બંધ કરી દીધું છે. (પીટીઆઈ)■

## વિપક્ષે રાજ્ય સરકારને ‘લઘુમતી વિરોધી’ ગણાવી

મુંબઈઃ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં મુસ્લિમો માટે પાંચ ટકા અનામત મહારાષ્ટ્ર સરકારે રદ કર્યા બાદ વિપક્ષે બુધવારે ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકારને લઘુમતી વિરોધી ગણાવી હતી.

રાજ્ય કોંગ્રેસ કાર્યકારી સમિતિના ભૂતપૂર્વ સભ્ય નસીમ ખાને આરોપ કર્યો હતો કે શાસક મહાયુતિ ગઠબંધને આવું પગલું ભરીને અન્યાય કર્યો છે. એનસીપી (એસપી)ના પ્રવક્તા ક્લાઈડ ક્રાસ્ટોએ કહ્યું હતું કે ભાજપ તેના સાથી પક્ષોના મુસ્લિમ નેતાઓને મહત્વ નથી આપતો. મહાયુતિમાં ભાજપ, એનસીપી અને શિવસેનાનો સમાવેશ થાય છે.

મુંબઈના તિલક ભવનમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં નસીમ ખાને કહ્યું કે મુસ્લિમ સમુદાયમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રદ કરવાનો નિર્ણય સાવ ખોટો હતો અને એને કારણે લઘુમતીઓ વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાવાની તકથી વંચિત રહેશે. ૨૦૧૪માં અગાઉની કોંગ્રેસ-એનસીપી સરકારે મુસ્લિમ અનામત આપતો વટહુકમ બહાર પાડ્યો હતો. આ અનામત ૨૦૧૪-૧૫ શૈક્ષણિક વર્ષ માટે લાગુ કરવામાં આવી હતી, પરંતુ ભાજપ સરકાર દ્વારા વારંવાર ખાતરી આપવા છતાં તેને ચાલુ રાખવામાં નથી આવી. ખાને વધુમાં આરોપ કર્યો હતો કે કોંગ્રેસની આગેવાની હેઠળની સરકાર દ્વારા શરૂ કરાયેલી લઘુમતીઓ માટે ઘણી કલ્યાણકારી યોજનાઓ બંધ કરી દેવામાં આવી હતી. તેમણે દાવો કર્યો હતો કે વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિમાં ઘટાડો કરવામાં આવ્યો છે, વાર્ષિક ૯૦ કરોડ રૂપિયાની જરૂરિયાત સામે માત્ર ૨૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. (પીટીઆઈ)■

### અજિતદાદાના મૃત્યુ બાદ ફાઈલો પર હસ્તાક્ષર

# લઘુમતી વિકાસ વિભાગના ડેપ્યુટી સેક્રેટરીની હકાલપટ્ટી

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અવસાન પછી ૭૫ શૈક્ષણિક સંસ્થાઓને કથિત રીતે ઉતાવળમાં લઘુમતી દરજ્જો આપવાના કેસમાં મહારાષ્ટ્ર સરકારના એક વરિષ્ઠ અધિકારીનું નામ જોડાયા બાદ તેમની હકાલપટ્ટી કરવામાં આવી હોવાનું અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંજૂરીઓ પર રોક લગાવ્યાના એક દિવસ પછી લઘુમતી વિકાસ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી મિલિંદ પદ્મનાભ શેણોય સામે કાર્યવાહી મંગળવારે કરવામાં આવી હતી. શેણોયને તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે, પરંતુ તેમને અન્ય કોઈ જવાબદારી નથી સોંપવામાં આવી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર પહેલું લઘુમતી પ્રમાણપત્ર ૨૮ જાન્યુઆરીએ બપોરે ૩.૦૯ વાગ્યે જારી કરવામાં આવ્યું હતું અને તે દિવસે સાત સંસ્થાઓને મંજૂરી મળી હતી. આગામી ત્રણ દિવસમાં કુલ સંખ્યા ૭૫ થઈ ગઈ હતી.

અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન અને લઘુમતી વિકાસ ખાતાનાં પ્રધાન સુનેત્રા પવારએ અગાઉ અધિકારીઓને આ મામલાની તપાસ કરવા અને જો કોઈ ખોટું કામ સાબિત થાય તો કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)■

# લોન માફીની જાહેરાત બજેટસત્રમાં નહીં?

મુંબઈઃ રાજ્યના બજેટ સત્રને થોડા દિવસો બાકી છે ત્યારે ખેડૂતોનું ધ્યાન બજેટમાં સરકાર શું જાહેરાતો કરશે તેના પર છે. કુદરતી આફતો, કૃષિ ઉત્પાદનોના ખાતરી આપતા ભાવનો અભાવ અને કૃષિ ક્ષેત્રમાં આફતોને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. પરિણામે કિસાન લોન માફીની જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં રાજ્યના પ્રધાન ચંદ્રકાંત પાટીલએ એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

રાજ્યના ખેડૂતો માટે એક તરફ દિલાસો આપનારા અને થોડા નિરાશાજનક સમાચાર આવી રહ્યા છે. રાજ્યના તબીબી શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આગામી બજેટ સત્રમાં ખેડૂત લોન માફીની કોઈ સત્તાવાર જાહેરાત નહીં કરવામાં આવે. કુળદેવી આઈ તુળજાભવનીના દર્શન માટે તુળજાપુરની મુલાકાત વખતે તેમણે મીડિયા સાથે વાતચીત કરી હતી.

ચંદ્રકાંત પાટીલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોની લોન માફી અંગે ખૂબ જ સકારાત્મક છે અને હાલમાં તે દિશામાં ઝડપથી કામ કરી રહી છે. જોકે લોન માફી અંગે સરકારના સકારાત્મક સંકેતો છતાં પાટીલે સ્પષ્ટતા કરી કે ટેકનિકલ કારણોસર આગામી બજેટ સત્રમાં આ જાહેરાત શક્ય નથી. નિયમો મુજબ, બજેટ સત્રમાં આવી જાહેરાત કરવા માટે કેટલીક ટેકનિકલ મર્યાદા હોવાથી આ સત્રમાં લોન માફીની જાહેરાત નહીં કરવામાં આવે. ■



# પીએમએફબીવાયનો એક દાયકો અને ખેડૂતોની સહનશીલતાનું ભવિષ્ય

- ડૉ. તપન સિંઘલ, એમડી અને સીઇઓ, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ (અગાઉ બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ તરીકે ઓળખાતી)

ભારત હંમેશાંથી એક કૃષિપ્રધાન અર્થવ્યવસ્થા રહ્યું છે. કરોડો પરિવારો માટે કૃષિ માત્ર રોજી-રોટીનું સાધન માત્ર નથી, પરંતુ એક વારસો છે, જે પેઢીઓથી આગળ ધપતો રહ્યો છે. આપણા દેશના વિકાસમાં ખેડૂતોની ભૂમિકા જેટલી મહત્ત્વપૂર્ણ છે, એ જ રીતે નાણાકીય સમાવેશની કોઈપણ બાબતમાં આપણી અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ એટલે કે, ખેડૂતોને કેન્દ્રમાં રાખવા સ્વાભાવિક છે. તેમ છતાં, જે લોકોને જળવાયુ અને આવકની અસ્થિરતાનો સૌથી વધારે સામનો કરવો પડે છે, તેમની પાસે જ સંરચિત નાણાકીય રિસ્ક કવર સૌથી ઓછું હતું. ઈન્શ્યોરન્સની દુનિયામાં, આપણે ઘણીવાર ‘પ્રોટેક્શન ગેપ’ વિશે વાત કરીએ છીએ. આ ગેપ ભારતીય કૃષિમાં એકદમ જ સ્પષ્ટ છે. ૨૦૧૬ પહેલાં, ક્રોપ ઈન્શ્યોરન્સને મોટાભાગે સુરક્ષા જાળને બદલે જટિલ, બેંક-સંચાલિત ઔપચારિકતા તરીકે જોવામાં આવતો હતો, પરંતુ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય) શરૂ થવાથી વિચારસરણીમાં બદલાવ આવ્યો છે.

પોતાના દસ વર્ષના સંચાલનમાં, પીએમએફબીવાય એ સ્કેલ અને આર્થિક અસર બંનેમાં વિશ્વના સૌથી નોંધપાત્ર કૃષિ જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમોમાંથી એક બની ગયો છે. આ સ્કીમનું યોગ્ય મહત્ત્વ એ આંકડાથી એકદમ બરાબર રીતે સમજાય છે, જે દર્શાવે છે કે, આ ભારતની કૃષિ સિસ્ટમને કેટલા ઊંડાણથી બદલે છે. માત્ર ૨૦૨૪-૨૫માં, ૨૩ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૪.૧૯ કરોડથી વધુ ખેડૂતોનો ઈન્શ્યોરન્સ કરવામાં આવ્યો હતો, જે ભારતના કૃષિ સમુદાયનો લગભગ એક-તૃતીયાંશ ભાગ છે, જેમણે પીએમએફબીવાય પર વિશ્વાસ મૂક્યો છે. આ સ્કીમની સૌથી મોટી ઉપલબ્ધિ એ છે કે આજે લગભગ ૫૫% ઈન્શ્યોર્ડ ખેડૂતોએ લોન લીધી નથી, જેનો અર્થ એ છે કે તેમણે સ્વેચ્છાએ સ્કીમમાં નોંધણી કરી છે, જે દર્શાવે છે કે, ખેડૂતો આ સ્કીમના વાસ્તવિક ફાયદા જુએ છે. માત્ર તેને લોનની જરૂરિયાત તરીકે નથી જોતા. પ્રોગ્રામનું જોખમ કવરેજ સમાન રીતે વ્યાપક છે. ૨૦૨૪-૨૫માં લાગુ કરવામાં આવેલ રાજ્યોમાં કુલ વાવણી વિસ્તાર (જીસીએ)નો લગભગ ૩૫% ભાગ ઈન્શ્યોરન્સ અંતર્ગત કવર કરવામાં આવ્યો છે, જેમાં અગાઉનાં વર્ષોની તુલનામાં નોંધપાત્ર વધારો છે. એકતરફ લગભગ ૮૫% નોંધાયેલ ખેડૂત નાના અને સીમાંત જમીન ધારકો છે, પીએમએફબીવાય દુનિયામાં સૌથી અસુરક્ષિત ખેડૂતોની સુરક્ષા કરનાર યોજનાઓમાં અગ્રેસર બની છે. આ માત્ર એક આંકડો નથી; આ સમાનતા અને સમાવેશ પર થયેલ પ્રભાવનું એક નિવેદન છે.

એટલું જ નહીં; મહારાષ્ટ્રમાં વિનાશક પૂર અથવા કર્ણાટકમાં દુષ્કાળ જેવી કુદરતી આફતોના સમયે, પીએમએફબીવાયએ પ્રાથમિક શોક ઍબ્સોર્બર એટલે કે સુરક્ષા ઢાલ તરીકે કાર્ય કર્યું. તમને જાણીને આશ્ચર્ય થશે કે સ્કીમની શરૂઆત થઈ ત્યારથી, ૧૦.૮૦ કરોડથી વધુ ખેડૂતોને ₹૧.૯૩ લાખ કરોડથી વધુના ક્લેઇમની ચુકવણી કરવામાં આવી છે. ■

# ફેસબુક સ્ટોરી જોઈ સોડિયમ નાઈટ્રિટના ઉપયોગથી પત્નીના પ્રેમીની હત્યા

### ઑનલાઈન મગાવેલું સોડિયમ નાઈટ્રિટ સ્પ્રાઈટમાં ભેળવીને આપ્યુંઃ ચાકુથી ગળું પણ ચીર્યુંઃ દંપતીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પત્નીના આડા સંબંધની જાણ થતાં પતિએ પત્ની સાથે જ મળી તેના પ્રેમીનું ઘાતકી રીતે કાસળ કાઢ્યું હોવાની ઘટના થાણે નજીકના મુંબ્રામાં બની હતી. ફેસબુક સ્ટોરી જોઈને ઑનલાઈન મગાવેલો સોડિયમ નાઈટ્રિટ પાઉડર કોલ્ડ ડ્રિન્કમાં ભેળવીને પ્રેમીને આપ્યા પછી ચાકુથી તેનું ગળું પણ ચીરી નાખ્યું હતું. પોલીસે ગુનો દાખલ થયાના બે કલાકમાં જ ગુનો ઉકેલી આરોપી દંપતીની ધરપકડ કરી હતી.

મુંબ્રા પોલીસે પકડી પાડેલા આરોપી દંપતીની ઓળખ મોહમ્મદ આબિદ અબ્દુલ વાજિદ મલિક (૨૯) અને ફરહીન મોહમ્મદ આબિદ મલિક (૨૭) તરીકે થઈ હતી. મુંબ્રાના સહારા સિટી નજીકની નિર્માણાધીન ઈમારતના ત્રીજા માળે સુપરવાઈઝર રાજુ લલન યાદવ (૩૯)ની સોમવારની મધરાતે એક વાગ્યાની આસપાસ કરાયેલી હત્યાના કેસમાં દંપતીની ધરપકડ કરાઈ હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી મલિકની પત્ની ફરહીનને મૃતક યાદવ સાથે આઠ મહિનાથી અફૅર હતું. આ વાતની જાણ ફરહીનના પતિ મલિકને થતાં દંપતી વચ્ચે વિવાદ થયો હતો. આખરે મલિકે યાદવને પતાવી નાખવાની યોજના બનાવી હતી.

મલિકે ફેસબુક સ્ટોરી પર સોડિયમ નાઈટ્રિટથી હત્યાની જાણકારી મેળવી હતી. પછી તેણે સોડિયમ નાઈટ્રિટ પાઉડર ઑનલાઈન મગાવ્યો હતો. નક્કી થયા મુજબ ઘટનાની રાતે ફરહીને યાદવને નિર્માણાધીન ઈમારતના ત્રીજા માળે મળવા બોલાવ્યો હતો.

કહેવાય છે કે વાતોમાં પરોવી ફરહીને યાદવને સોડિયમ નાઈટ્રિટ ભેળવેલું સ્પ્રાઈટ પીવા આપ્યું હતું. ઠંડું પીણું પીતાં જ યાદવ ભાન ભૂલવા લાગ્યો હતો. યાદવ બેભાન અવસ્થામાં હતો ત્યારે ફરહીને પતિ મલિકને બોલાવી લીધો હતો. મલિકે ત્રીજા માળે આવી બામ્બુથી યાદવને ફટકાર્યો હતો. પછી ચાકુથી ગળું ચીરી તેની હત્યા કરી હતી, એવું પોલીસ તપાસમાં જણાયું હતું.

બીજી સવારે યાદવનો મૃતદેહ મળી આવ્યા પછી પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. યાદવની પત્નીની પૂછપરછમાં ફરહીન સાથેના અફૅરની માહિતી મળી હતી. પોલીસે ઘટનાસ્થળે આવ-જા કરનારી વ્યક્તિઓની માહિતી પણ સ્થાનિકો પાસેથી કઢાવી હતી. મળેલી માહિતીને આધારે ફરહીનને તાબામાં લઈ પૂછપરછ કરવામાં આવતાં તેણે ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■

# થાણેના ગોડાઉનમાં ભીષણ આગઃ પાંચ કલાકે કાબૂમાં

થાણેઃ થાણેમાં મ્હાપે રોડ પર શીળફાટામાં કપડાની ચીંધીઓના ગોડાઉનમાં મંગળવારે મોડી રાતે આગ ફાટી નીકળી હતી, જે લગભગ પાંચ કલાકે નિયંત્રણમાં આવી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ શીળફાટા મ્હાપે રોડ પર એમ.કે. કમ્પાઉન્ડમાં ૭૦૦ સ્કવેર ફૂટના ગોડાઉનમાં મોટા પ્રમાણમાં કપડાની ચિંધી હતી. મંગળવારે રાતના સવા આઠ વાગ્યાની આસપાસ તેમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં કપડાની ચીંધી હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી. ફાયરબ્રિગેડના બે ફાયર એન્જિન, એક રેસ્ક્યુ વેહિકલ, એક વોટર ટેન્કર પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. મોડી રાતના લગભગ એક વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. ■

# રાજ ઠાકરે-શિંદેની મુલાકાતઃ રાજકારણમાં નવા સમીકરણોના સંકેત

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે બુધવારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળવા તેમના નંદનવન નિવાસસ્થાને પહોંચ્યા હતા. બંને નેતાઓએ વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પછી બંને વચ્ચે આ પહેલી મુલાકાત હતી.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં બંને ઠાકરે ભાઈઓ સાથે આવ્યા હતા. બંને ભાઈઓ સાથે આવ્યા છતાં પણ, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી જીતવામાં નિષ્ફળ રહ્યા હતા.

મનસેના છ કોર્પોરેટરો જીત્યા. મનસેના પદાધિકારીઓએ ઠાકરે જૂથ દ્વારા અપેક્ષિત મદદ ન મળવાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન રાજે પદાધિકારીઓને આગામી વિધાનસભા ચૂંટણી માટે તૈયારી કરવા સૂચના આપી હતી.

બુધવારે સવારે ભાજપ નેતા પ્રસાદ લાડ રાજ ઠાકરેને તેમના શિવતીર્થ નિવાસસ્થાને દીકરાના લગ્નનું આમંત્રણ આપવા પહોંચ્યા હતા. ત્યારબાદ રાજ બપોરે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળ્યા, જેનાથી રાજકીય વર્તુળોમાં જાતજાતની અટકળો થઇ રહી છે.

રાજ ઠાકરે અને એકનાથ શિંદેએ લગભગ અડધો પોણો કલાક સુધી વાતચીત કરી. જોકે આ મુલાકાત ‘શુભેચ્છા મુલાકાત’ હોવાનું કહેવાય છે, પરંતુ એવી અટકળો થઈ રહી છે કે ચર્ચાનો મુખ્ય મુદ્દો આગામી રાજકીય સમીકરણો હશે. ■

# ભારત ક્યારે અવાશે એ કહી શકાય નહીંઃ વિજય માલ્યા


### યુકે છોડવા પર કાયદેસર પ્રતિબંધ હોવાની સ્પષ્ટતા

મુંબઈઃ છેતરપિંડી અને મની લોન્ડરિંગના અનેક કેસનો સામનો કરી રહેલા ભાગેડૂ ઉદ્યોગપતિ વિજય માલ્યાએ બુધવારે બોમ્બે હાઈ કોર્ટને જણાવ્યું હતું કે પોતે ક્યારે ભારત પાછો ફરશે એ ખાતરીપૂર્વક કહી શકે એમ નથી, યુકે છોડવા પર તેમના પર કાયદેસર રીતે પ્રતિબંધ છે. માલ્યાએ પોતાના વકીલ અમિત દેસાઈ દ્વારા હાઈ કોર્ટમાં રજૂ કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે પાસપોર્ટ રદ કરવામાં આવ્યા પછી તેમની પાસે હવે ઉપયોગ કરી શકાય એવો પાસપોર્ટ નહીં હોવાથી તેઓ ભારત પાછા ફરવાની ચોક્કસ તારીખ નથી આપી શકતા.

મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંકડની બેન્ચે ગયા અઠવાડિયે સ્પષ્ટ કર્યું હતું કે માલ્યા ભારત પાછા ન આવે ત્યાં સુધી ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવાના આદેશ સામેની અરજી પર સુનાવણી કરવામાં આવશે નહીં. આ સ્પષ્ટતાને પગલે આ નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અદાલતે માલ્યાનો ભારત પાછા ફરવાનો ઈરાદો છે કે નહીં એ જાણવાનો આગ્રહ રાખ્યો હતો.

૨૦૧૬થી યુકેમાં રહેતા માલ્યાએ હાઇ કોર્ટમાં બે અરજી દાખલ કરી છે - એક તેમને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવાના આદેશને પડકારતી અને બીજી ભાગેડુ આર્થિક ગુનેગાર કાયદાની બંધારણીય માન્યતા પર પ્રશ્ન ઉઠાવતી. (પીટીઆઈ)■


પ્રશ્નોરા નાગર



શ્રી જવાહર મોહનલાલ મેહતા

૨૫/૦૮/૧૯૩૧ થી ૧૫/૦૨/૨૦૨૬

બિલખા નિવાસી હાલ ઘાટકોપર, રવિવાર ૧૫-૦૨-૨૦૨૬ ના રોજ કૈલાશવાસ પામેલ છે.

શોકાતુરઃ

માતા - પિતા :- સ્વ. વિજયાલક્ષ્મી અને સ્વ. મોહનલાલ અંદરજી મેહતા

સાસરપક્ષ :- સ્વ. નર્મદાબેન અને સ્વ. ગિરધરલાલ વ્યાસ

પત્ની :- સ્વ. જયેન્દ્રબાળા મેહતા

પુત્ર - પુત્રી :- પ્રકાશ, નયના, મિહિર, માલિની

પુત્રવધુ :- નિપા, હીના

જમાઈ :- ધનરાજ, મહેશ

પૌત્ર - પૌત્રી :- મનન-પ્રિયંકા, પાયલ-મોનીષ, નિરાલી, સાર્થક-પૂજા, જય-અદિતિ, માનસી-પૂરવ, વિરેન

પ્રપૌત્ર - પ્રપૌત્રી :- અમાઈરા, જિયાજ્ઞા, ઝીવા, અર્જુન

પ્રાર્થના સભા તેમજ લૌકિક વ્યવહાર રાખેલ નથી

જય બિલનાથ


### રાજ્યસભાની ચૂંટણીની જાહેરાત

# રાજ્યની સાત બેઠકો પર જૂના દિગ્ગજો કે નવા ચહેરાઓને મળશે તક?

### મહારાષ્ટ્રમાં કુલ સાત બેઠકો માટે મતદાન થશે

મુંબઈઃ ભારતીય ચૂંટણી પંચે રાજ્યસભાની ખાલી પડી રહેલી ૩૭ બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીનો કાર્યક્રમ સત્તાવાર રીતે જાહેર કર્યો છે. ૧૦ રાજ્યોના ૩૭ સભ્યોનો કાર્યકાળ એપ્રિલ ૨૦૨૬માં પૂર્ણ થઈ રહ્યો હોવાથી આ ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં મહારાષ્ટ્રની સાત મહત્વની બેઠકોનો સમાવેશ થતો હોવાથી રાજ્યના રાજકારણમાં પણ ભારે હલચલ મચવાની શક્યતા છે.

ચૂંટણી પંચે જાહેર કરેલા સમયપત્રક મુજબ, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ચૂંટણીનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવશે અને ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થશે.

૧૬ માર્ચ, ૨૦૨૬ ના રોજ સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે. જો ચૂંટણી બિનહરીફ ન થાય, તો મતદાન પછી તે જ દિવસે સાંજે ૫ વાગ્યે મતગણતરી શરૂ થશે અને પરિણામો સ્પષ્ટ થશે.

આ ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં કુલ સાત બેઠકો માટે મતદાન થશે. રાજ્યમાં વર્તમાન રાજકીય સમીકરણોને જોતાં, મહાયુતિ સાતમાંથી છ બેઠકો જીતે તેવી શક્યતા છે. જ્યારે મહાવિકાસ આઘાડીને એક બેઠક મળી શકે છે.

મહારાષ્ટ્રના આ સાત સાંસદોનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. આ સાત બેઠકો પર નવા ચહેરાઓને તક મળે છે કે જૂના દિગ્ગજોને ફરીથી નોમિનેટ કરવામાં આવે છે તે જોવું રસપ્રદ રહેશે. આ ચૂંટણી વધુ રસપ્રદ રહેવાની છે કારણ કે શરદ પવાર પણ નિવૃત્ત થઈ રહ્યા છે. મહાયુતિનું જોર વિધાનસભામાં મજબૂત હોવાથી તેને બમ્પર જીત મળી શકે છે. ■

શરદ પવાર (એનસીપી) રામદાસ આઠવલે (આરપીઆઈ-એ) પ્રિયંકા ચતુર્વેદી (શિવસેના ઠાકરે જૂથ) ડો. ભાગવત કરાડ (ભાજપ) ફૌઝિયા ખાન (એનસીપી શરદ પવાર) રજની પાટિલ (કોંગ્રેસ) ધૈર્યશીલ પાટિલ (ભાજપ)નો કાર્યકાળ પૂરો થવાનો છે.




(ROC-6000)

# જમ્મુ-કાશ્મીરનું ૬૭ વર્ષનું સપનું પૂરું, પહેલી વખત રણજી ટ્રૉફીની ફાઈનલમાં પ્રવેશ્યું

કોલકાતાઃ ડોમેસ્ટિક ક્રિકેટમાં જમ્મુ અને કાશ્મીરની ટીમે ઈતિહાસ રચ્યો છે. પહેલી વાર રણજી ટ્રૉફીમાં ભાગ લીધાના ૬૭ વર્ષ બાદ જમ્મુ અને કાશ્મીરની ટીમ આ સિઝનમાં ટૂર્નામેન્ટના ફાઈનલમાં પ્રવેશવામાં સફળ રહી છે. સેમિ ફાઇનલમાં પશ્ચિમ બંગાળની ટીમને છ વિકેટથી હરાવીને જમ્મુ અને કાશ્મીરે આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી હતી.

બંગાળ ક્રિકેટ એકેડેમી ગ્રાઉન્ડમાં રમાયેલી મેચમાં જમ્મુ અને કાશ્મીરની ટીમે ૪ વિકેટ ગુમાવીને ૧૨૬નો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. સેમિ ફાઈનલમાં પશ્ચિમ બંગાળ સામેની જીતમાં ઑકિબ નબીએ મહત્ત્વની ભૂમિકા ભજવી, તેણે મેચમાં કુલ નવ વિકેટ લીધી હતી. તેને સતત બીજી મૅચમાં સર્વશ્રેષ્ઠ ખેલાડીનો અવૉર્ડ આપવામાં આવ્યો. બૅટિંગમાં અબ્દુલ સમદે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું, તેણે પ્રથમ ઇનિંગ્સમાં ૮૨ રન બનાવ્યા હતાં, જ્યારે બીજી ઇનિંગ્સમાં તેના અણનમ ૩૦ રન હતા.

૧૯૫૯-૬૦ની રણજી સીઝનમાં જમ્મુ અને કાશ્મીરની ટીમે પહેલી વાર ભાગ લીધો હતો, પરંતુ અત્યાર સુધી જમ્મુ અને કાશ્મીરની ટીમ ફાઈનલ સુધી પહોંચી શકી ન હતી.

હાલ ચાલી રહેલી રણજી સીઝન પહેલાં જમ્મુ અને કાશ્મીર ૩૩૪ રણજી મૅચ રમ્યું હતું, જેમાંથી ટીમ માત્ર ૪૫ મેચ જ જીતી શકી હતી. રણજી ટ્રૉફીમાં પ્રવેશ્યાના છેક ૪૪ વર્ષ બાદ ૧૯૮૨-૮૩માં જમ્મુ અને કાશ્મીરની ટીમ સર્વિસિસ સામે પોતાની પહેલી જીત મેળવી શકી હતી.

૨૦૧૩-૧૪ની સીઝન જમ્મુ અને કાશ્મીર માટે ખાસ રહી હતી. એમાં ટીમ પહેલી વાર ક્વૉર્ટર ફાઇનલ સુધી પહોંચી શકી હતી.

### આ સીઝનમાં શાનદાર પ્રદર્શન

ચાલુ સીઝનમાં મુંબઈ સામે શરૂઆતની મેચમાં હાર બાદ, જમ્મુ અને કાશ્મીરે રાજસ્થાન, દિલ્હી અને હૈદરાબાદ સામે મોટી જીત મેળવી, ત્યાર બાદ ક્વૉર્ટર-ફાઇનલમાં મધ્ય પ્રદેશને હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો.

સેમિ ફાઇનલમાં જમ્મુ અને કાશ્મીરનો મુકાબલો બંગાળની ટીમ સામે હતો, જેમાં મોહમ્મદ શમી, આકાશ દીપ, મુકેશ કુમાર અને શાહબાઝ અહમદ જેવા ચાર આંતરરાષ્ટ્રીય ખેલાડી હતાં અને સ્ટાર બૅટ્સમૅન અભિમન્યુ ઈશ્વરન પણ હતો. કોઈ પણ સ્ટાર ખેલાડી ન હોવા છતાં જમ્મુ અને કાશ્મીરે પશ્ચિમ બંગાળને સેમિમાં હરાવ્યું.

### બીજી સેમિમાં કર્ણાટક ૮૦૨ રનથી આગળ

લખનઊમાં રણજી ટ્રૉફીની પાંચ દિવસની બીજી સેમિ ફાઇનલ છે જેમાં કર્ણાટકે પ્રથમ દાવમાં કૅપ્ટન દેવદત્ત પડિક્કલના ૨૩૨ રન, કે. એલ. રાહુલના ૧૪૧ રન અને રવિચન્દ્રન સ્મરણના ૧૩૫ રનની મદદથી ૭૩૬ રન કર્યા બાદ ઉત્તરાખંડની ટીમ ૨૩૩ રનમાં આઉટ થઈ ગઈ હતી. કર્ણાટકે સરસાઈ લીધા બાદ બીજા દાવમાં સ્મરણના ૧૨૭ રન અને રાહુલના ૭૦ નૉટઆઉટની મદદથી છ વિકેટે ૨૯૯ રન કર્યા હતા. હવે ગુરુવારે ઉત્તરાખંડ સામે જીતીને કર્ણાટક ફાઇનલમાં પહોંચશે જેમાં એનો મુકાબલો જમ્મુ-કાશ્મીર સામે થશે. ■



જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓએ ભૂતપૂર્વ ક્રિકેટર અને તેમના કોચ અજય શર્માને ખભા પર ઊંચકી લીધા હતા. (પીટીઆઇ)

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૮૧૮/એફ)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે**

**શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ), કુદરતના સાંનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથદાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. (૫૦ વ્યક્તિઓ માટે સિદ્ધચક્ર પૂજન ફક્ત ₹ 28500/- ના નકરામાં બપોરના જમવા સાથે ભણાવવાની વ્યવસ્થા રાખેલ છે.) બુકિંગ માટે સંપર્કઃ પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૩૦૫૯)**

### ૧૪. નોકરી ખાલી છે

SECOND EARNING OPPOrtunity in Finance Sectors. Required Retired / Businessman / Housewives. 9869837079. (B-17120)

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**

ફલેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૭૦૬-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**ON LEASE / RENT**
Shops & Offices With OC
Shop - 1057 sq ft.
Office - 1000 sq ft to 2250 sq. ft.
Sidheshwar Royale Opp Jain Temple, CHEMBUR
Mob - 9869252759
(B-17128)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**રાજમળી જ્યોતિષ**

જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ) (બી-૧૭૧૪૧)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૩૨. જમીન-મિલકત

**Property required**
For an educational institution
• Land area: 1 to 3 acres (4,047 - 12,141 sq m)
• Preferred locations: South Mumbai, Western / Eastern Suburbs / Thane / Navi Mumbai and KDMC
• School reserved plots will be given priority consideration
• Operational schools running a national curriculum will also be considered
Jones Lang LaSalle Property Consultants (India) Pvt Ltd © 2026. All rights reserved.
Satendra 82912 83762
satendra.patel@jll.com
JLL
(B-17140)

### ૩૩. ધંધાદારી

COME JOIN INDIA'S MOST TRUSTED BRAND & BUILD YOUR OWN BUSINESS
મેગા બિઝનેસ તકો
પ્રસ્તુતિમાં સૌનું સ્વાગત છે.
Build Your Business
VILE PARLE (WEST)
20TH FEBRUARY
3:00 PM TO 4:30 PM
Ideal for Professionals Seeking:
✔ CAREER GROWTH
✔ FLEXIBLE WORKING
✔ LONG-TERM INCOME POTENTIAL
✔ STRUCTURED INCOME MODEL
✔ LONG-TERM CAREER GROWTH
✔ STRUCTURED TRAINING MODULE
TO REGISTER WHATSAPP ON: 9820304287
(0009-ƆOR)
(બી-૧૭૧૪૩)

## અમદાવાદમાં હાર્દિક-શિવમના તરવરાટ પછી વરુણનો તરખાટ

### ભારત અપરાજિત, નેધરલૅન્ડ્સ લડત આપીને હાર્યું : અભિષેકનો ત્રીજો ઝીરો

અમદાવાદઃ ભારત (૨૦ ઓવરમાં ૬/૧૯૩) અહીં ટી-૨૦ વર્લ્ડ કપના ગ્રૂપ-એની અંતિમ લીગ મૅચમાં નેધરલૅન્ડસ (૭/૧૭૬)ને ૧૭ રનથી હરાવીને લીગ રાઉન્ડમાં અપરાજિત રહ્યું હતું. હવે ભારત સુપર-એઇટ રાઉન્ડમાં રવિવારે અમદાવાદમાં જ સાઉથ આફ્રિકા સામે રમશે. નેધરલૅન્ડ્સે બૅટિંગમાં ભારતને જોરદાર લડત આપી હતી. ડચ ટીમ ૧૯૪ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૬ રન કરી શકી હતી. સાત ડચ બૅટ્સમેનના ડબલ ડિજિટમાં રન હતા અને એમાં બાસ ડિલીડના ૩૩ રન હાઇએસ્ટ હતા. શિવમ દુબેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

આ જ ગ્રૂપમાં પાકિસ્તાન સુપર-એઈટમાં ગયું છે અને અમેરિકા આઉટ થઈ ગયું છે.

વરુણ ચક્રવર્તી (૩-૦-૧૪-૩)ના સ્પિન સામે નેધરલૅન્ડ્સના બૅટ્સમેન ઝૂકી ગયા હતા. એક તબક્કે તે હૅટ્રિક-ટ્રિક પર હતો, પણ સફળ નહોતો થયો. શિવમ દુબેને બે તેમ જ બુમરાહ અને હાર્દિકને એક-એક વિકેટ મળી હતી.

એ પહેલાં, ભારતે બૅટિંગ લીધા બાદ ઓપનિંગ અને મિડલ-ઑર્ડરના ધબડકા બાદ શિવમ દુબે (૬૬ રન, ૩૧ બૉલ, છ સિક્સર, ચાર ફોર) અને હાર્દિક પંડ્યા (૩૦ રન, ૨૧ બૉલ, ત્રણ સિક્સર) વચ્ચે ૩૫ બૉલમાં થયેલી ૭૬ રનની ભાગીદારીએ ભારતીય ટીમની આબરૂ સાચવી હતી.

બન્ને ઓપનર અભિષેક શર્મા (૦) અને ઇશાન કિશન (૧૮ રન, સાત બૉલ, એક સિક્સર, બે ફોર) સારું રમવામાં નિષ્ફળ ગયા બાદ તિલક વર્મા (૩૧ રન, ૨૭ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર), કૅપ્ટન સૂર્યકુમાર યાદવ (૩૪ રન, ૨૮ બૉલ, એક સિક્સર, બે ફોર)એ બાજી સંભાળી લીધી હતી. ડચ ટીમ વતી લૉગેન વૅન બીકે ત્રણ તેમ જ ભારતીય મૂળના ઑફ સ્પિનર આર્યન દત્તે પહેલી બન્ને વિકેટ લીધી હતી. અભિષેક વર્લ્ડ કપમાં સતત ત્રીજી મૅચમાં ઝીરો (શૂન્યની હૅટ-ટ્રિક) પર વિકેટ ગુમાવી બેઠો હતો. ■

**આજના મુકાબલા?**
(૧) ઇટલી વિ. વેસ્ટ ઇન્ડિઝ (કોલકાતા, સવારે ૧૧.૦૦)
(૨) શ્રીલંકા વિ. ઝિમ્બાબ્વે (કોલંબો, બપોરે ૩.૦૦)
(૩) અફઘાન વિ. કૅનેડા (ચેન્નઈ, સાંજે ૭.૦૦)

## ક્રિકેટમાં પુરસ્કાર ઓછો, પરીક્ષા વધુઃ જમ્મુ-કાશ્મીરનો કૅપ્ટન પારસ ડોગરા



કલ્યાણી (પશ્ચિમ બંગાળ)ઃ ક્રિકેટમાં વર્ષોથી જમ્મુ-કાશ્મીરની ટીમને પહેલાં તો નબળી અને અન્ડરડૉગ માનવામાં આવી છે, પરંતુ બુધવારે પારસ ડોગરાની કૅપ્ટન્સીમાં આ ટીમે રણજી ટ્રૉફીની ફાઇનલમાં પ્રથમ વખત પ્રવેશીને રાજ્ય માટે જે નવો ઇતિહાસ સર્જ્યો ત્યાર બાદ ડોગરાએ પત્રકારો સાથેની વાતચીતમાં પોતાના વર્ષોના અનુભવને યાદ કરીને કહ્યું, 'ખેલાડીને ક્રિકેટની રમત ઇનામ (પુરસ્કાર) આપે એના કરતાં તેની અનેકગણી પરીક્ષા લઈ લેતી હોય છે.'

જમ્મુ-કાશ્મીરે અહીં પાંચ દિવસની સેમિ ફાઇનલમાં ચોથા દિવસે બેંગાલની ટીમને છ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં એનો મુકાબલો કર્ણાટક સામે થશે અને કર્ણાટકના ફાઇનલ-પ્રવેશની સત્તાવાર જાહેરાત ગુરુવારે કરવામાં આવશે. ડોગરાએ પત્રકારોને કહ્યું, 'ક્રિકેટની રમત ભલે કસોટી લેતી રહે, ખેલાડીએ દૃઢ રહેવું પડે. તેણે પોતાની ક્ષમતાથી રમતા રહેવું જ પડે. અમે એક વાર ફાઇનલમાં પહોંચીશું જ એ અમારા ભાગ્યમાં લખાયું જ હશે.' બેંગાલે ૩૨૮ રન કર્યા બાદ જમ્મુ-કાશ્મીરે ૩૦૨ રન કર્યા હતા અને બીજા દાવમાં બેંગાલને માત્ર ૯૯ રનમાં આઉટ કરીને ૧૨૬ રનનો લક્ષ્યાંક ચાર વિકેટે મેળવી લીધો હતો.

### ઓમર અબદુલ્લા અને મહેબૂબા મુફ્તીના અભિનંદન

જમ્મુથી મળેલા પીટીઆઇના અહેવાલ મુજબ જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબદુલ્લાએ રાજ્યની ક્રિકેટ ટીમને અભિનંદન આપ્યા હતા અને પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ' આશા રાખું છું કે એક દિવસ એવો આવશે જ્યારે નૅશનલ ક્રિકેટ ટીમમાં જમ્મુ-કાશ્મીરના ખેલાડીઓની બહુ મહત્ત્વની ભૂમિકા જોવા મળશે.' પીડીપીનાં ચીફ મહેબૂબા મુફ્તીએ પણ પારસ ડોગરા અને તેના નેતૃત્વ હેઠળની ટીમને ફાઇનલમાં પહોંચવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ■

## પત્નીની અરજી પર સુપ્રીમ કોર્ટે મોહમ્મદ શમી પાસે માગ્યો જવાબ

નવી દિલ્હીઃ પેસ બોલર મોહમ્મદ શમીની પત્ની હસીન જહાંએ ઘરેલું હિંસાના આક્ષેપ સહિતના શમી વિરુદ્ધના કેસો પશ્ચિમ બંગાળમાંથી દિલ્હીમાં ખસેડવા સુપ્રીમ કોર્ટને જે અરજી કરી છે એ સંબંધમાં અદાલતે ગઈ કાલે શમી પાસે જવાબ માગ્યો હતો.

શમીથી તેની પત્ની હસીન જહાં અલગ રહે છે. તેણે કેસ ટ્રાન્સફર કરવા સંબંધમાં જે બે પિટિશન નોંધાવી છે એને અલગ રીતે સાંભળવા ન્યાયમૂર્તિઓ મનોજ મિશ્રા તથા મનમોહનની બેન્ચે સંમતિ બતાવી હતી.

દરમ્યાન, તેમણે આ વિષયમાં ચાર અઠવાડિયા પછી સુનાવણી રાખવાનું નક્કી કર્યું છે. ■

## સાઉથ આફ્રિકાએ ટૂંકી ઈનિંગ્સમાં પણ છગ્ગા-ચોગ્ગાની રમઝટ બોલાવી

### યુએઇ સામે ૧૪ ઓવરની અંદર ૧૨૩ રનનો લક્ષ્યાંક મેળવી લીધો

નવી દિલ્હીઃ સાઉથ આફ્રિકાએ અહીં ટી-૨૦ વર્લ્ડ કપમાં બુધવારે સતત ચોથી મૅચ જીતીને ક્લીન રેકૉર્ડ જાળવી રાખ્યો હતો અને યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)ને વન-સાઇડેડ મુકાબલામાં ૪૦ બૉલ બાકી રાખીને છ વિકેટે હરાવ્યું એની ખાસિયત એ છે કે એઇડન માર્કરમની ટીમના બૅટ્સમેનોએ દિલ્હીવાસીઓને આ ટૂંકી ઇનિંગ્સમાં પણ છગ્ગા-ચોગ્ગાની કમાલ બતાવી હતી.

યુએઇએ બૅટિંગ મળ્યા બાદ અલીશાન શરાફુના ૪૫ રનની મદદથી છ વિકેટે માત્ર ૧૨૨ રન કર્યા હતા. સાઉથ આફ્રિકાની ટીમના ૧૨૩ રનના ટોટલમાં છ સિક્સર અને બાર ફોર સામેલ હતી. બૅટ્સમેનોએ છગ્ગા-ચોગ્ગા ફટકારતાં સાઉથ આફ્રિકાએ ૧૩.૨ ઓવરમાં ચાર વિકેટના ભોગે ૧૨૩ રનનો લક્ષ્યાંક મેળવ્યો હતો.

જે ત્રણ બૅટ્સમેનોની ટૂંકી ઇનિંગ્સમાં ચોગ્ગા ઉપરાંત છગ્ગા પણ સામેલ હતા એમાં માર્કરમ (૨૮ રન, ૧૧ બૉલ, એક સિક્સર, પાંચ ફોર), ડેવાલ્ડ બ્રેવિસ (૩૬ રન, પચીસ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર) અને રાયન રિકલ્ટન (૩૦ રન, ૧૬ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) સામેલ હતા અને આ ત્રણ બૅટ્સમેને દિલ્હીમાં અરુણ જેટલી સ્ટેડિયમના હજારો પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

યુએઇના ચાર બોલર એક-એક વિકેટ લઈ શક્યા હતા. એ પહેલાં, યુએઇની ૬/૧૨૨ની ઇનિંગ્સમાં સાઉથ આફ્રિકાના કૉર્બિન બૉશ્ચે ત્રણ, ઍન્રિક નોર્કિયાએ બે અને જ્યોર્જ લિન્ડેએ એક વિકેટ લીધી હતી. રબાડા અને ક્વેના મફાકાની ચાર-ચાર ઓવરમાં ૩૦-૩૦ રન બન્યા હતા અને તેમને યુએઇના એકેય બૅટ્સમૅનની વિકેટ નહોતી મળી. ■

## વિરુષ્કાનું વૃંદાવનથી આવ્યા બાદ અલીબાગ તરફ પ્રયાણ

મુંબઈઃ ભારતના ક્રિકેટ-બૉલિવૂડનાં સેલિબ્રિટી-કપલ વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા વૃંદાવનમાં પ્રેમાનંદજી મહારાજના આશ્રમની મુલાકાત લીધા પછી હવે મુંબઈ પાછા આવીને અલીબાગ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

વિરાટ અને અનુષ્કા કરોડો ચાહકોમાં વિરુષ્કા તરીકે જાણીતા છે. તેમણે થોડા મહિના પહેલાં અલીબાગમાં આલિશાન વિલા ખરીદ્યો હતો. તેઓ મુંબઈ પાછા આવ્યા બાદ ગેટવે ઑફ ઇન્ડિયા ખાતે જોવા મળ્યા હતા. ત્યાંથી તેઓ બોટમાં બેસીને અલીબાગ ગયા હોવાનું કેટલાક અહેવાલમાં જણાવાયું હતું.

વિરાટ અને અનુષ્કા વર્ષમાં લગભગ એક કે બે વખત પ્રેમાનંદજી મહારાજના આશીર્વાદ લેવા તેમ જ સત્સંગ માટે વૃંદાવનમાં તેમના આશ્રમની મુલાકાત લેતા હોય છે. આ સેલિબ્રિટી દંપતી વર્ષ દરમ્યાન મોટા ભાગે લંડનમાં રહે છે. જોકે અલીબાગમાં પણ ઘણા દિવસો રહેતા હોય છે. તેમણે વૃંદાવનનો પ્રવાસ પુત્રી વામિકા અને પુત્ર અકાય વિના કર્યો હતો.

'રબ ને બના દી જોડી'ની અભિનેત્રી અનુષ્કા ખૂબ સિમ્પલ દેખાતી હતી. જોકે વાઇટ શર્ટ અને ગ્રીન સ્વેટરમાં સ્ટાઇલિશ લૂકથી પણ તેણે ગેટવે ઑફ ઇન્ડિયા પાસે ઊભેલા તેના ચાહકોને પ્રભાવિત કર્યા હતા. ■



## આઈસીસી રૅન્કિંગમાં કિશનની સુનામી, ૧૭ ક્રમની લગાવી છલાંગઃ અભિષેક-તિલકનું શું થયું એ પણ જાણો...

દુબઈઃ હમણાં ઇશાન કિશનની જ બોલબાલા છે, કારણકે જેની મહિનાઓથી રાહ જોવાતી હતી એ પાકિસ્તાન સામેના જંગમાં તેણે ૪૦ બૉલમાં ૭૭ રનની શાનદાર ઇનિંગ્સથી ભારતને વિજય અપાવ્યો હતો અને આ ઇનિંગ્સને લીધે તે ૧૭ ક્રમની છલાંગ લગાવીને આઠમા નંબર પર આવી ગયો છે. તેણે હાલના ટી-૨૦ વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં ત્રણ મૅચમાં કુલ ૧૫૮ રન કર્યા છે જેમાં ૫૨.૬૬ બૅટિંગ-ઍવરેજ અને ૧૯૭.૫૦ સ્ટ્રાઇક-રેટ છે.

ઇશાન કિશનના આ ૧૫૮ રનમાં બે હાફ સેન્ચુરી છે અને તેણે ત્રણ મૅચમાં ૧૦ છગ્ગા અને ૧૭ ચોગ્ગા માર્યા છે. બુધવારે આઇસીસી દ્વારા જાહેર કરવામાં આવેલા નવા રૅન્કિંગ અનુસાર અભિષેક શર્મા થોડા અઠવાડિયાથી નબળી બૅટિંગ કરે છે એમ છતાં તેણે ટી-૨૦ના બૅટ્સમેનોમાં નંબર-વનની રૅન્ક જાળવી રાખી છે.



ઇશાન કિશન ૧૭ ક્રમની છલાંગ લગાવીને આઠમા નંબર પર આવી ગયો છે. ગઈ કાલે તે ફક્ત ૧૮ રન કરી શક્યો હતો.

ભારતનો જ તિલક વર્મા એક સ્થાન આગળ આવીને હવે ચોથા નંબર પર આવી ગયો છે. પાકિસ્તાનનો ઓપનિંગ બૅટ્સમૅન સાહિબઝાદા ફરહાન પાંચમા ક્રમે છે. ભારતનો કૅપ્ટન સૂર્યકુમાર યાદવ હજી છઠ્ઠા નંબર પર જ છે. તેના રૅન્કિંગમાં કોઈ ફેરફાર નથી થયો.

પાકિસ્તાનનો જ બીજો ઓપનર સઇમ અયુબ ટી-૨૦નો નંબર-વન ઑલરાઉન્ડર બની ગયો છે. બોલિંગમાં ભારતનો વરુણ ચક્રવર્તી હજી પણ વર્લ્ડ નંબર-વન છે.

**બૅટિંગમાં કોણ કયા સ્થાને?**

| રૅન્ક | નામ | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| ૧ | અભિષેક | ભારત | ૮૯૧ |
| ૨ | સૉલ્ટ | ઇંગ્લૅન્ડ | ૮૦૮ |
| ૩ | નિસાન્કા | શ્રીલંકા | ૭૮૬ |
| ૪ | તિલક | ભારત | ૭૫૧ |
| ૫ | સાહિબઝાદા | પાકિસ્તાન | ૭૪૮ |
| ૬ | સૂર્યકુમાર | ભારત | ૭૪૭ |
| ૭ | બટલર | ઇંગ્લૅન્ડ | ૭૪૪ |
| ૮ | કિશન | ભારત | ૭૩૨ |
| ૯ | સિફર્ટ | ન્યૂ ઝીલૅન્ડ | ૭૨૧ |
| ૧૦ | ટ્રૅવિસ | ઑસ્ટ્રેલિયા | ૬૯૫ |

## પાકિસ્તાની હૉકી ખેલાડીઓએ વાસણો માંજવા પડ્યા, કેપ્ટને ખોલી પોલ

સિડનીઃ ઓસ્ટ્રેલિયામાં એફઆઇએચ પ્રો લીગ ૨૦૨૫-૨૬ હૉકી ટૂર્નામેન્ટમાં પાકિસ્તાને પહેલી વાર ભાગ લીધો હતો અને આ ટીમ તમામ આઠ મૅચમાં પરાજિત થઈ અને ટૂર્નામેન્ટની બહાર ફેંકાઈ ગઈ હતી. આ કંગાળ પ્રદર્શન ઉપરાંત પાકિસ્તાન હોકી ટીમ વધુ એક કારણે ચર્ચામાં છે. પાકિસ્તાન હૉકી ટીમના કેપ્ટન શકીલ બટ્ટે પાકિસ્તાન હોકી ફેડરેશન પર અવ્યવસ્થાના ગંભીર આરોપો લગાવ્યા છે, આ મામલો વડા પ્રધાન શેહબાઝ શરીફ સુધી પહોંચ્યો છે.

ઓસ્ટ્રેલિયાથી પરત ફર્યા બાદ લાહોર એરપોર્ટ પર મીડિયા સાથે વાત કરતા પાકિસ્તાન હોકી ટીમના કેપ્ટન શકીલ બટ્ટે દાવો કર્યો હતો કે 'પાકિસ્તાનના હૉકી ખેલાડીઓને મેચ રમતા પહેલા હોટેલમાં રસોડું સાફ કરવું પડતું હતું અને વાસણો ધોવા પડતા હતા. તેમણે કહ્યું. 'આવી સ્થિતિમાં તમે ખેલાડીઓ પાસેથી સારા પ્રદર્શનની આશા કેવી રીતે રાખી શકો? વર્તમાન મેનેજમેન્ટ સાથે કામ કરવું અશક્ય છે. પાકિસ્તાનના ખેલાડીઓ સિડની પહોંચ્યા, ત્યારે જાણવા મળ્યું કે હૉટેલમાં તેમનું બુકિંગ થઇ શક્યું નથી, કેમ કે એડવાન્સ પેમેન્ટ કરવામાં નહોતું આવ્યું.' ■



રાજકોટ મહાનગરપાલિકાના મેયરના પતિ દ્વારા કરાયેલા ગેરકાયદેસર બાંધકામ સહિતના મુદ્દાઓ પર વિપક્ષ દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કોંગ્રેસના કોર્પોરેટર વશરામ સાગઠિયાએ ઉગ્ર પ્રતિક્રિયા આપી હતી. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અબડાસાના વિંગાબેર ગામમાં ગૌચર જમીન પરના દબાણ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારીને આખરી કાનૂની નોટિસ ફટકારવામાં આવતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અબડાસા તાલુકાના છેવાડાના વિંગાબેર ગામ ખાતે આવેલી એક કિંમતી સરકારી ગૌચર જમીન પર થયેલાં અતિક્રમણોને દૂર કરવામાં સ્થાનિક વહીવટી તંત્રની શંકાસ્પદ ભૂમિકા સામે આવતાં જિલ્લા વિકાસ અધિકારીને કાયદેસરની આખરી નોટિસ ફટકારવામાં આવતાં ચકચાર પ્રસરી હતી. ધારાશાસ્ત્રી લાલજી કટુઆ દ્વારા અપાયેલી આ નોટિસમાં જણાવાયું હતું કે, વિંગાબેર ગામમાં ગૌચર જમીનને ખાલી કરાવવાનાં નામે વહીવટી તંત્ર દ્વારા દેખાવ ખાતર તરકટ રચીને નાગરિકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. વિંગાબેર ગામના ચંદ્રસિંહ નવુભા સરવૈયા, શંકર ગાવિંદ માતંગ, આઉલા સામત, પ્રતાપસિંહ શેવુભા સરવૈયા અને કુલદીપસિંહ પઉભા સરવૈયા વતી અપાયેલી આ કાનૂની નોટિસની વિગતો મુજબ, વિંગાબેરના ગૌચરમાં માથાભારે તત્ત્વો દ્વારા દબાણ કરી ખેતી કરવામાં આવી રહી છે અને પાકા બાંધકામો ખડકી દેવાયાં છે. જાગૃત નાગરિકોએ અગાઉ તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા પંચાયત કચેરીને રજૂઆતો કરી હતી, છતાં કોઈ નક્કર પરિણામ ન આવતાં રાજ્યના મહેસૂલ સચિવ સુધી લડત લંબાવવામાં આવી હતી. અરજદારોની રજૂઆતનાં પગલે ગુજરાત મહેસૂલ સચિવ દ્વારા કચ્છ કલેક્ટરને આદેશ કરાયો હતો અને કલેક્ટર કચેરી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને દબાણકર્તાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચના અપાઈ હતી. તેમ છતાં, સ્થાનિક તંત્રએ જે કામગીરી કરી તે ચોંકાવનારી છે. વહીવટી તંત્ર દ્વારા વિંગાબેર ગામે દબાણ હટાવવાની ઝુંબેશ તો હાથ ધરાઈ હતી, પરંતુ તેમાં માત્ર અને માત્ર 'ગાંડા બાવળ' અને ઝાડી-ઝાંખરા દૂર કરીને સંતોષ માની લેવાયો હતો. જે જમીન પર ખરેખર ખેતી થઈ રહી છે અને જ્યાં પાકાં બાંધકામો છે, તેને સ્પર્શ સુદ્ધાં કરવામાં આવ્યો ન હતો. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાને રાખી આચારસંહિતાનું બહાનું કાઢવા માટે ટીડીઓ અબડાસા અને ગ્રામ પંચાયતના જવાબદારોએ માત્ર દબાણ હટાવવાનું તરકટ રચ્યું હતું.

નિર્ધારિત સમય મર્યાદામાં ગૌચરના સર્વે નંબર મુજબના તમામ કાચા-પાકા બાંધકામો અને ખેતીનાં દબાણો દૂર કરવામાં નહીં આવે, તો અરજદારો દ્વારા જિલ્લા પોલીસવડા પાસે બંદોબસ્ત માંગીને પોતાની રીતે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેમ લાલજી કટુઆએ ડીડીઓને ૧૫ દિવસની મુદત આપતા જણાવ્યું હતું. ■

# નખત્રાણાની અર્ચના સેન્ટ ઝેવિયર્સ શાળા ફરી પાછી વિવાદમાંઃ શિક્ષકે કથિત રીતે વિદ્યાર્થિનીના હાથમાંથી ધાર્મિક પુસ્તક ઝૂંટવીને બહાર ફેંક્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં બિલાડીના ટોપ જેમ ફૂટી નીકળેલી ખાનગી શાળાઓ દ્વારા નિયત કરતાં વધુ ફી ઉઘરાવવી, ગણવેશ-સ્ટેશનરીની ચોક્કસ જગ્યાએથી ખરીદી, ઈત્તર પ્રવૃત્તિઓ માટે અલગથી ફી લેવી જેવી અનેક ફરિયાદો ઊઠતી રહે છે. તાજેતરમાં નખત્રાણા ખાતેની ખાનગી મિશનરી અંગ્રેજી માધ્યમની શાળાના એક 'ડેમો' શિક્ષક દ્વારા વાલીઓ પાસેથી અંડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં છાત્રોને લઇ જવાના નામે ચાર લાખથી વધુની રકમ ઉઘરાવીને ફરાર થઇ જવાનો મુદ્દો હજુ શમ્યો નથી તેવામાં આ અર્ચના સેન્ટ ઝેવિયર્સ શાળાના એક શિક્ષિકા દ્વારા વિદ્યાર્થિનીના હાથમાંથી કથિત રીતે ધાર્મિક પુસ્તક ઝૂંટવીને બહાર ફેંકી, છાત્રને અપમાનિત કરવાનો ગંભીર મામલો બહાર આવતાં આ મિશનરી શાળા ફરી એકવાર મોટા વિવાદમાં આવી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, નખત્રાણા ખાતે આવેલી અંગ્રેજી માધ્યમની અર્ચના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના એક શિક્ષક દ્વારા હિન્દુ ધર્મની લાગણી દુભાઈ હોવાનું બહાર આવતાં હિન્દુ યુવા સંગઠન, વિશ્વ હિન્દુ પરિષદ,ગૌરક્ષા દળ તથા હિન્દુ યુવાનોનું ટોળું આ શાળામાં પહોંચ્યું હતું.

ત્યારબાદ સીસીટીવી કેમેરાના ફૂટેજીસ ફંફોડવામાં આવ્યાં હતા, જેમાં એક શિક્ષિકા દ્વારા વિદ્યાર્થિનીના હાથમાંથી હનુમાનજીની ધાર્મિક પુસ્તિકા ઝૂંટવી, બહાર ફેંકવામાં આવતી હોવાનું અને વિદ્યાર્થિનીને અપમાનિત કરવામાં આવી હોવાનું કથિત રીતે જોવા મળ્યું હતું. ત્યારબાદ આ ગંભીર ઘટનાને લઈને સેંકડો લોકો શાળામાં ધસી જતાં ફફડી ગયેલા સંચાલકોને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

વિશ્વ હિન્દુ પરિષદના ચંદુ રૈયાણી, પીયૂષ રૈયાણી, મમુ રબારી, લખન રબારી, જેસા રબારી, નીલેશ રૈયાણી, ઝવેર કેસરાણી સહિતના કાર્યકરોએ આચાર્ય સમક્ષ આ બાબતની રજૂઆત કરી હતી અને હિન્દુ યુવા સંગઠનના કાર્યકરો દ્વારા આ બાબતે પોલીસ ફરિયાદ તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી અને શિક્ષણ મંત્રી સુધી રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. દરમ્યાન, આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પૃથ્વીરાજસિંહ ઝાલાએ આ બનાવ બાબતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તપાસ ચાલી રહી છે અને હેવાલ આવ્યા બાદ કાર્યવાહી કરાશે. ■

# મુસ્લિમ યુવતી સાથે લગ્ન કરવા કોર્ટ ગયેલા હિન્દુ યુવક પર હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરના ઉમરાળા ગામના સચિન નામના યુવકે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તે અને તેની પ્રેમિકા રેશ્મા કોર્ટમાં લગ્ન કરવા માટે જતાં હતાં ત્યારે રેશ્માના પરિવારે તેના પર હુમલો કર્યો હતો અને રેશ્માને ઉઠાવીને લઈ ગયા હતા. ફરિયાદ અનુસાર રિક્ષાચાલક સચિન અને બોટાદના ખોપાલા ગામની રેશ્મા એકબીજાના પરિચયમાં બે વર્ષથી હતાં અને તેમના વચ્ચે પછીથી પ્રેમસંબંધ બંધાયો હતો. બન્નેએ લગ્ન કરી લેવાનું નક્કી કર્યું હતું અને ૨૧મી ડિસેમ્બરે ઘર છોડી ભાગી ગયાં હતાં. ત્યારબાદ તેમણે કોર્ટ મેરેજ કરવાની વ્યવસ્થા કરી હતી અને સોમવારે તેમને ડેટ મળતા તેઓ સબ-રજિસ્ટાર ઓફિસે આવ્યાં હતાં. અહીં રેશ્માનાં ભાઈ સોહિલ અને ભોલુ આવ્યા હતા અને તેમની સાથે અન્ય બે જણ કારમાં આવ્યા હતા. તેમણે સચિનને ખૂબ માર્યો હતો અને રેશ્માને કારમાં બેસાડી લઈ ગયા હતા. સચિને આ મામલે પરિવારને જાણ કરી હતી અને પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ અંગે વિશેષ તપાસ હાથ ધરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ભાવનગરમાં ટેમ્પલ બેલની હડફેટે ચડી જતા એકટીવા ચાલક યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના એસટી બસ સ્ટેન્ડની બહાર મ્યુનિસિપાલિટીની કચરા ગાડી ટેમ્પલ બેલ એક્ટિવા ચાલકને ટક્કર મારતાં યુવકને ગંભીર ઇજાઓ થતાં તેનું મોત નિપજ્યું હતું.

અકસ્માતની પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના ભોજાવદરના રહેવાસી પ્રવીણભાઈ લક્ષ્મણભાઈ સિંઘલે નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓનો દીકરો બાદલ (ઉં.વ. ૨૬) જે બે-ત્રણ વર્ષથી ભાવનગર શહેરમાં રહેતો હતો અને સ્પા-મસાજ પાર્લરનું કામ કરતો હતો. તે કોઈ કામ સબબ દીકરો બાદલ એક્ટિવા લઈ જતો હતો, તે સમયે એસટી બસ સ્ટેન્ડની બહાર રોડ પર સામેથી આવતી મ્યુનિસિપાલટીની ટેમ્પલ બેલ જેના ઉપર ઓન કોન્ટ્રાક્ટ વિથ બી.એમ.સી. લખેલું હતુ, તેના ચાલકે પૂરપાટ ઝડપે બેફિકરાઈથી ચલાવી તેઓના દીકરો બાદલના એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઈજા પહોંચતા બાદલને સારવાર માટે સરકારી હૉસ્પિટલ ખસેડાયેલ જ્યાં તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે ટેમ્પલ બેલના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# મુંદરાના ચકચારી કસ્ટોડીયલ ડેથ કેસના ત્રણ આરોપીઓની સી.સી.ટી.વી. ફુટેજની માગણીનો મામલો આખરે પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચાસ્પદ બનેલા, પરિણામલક્ષી તબક્કે પહોંચી ચૂકેલાં કચ્છના મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસના દસ પૈકી ત્રણ આરોપીઓ દ્વારા સી.સી.ટી.વી. ફુટેજ મેળવવાની માગણી બાબતે નામદાર હાઈ કોર્ટ સમક્ષ કરાયેલી પિટિશનના નિકાલ સુધી કેસ ન ચલાવવા મૂકેલી માગણીનો અડચણ રૂપી મામલો આખરે સમાપ્ત થયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ગત તા. ૧૨-૧-૨૦૨૧થી તા. ૧૯-૧-૨૦૨૧ સુધીના સમયગાળાના મુંદરા પોલીસ મથકના સી.સી.ટી.વી. ફૂટેજ મેળવવાના મુદ્દે આરોપીઓ દ્વારા માગણી કરાયા બાદ લાંબા સમયથી કાનૂની જંગ ચાલતો હતો. નામદાર જિલ્લા અને હાઇ કોર્ટે આ માગણી અગાઉ નામંજૂર કરાયા બાદ સુપ્રીમ કોર્ટ સમક્ષ થયેલી આ માટેની ખાસ પિટિશન પણ અરજદાર શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલે પરત ખેંચી લેતાં સી.સી.ટી.વી. ફૂટેજ મામલાનો અંત આવ્યો છે. આ અંગેની સુનાવણીમાં ગુજરાત સરકાર વતી ખાસ નિયુક્ત ધારાશાસ્ત્રી રાજકોટના અનિલભાઇ આર. દેસાઇ તથા ફરિયાદ પક્ષ વતી અત્રેના વરિષ્ઠ ધારાશાસ્ત્રી ડી.વી. ગઢવી સાથે વાય.વી. વોરા, એ.એન. મહેતા, એચ.કે. ગઢવી અને એસ.કે. ગઢવી રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને અચાનક ઉઠાવી, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોના દર્દનાક મોત થયાં હતાં, એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ચકચારી મામલે તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર પઢિયાર સહિત પાંચ પોલીસકર્મી, ગ્રામરક્ષક દળના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ■

# નખત્રાણાના નેત્રામાં રખડતા ઢોરની હડફેટે આવેલા વૃદ્ધે સારવાર દરમ્યાન દમ તોડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નખત્રાણા તાલુકાના નેત્રા ગામે તાજેતરમાં રખડતા ઢોરે અડફેટે લેતાં ૮૦ વર્ષીય વડીલ ખેતાભાઇ રાજાભાઇ ગંઢેરે સારવાર દરમ્યાન દમ તોડી દેતાં પંથકમાં અરેરાટી પ્રસરી હતી. ઘાયલ વૃદ્ધને પ્રથમ નખત્રાણાની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાંથી ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી હતી, પરંતુ ત્યાં મગજના નિષ્ણાત તબીબ ઉપલબ્ધ ન હોવાને કારણે તેમને ભુજની ખાનગી હૉસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. અહીં મગજની જટિલ શસ્ત્રક્રિયા બાદ ગત ૧૪-૨ના રોજ તેમને રજા આપવામાં આવી હતી. જો કે, ઘરે પરત ફર્યા બાદ સાંજે લગભગ ચાર વાગ્યે તેમની તબિયત ફરી લથડતાં નખત્રાણા લઈ જવાઈ રહ્યા હતા, પરંતુ નખત્રાણા પહોંચતાં પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું. ■

# ગારીયાધારના કલરના ગોડાઉનમાંથી તસ્કરો ₹ ૪.૮૩ લાખની કિંમતની કલરની ડોલ ચોરી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ગારીયાધારના સુખનાથ મંદિર પાસે આવેલા કલરના ગોડાઉનના દરવાજાની જાળી તોડી તસ્કરોએ અંદર પ્રવેશી ગોડાઉનમાં રાખવામાં આવેલા કલરની ૧૧૯ ડોલની ચોરી કરી નાસી છૂટ્યા હતા. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગારીયાધારના સુખનાથ મંદિર પાસે આવેલા મુર્તુજાભાઈ હુસેનભાઇ લક્ષ્મીધરના કલરના ગોડાઉનમાં અજાણ્યા શખ્સોએ મેન દરવાજાની જાળી તોડી તસ્કરો અંદર પ્રવેશી ગોડાઉનમાં રાખવામાં આવેલા કલરના અલગ અલગ કંપનીની ૧૧૯ જેટલી ડોલ રૂ.૪,૮૩,૩૫૦ ના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટયા હતા.આ બનાવ સંદર્ભે મુર્તુજાભાઈએ ગારીયાધાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# શૅર માર્કેટના નામે ₹ ૪૧ લાખ લૂંટી લીધા હોવાની પાંચ ડોક્ટરની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં એક નહીં પણ પાંચ ડોક્ટરે પોલીસ ફરિયાદ કરી હતી કે એક શૅર માર્કેટની કંપનીએ તેમના ૪૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા.

પોલીસે જણાવ્યું હતું કે જામનગર મહેશ્વરી હોસ્પિટલ ચલાવતા ફરિયાદી ડો. કિશોર સજ્જનમલ મહેશ્વરીએ આક્ષેપ કર્યો હતો કે એક બ્રોકરેજ ફર્મ દ્વારા ખરીદેલા શૅર ક્યારેય તેમના ડીમેટ ખાતામાં જમા થયા ન હતા અને રોકાણ કરેલાં નાણાં કંપનીના ડિરેક્ટરોના ઉપયોગ માટે વાપરવામાં આવતા હતા.

ફરિયાદ મુજબ, મહેશ્વરીએ ૨૦૦૯ માં પેઢી સાથે ટ્રેડિંગ ખાતું ખોલાવ્યું હતું. ફેબ્રુઆરી ૨૦૨૧માં ખાતામાં ટ્રેડિંગ બંધ કરવામાં આવ્યું હતું. તેમણે પોલીસને જણાવ્યું કે એક ડિરેક્ટરે તેમને ઇમેઇલ દ્વારા જાણ કરી હતી કે શંકાસ્પદ નાણાકીય પ્રવૃત્તિઓને કારણે એનએસઈ દ્વારા ફ્રીઝ કરવામાં આવી છે.

૮ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ, મહેશ્વરીને નેશનલ સ્ટોક એક્સચેન્જ તરફથી ૨૯ પાનાનો ઓર્ડર મળ્યા પછી કથિત વિસંગતતાઓ સામે આવી હતી. આદેશમાં જણાવાયું છે કે છ બ્લુ-ચિપ કંપનીઓ અને અન્યમાં કરવામાં આવેલાં રોકાણો એનએસઈ પ્લેટફોર્મ પર રિપોર્ટ થયા નથી.

કુલ ૪૧.૮૬ લાખ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું હતું. મહેશ્વરીએ તેમની ફરિયાદમાં ડિરેક્ટર્સ નીતિન અમૃતલાલ, એન્થોની સિક્વેટા, પ્રેમ એન્થોની સિક્વેટા, યશ બ્રહ્મભટ્ટ અને રમેશ બ્રહ્મભટ્ટનું નામ આપ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદીએ શરૂઆતમાં અધિકારીઓનો સંપર્ક કર્યો ન હતો કારણ કે તેમને આરોપીઓ તરફથી ખાતરી મળી હતી કે પૈસા પરત કરવામાં આવશે.

તેમણે ડિરેક્ટરો સાથેના નજીકના કૌટુંબિક સંબંધોને પણ તેમના સતત વિશ્વાસનું કારણ ગણાવ્યું હતું. જોકે, રકમ વસૂલ ન થયા પછી અને માર્જિન અને લેજર સ્ટેટમેન્ટ સહિતના દસ્તાવેજી પુરાવાના આધારે, તેમણે ઔપચારિક ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યું હતું. એનએસઈએ પણ આ ફર્મ સામે ફરિયાદ નોંધવા કહ્યું હતું. કંપની સામે કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# જામનગર-રાજકોટ હાઈ વે પર ધ્રોળ નજીક હિટ એન્ડ રનમાં ૪૮ વર્ષીયનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર-રાજકોટ હાઈ વે પર ધ્રોલ નજીક એક ફોર વ્હિલરે ૪૮ વર્ષીય પુરુષને હડફેટે લેતા તેમનું મોત નિપજ્યું હતું.

મૃતકની ઓળખ મણિ રાઠોડ તરીકે થઈ હતી. ફરિયાદ તેના નાના ભાઈ મહેન્દ્ર રાઠોડે નોંધાવી હતી. ફરિયાદ મુજબ મણિ છેલ્લાં બેથી ચાર વર્ષથી માનસિક બીમારીથી પીડાતો હતો અને વારંવાર ઘરેથી નીકળતો હતો અને એકલો પાછો ફરતો હતો. તેની પત્ની અને બાળકો હાલમાં તેના માતાપિતાના ઘરે રહે છે. પોલીસના જણાવ્યા અનુસાર મણિને ગુરુ ગોબિંદ સિંહ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મોત નિપજ્યું હતું. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભવનાથ મેળો શ્રદ્ધા સાથે સમૃદ્ધિ પણ લાવ્યો, તંત્રને ૧૦૦ કરોડની આવકનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તહેવારો અને મેળાવડાઓ ધર્મ, આનંદ સાથે અર્થતંત્રને પણ વેગ આપે છે. સ્થાનિક રોજગારી અને આવક ઊભી કરવા માટે આવાં આયોજનો મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. તાજેતરમાં જ સંપન્ન થયેલા જૂનાગઢના ભવનાથ મેળાએ પણ આ વાત સાબિત કરી છે. આ વર્ષે લગભગ ૨૫ લાખ ભાવિકોએ મેળાની મુલાકાત લીધી હતી, જેને લીધે પરિવહનથી માંડી હોટેલ રૂમ્સ અને ખાણીપીણીને લીધે તંત્રને રૂ. ૧૦૦ કરોડનો ફાયદો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તંત્રને રૂ. ૫૦થી ૬૦ કરોડની આવકનો અંદાજ હતો, પરંતુ એક આંકડા પ્રમાણે આવક ૧૦૦થી ૧૨૦ કરોડ સુધીની રહેશે. આ વધારો મુખ્યત્વે હોટેલ સંચાલકો, ઓટો રિક્ષા,ટેમ્પો ચાલકો, સ્થાનિક વેપારીઓ અને અન્ય સેવા આપતા વ્યવસાયોમાં જોવા મળ્યો છે. અન્ય રાજ્યોમાંથી આવેલા વેપારીઓએ પણ સારી કમાણી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ વર્ષે સમગ્ર સંચાલન રાજ્ય સરકારે સંભાળ્યું હતું. સારી વ્યવસ્થાને લીધે પણ લોકો વધારે આવ્યા હોવાનું માનવામાં આવે છે. મિનિ કુંભ મેળા તરીકે ઓળખાતા જૂનાગઢના શિવરાત્રી મેળાએ લોકોને શ્રદ્ધા સાથે સમૃદ્ધિ પણ આપી હતી. ■

# ફાઈનલ યાદી બાદ જામનગર જિલ્લામાં ૨૧,૪૧૨ નવા મતદાર ઉમેરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૂંટણી પંચે મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ હેઠળ ગુજરાતની ફાઈનલ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં જામનગર જિલ્લામાં રજૂ થયેલા હક્ક-દાવા અને વાંધાઓની સુનાવણી બાદ તૈયાર થયેલી યાદીમાં જિલ્લામાં કુલ ૧૦,૮૫,૦૩૨ મતદારોનો સમાવેશ થાય છે.

જેમાં ૫,૬૧,૮૫૮ પુરુષો, ૫,૨૩,૧૬૧ મહિલાઓ અને ૧૩ અન્ય (ત્રીજી જાતિ)ના મતદારો નોંધાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ડ્રાફ્ટ યાદી તૈયાર થયા બાદ હાથ ધરાયેલા પ્રયત્નોને લીધે ૨૧,૪૧૨ મતદાર ઉમેરાયા હોવાનું જાણવા મળ્યું હતું.

જામનગર જિલ્લામાં પાંચ વિધાનસભા છે, જેમાં કાલાવડ બેઠક પર ૨,૧૨,૮૪૫, જામનગર (ગ્રામ્ય)માં ૨,૩૬,૯૧૯, જામનગર (ઉત્તર)માં ૨,૩૧,૭૯૫, જામનગર (દક્ષિણ)માં ૧,૯૦,૪૯૮ અને ૮૦-જામજોધપુર બેઠક પર ૨,૧૨,૯૭૫ મતદારો નોંધાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# કોડીનારના શિવ મંદિર નજીક કૂંડમાં ડૂબી જતાં માતા અને બે દીકરીનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમાનાથ જિલ્લાના કોડીનારમાં એક ખૂબ જ દુઃખદ ઘટના ઘટી હતી.

અહીં આવેલા શિવ મંદિરમાં માતા અને બે દીકરીનાં મોત થયાં હતાં. આ ઘટનાએ પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોક ફેલાવી દીધો હતો.

મૃતક મહિલા ઈલા વંશનાં પતિ રમેશભાઈ વંશ ઉના ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર શિવ મંદિર પાસે એક જૂના કૂંડ નજીકથી મંદિર તરફ ત્રણેય જતાં હતાં. કપડા ધોવા માટે મહિલા બાળકીઓ સાથે ગઈ હોવાનું કહેવામાં આવે છે. કૂંડ ઊંડો હોવાથી ત્રણેય પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. બાળકીઓ તો મૃત્યુ પામી હતી અને માતાને ગામના લોકોએ બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી હતી, પરંતુ તેમનું પણ મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું. નાનકડા એવા આદપોકાર ગામમાં આ ઘટનાથી માતમ છવાયો હતો. હાલમાં અકસ્માત તરીકે ઘટનાને જોવામાં આવી રહી છે. પોલીસે વધારાની તપાસ હાથ ધરી છે જ્યારે ગ્રામલોકોના કહેવા અનુસાર કૂંડ પાસે સુરક્ષાજાળી કે કોઈપણ જાતની રેલિંગ નથી. આથી આવા અકસ્માત સર્જાવાની શક્યતા વધી જાય છે. આથી અહીં લાઈટિંગ અને સુરક્ષાજાળીની વ્યવસ્તા કરવામાં આવે તેવી માગણી પણ ગ્રામલોકોએ કરી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના બજેટને આવકાર્યું, સર્વ સમાવેશી બજેટ ગણાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનાં વર્ષ ૨૦૨૬-૨૭ના રૂ. ૪ લાખ ૮ હજાર કરોડના બજેટને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવકાર્યું હતું. તેમણે આ બજેટને અડગ વિશ્વાસ, અવિરત વિકાસની પ્રતિબદ્ધતા સાથેનું ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, ગુજરાત દરેક સંકલ્પોને સાકાર કરવામાં તેમના જ દિશાદર્શનમાં અવિરત વિકાસથી અગ્રેસર રહેતું રાજ્ય છે. આ બજેટ કોઈપણ નવા કરવેરાનું ભારણ નાખ્યા વગર રાજ્યની અવિરત વિકાસ યાત્રાને જન કલ્યાણના અડગ વિશ્વાસથી આગળ ધપાવનારું છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, ૨૦૨૬-૨૭ના બજેટનું કદ રૂ. ૪ લાખ ૮ હજાર કરોડનું છે એટલે કે ગયા વર્ષ કરતાં ૧૦.૨ ટકાનો વધારો બજેટ સાઈઝમાં થયો છે. બજેટના કુલ ખર્ચના ૬૫ ટકા વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવ્યા છે. સમાજના દરેક વર્ગો ખાસ કરીને જ્ઞાન એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના એમ્પાવરમેન્ટ પર આ બજેટમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

બજેટમાં યુવાનોને ધ્યાનમાં રાખી એજ્યુકેશન, સ્પોર્ટ્સ, આર્ટ એન્ડ કલ્ચર માટે ૨૦ ટકા એટલે કે ૬૪ હજાર કરોડથી વધુ રૂપિયા ફાળવ્યા છે. આ ઉપરાંત શિક્ષિત, સજ્જ, ઉત્કૃષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર યુવાશક્તિના નિર્માણ માટે બજેટમાં 'નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન' માટે ૨૨૬ કરોડ રૂપિયાનું પ્રાવધાન પણ કરવામાં આવ્યું છે. વિકાસ માટે પર્યાવરણ પ્રિય ગ્રીન ગ્રોથનું ધ્યાન પણ બજેટમાં રાખવામાં આવ્યું છે.આ વર્ષના બજેટમાં ૧૫ હજાર કરોડથી વધુની રકમ ગ્રીન બજેટના ભાગરૂપે ફાળવી છે.

આરોગ્ય સુખાકારી, સામાજિક સેવાઓ માટે ૧૯ ટકા તેમજ કૃષિ, સિંચાઈ, પાણી માટે શહેરી વિકાસ માટે ૧૧ ટકાની ફાળવણી થઈ છે. મુખ્યમંત્રીએ પ્રવાસન ક્ષેત્રને વધુ નવી ઉંચાઈ મળે તે માટે વર્ષ ૨૦૨૬ને 'ગુજરાત પ્રવાસન' વર્ષ તરીકે જાહેર કરવાની જોગવાઇ અને ૬૫૦૦ કરોડ રૂપિયાની બજેટ ફાળવણીની ખાસ નોંધ લઇને બીરદાવી હતી. આદિવાસી વિસ્તારને મુખ્યધારાનાં લાવવા માટેનાં પ્રયાસો અને નાણાકીય ફાળવણીની વાત કરતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના વર્ષમાં આદિવાસી વિસ્તારોને વિકાસની મુખ્ય ધારામાં લાવવા ૩૫ હજાર કરોડથી વધુ રૂપિયા ફાળવ્યા છે. આ ઉપરાંત આદિવાસી યુવાનોને ઘર આંગણે રોજગાર અવસર માટે આદિવાસી વિસ્તારોમાં પાંચ નવી જી.આઇ.ડી.સી.ની સ્થાપના પણ કરાશે. ચાર આદિવાસી જિલ્લાઓનાં ૧૮ તાલુકાની ૫૧,૪૮૦ હેક્ટર વિસ્તારને ઉદવહન સિંચાઇ આપવાનું જે આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ખાસ ભાર મુકતા જણાવ્યું હતું કે, અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સની યજમાનીનો અવસર મળ્યો છે. આ માટે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક પરિવહન સેવાઓ સાથે ઓલિમ્પિક રેડી અમદાવાદ માટે ૧૨૦૦ કરોડથી વધુ રૂપિયાની ફાળવણી આ બજેટમાં કરવામાં આવી છે.દિલ્હીમાં ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટ ચાલી રહી છે ત્યારે નવા જમાનાની સાથે ડગ મિલાવતા યુવાનો માટે હવેનો સમય એઆઈ અને ડિપ ટેક્નો યુગ છે ગુજરાતને એ.આઈ. અને ડિજીટલ ગવર્નન્સના ઈનિશ્યેટિવમાં અગ્રેસર રાખવા ૮૫૦ કરોડથી વધુની રકમ ફાળવી છે અને ડેટા ફ્યુઝન સેન્ટર તથા સેન્ટર ઓફ એક્સલન્સની જાહેરાત કરી છે.

તેમણે સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, માળખાકીય સુવિધાઓ તથા આર્થિક વિકાસ અને ગ્રીન ગ્રોથ એમ પાંચ સ્તંભ પર આધારિત આ બજેટ માટે નાણામંત્રી કનુ દેસાઇ અને તેમની સમગ્ર ટીમને અભિનંદન આપતા જણાવ્યું કે, સોમનાથ સ્વાભિમાન પર્વની ગૌરવમય ઉજવણી કરી રહ્યાં છીએ. આ સ્વાભિમાન પર્વ સાથે પ્રત્યેક ગુજરાતી ગુજરાતના ગતિમાન વિકાસનું ગર્વ લઈ શકે તેવું આ સર્વ સમાવેશી બજેટ છે.

## ગુજરાતમાં છ શહેરોમાં જીએસટી બાયોમેટ્રિક વેરિફિકેશનની સુવિધા મળશે

અમદાવાદ: નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈએ બજેટ ભાષણમાં રાજ્યના વધુ છ શહેરોમાં જીએસટી બાયોમેટ્રિક અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેવાઓની જાહેરાત કરી હતી. નોંધણી પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે, રાજ્ય સરકાર બાયોમેટ્રિક અને દસ્તાવેજ ચકાસણીની સુવિધાઓનો વિસ્તાર કરી રહી છે. જામનગરમાં સફળ શરૂઆત બાદ, હવે આ સેવાઓ આણંદ, ભરૂચ, મોરબી, સુરેન્દ્રનગર, ભુજ અને પાટણમાં પણ શરૂ કરવામાં આવશે.

## નાણાં પ્રધાનની આકર્ષક બજેટ પોથી પર વારલી ચિત્રકળાએ આકર્ષણ સર્જ્યું

નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈની બજેટ પોથી પર વારલી ચિત્રકળા સાથે આદિવાસીઓના દેવી 'કંસરી દેવી'ના ચિત્રએ લોકોમાં ખાસ્સી ઉત્સુક્તા જગાવી હતી. છેલ્લાં ચાર વર્ષથી ગુજરાતની બજેટ પોથી પર 'વારલી' ચિત્રકલાને સ્થાન આપવાની પરંપરા છે. વારલી ચિત્રકલા ૧૨૦૦ વર્ષ જૂની છે. બજેટ પોથી પર આ ચિત્રને સ્થાન આપી વારલી ચિત્રકલાને જીવંત રાખવા માટે ગુજરાત સરકારનો ઉમદા પ્રયાસ રહ્યો છે.

# કચ્છમાં ડ્રાફ્ટ મતદારયાદી જાહેર કરાયા બાદ ૧૯ હજાર મતદારો વધ્યા

ભુજ: સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે ખાસ સઘન મતદાર યાદી સુધારણા ઝુંબેશની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં સરહદી જિલ્લા કચ્છમાં ૧૪.૯૫ લાખ જેટલા મતદારો આખરી મતદારયાદીમાં નોંધાયા છે અને ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરાયા બાદ ૧૯ હજાર જેટલા મતદારો વધ્યા છે. 'સર'ની કામગીરી હાથ ધરાઈ તે પૂર્વે કચ્છમાં ૧૬,૯૦,૫૮૪ મતદાર હતા. ડ્રાફ્ટ મતદારયાદીમાં ૨.૧૪ લાખ મતદારોના નામ કમી થયાં હતાં. ત્યારબાદ મતદાર યાદીમાં ૩૨૭૯૫ જેટલા નવા મતદારો ઉમેરાયા તેની સામે ૧૩૪૧૯ મતદારોનાં નામ કમી થતાં હંગામી મતદારયાદી પછી કુલ્લ ૧૯૩૭૬ મતદારોનો વધારો થયો છે. આગામી ચૂંટણીઓમાં કચ્છમાં ૧૪,૯૫,૭૮૫ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.આખરી મતદારયાદી બાદ કચ્છમાં સૌથી વધુ મતદારો ભુજ વિધાનસભા મતક્ષેત્રમાં નોંધાયા છે. તો સૌથી ઓછા મતદારો રાપર મતવિસ્તારમાં નોંધાયા છે. જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી આનંદ પટેલ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક બારહટે જણાવ્યું હતું કે, ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી નામ કમી થયા બાદ હાથ ધરાયેલી બીજા તબક્કાની કામગીરીમાં ૨૩૬૬૪ ફોર્મ નંબર-૬,૨૮૪૦ ફોર્મ નંબર-૭ તેમજ ૨૨૨૧૪ ફોર્મ-૮ મંજૂર કરી આખરી મતદારયાદીમાં તેનો સમાવેશ કરાયો હતો. મુસદ્દા મતદાર યાદીમાં ૧૪,૭૬,૪૦૯ મતદારોનો સમાવેશ કરાયો હતો. નવા નામ નોંધણી માટે ફોર્મ-૬ રજૂ થવા,અન્ય વિધાનસભામાં સ્થળાંતર થવાનાં કારણો તેમજ ફોર્મ નંબર-૭ રજૂ થવાના લીધે ૧૯૩૭૬ મતદારોનો વધારો થતાં આખરી મતદારયાદી બાદ ૧૪,૯૫,૭૮૫ મતદારો સમાવિષ્ટ કરાયા હતા.

રાજકીય પક્ષના પ્રતિનિધિ સાથે બેઠક યોજી મતદાર યાદીની ફોટોવાળી નકલ પૂરી પાડવામાં આવી હતી, જ્યારે આખરી મતદારયાદી તમામ મતદાર મથકોએ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આનંદ પટેલે વધુમાં જણાવ્યું હતું કે મુસદ્દા યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી ત્યારે મૃત્યુ પામેલા, ગેરહાજર, કાયમી સ્થળાંતર અને અન્ય સ્થળ પર નોંધાયેલા ૨.૧૪ લાખ મતદારોનાં નામ મતદાર યાદીમાંથી બાકાત થતાં ભારે હોબાળો પણ મચ્યો હતો. મોટી સંખ્યામાં નામ કમી કરવા માટે મળેલી વાંધા અરજીઓનો ગહન અભ્યાસ કરી આખરી મતદારયાદી ચૂંટણીપંચના આદેશ અનુસાર પ્રસિદ્ધ કરાઈ છે.

# મુંદ્રા પોર્ટ પરથી દિલ્હી એટીએસની તવાઈ: ₹ આઠ કરોડથી વધુની કિંમતનો નશાકારક ટેબ્લેટ્સનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અદાણી મુંદ્રા બંદરે ત્રાટકેલી દિલ્હી સ્થિત ત્રાસવાદ વિરોધી દળની એક ટુકડીએ મિસ ડિકલેરેશનના મામલામાં રી-કોલ કરવામાં આવેલાં કન્ટેનરોમાં રહેલાં ૩૨ જેટલા કાર્ટૂનમાં ૫.૧૫ ટનનો ૧૭ લાખથી વધારે નંગ ટ્રામાડોલ (અફીણમાંથી બનતી ગોળી),એલપ્રાઝોલમ, ઝોલપિડેમ, નાઈટ્રોજેપ જેવી પ્રતિબંધિત ડ્રગ્સ મિશ્રિત ગોળીઓનો અંદાજિત ૮ કરોડના મૂલ્યનો જથ્થો જપ્ત કરતાં ચકચાર પ્રસરી જવા પામી હતી. મુંદ્રા અદાણી બંદર પર પૂર્વ બાતમીના આધારે પહોંચેલી ત્રાસવાદ વિરોધી દળની ટુકડીએ એક શંકાસ્પદ કન્ટેનરની સી-બર્ડ સીએફએસમાં લઈ જઈ તપાસ કરતાં આગળના ભાગે કિચન વેર આઇટમની આડમાં પાછળના ભાગે યુક્તિપૂર્વક છુપાવેલો પ્રતિબંધિત ડ્રગ્સ મિશ્રિત દવાનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે જે કન્ટેનરમાં ડ્રગ્સ મિશ્રિત દવાનો જથ્થો ઝડપાયો છે, તેના નિકાસકાર મુદગલ એક્સપોર્ટ દ્વારા વર્લ્ડ ટ્રેડ લોજિસ્ટિક નામના કસ્ટમ બ્રોકરે એક શાપિંગ દ્વારા ગત ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૫ના કિચન વેરના નામે તેને મુંદ્રા બંદર ખાતેના સૌરાષ્ટ્ર સીએફએસમાં લાવવાના બદલે કન્ટેનર મારફતે ગુજરાતના અન્ય ગોડાઉનમાં લઈ આવી, મુંદરા કસ્ટમના સૌરાષ્ટ્ર સીએફએસના જે-તે અધિકારી દ્વારા પાસ કરાઈને નિકાસ કરી દીધો હતો. પણ, આ જથ્થો પોતાના નિયત સ્થળે પહોંચે તે પહેલાં દિલ્હી એટીએસને ઇનપુટ મળતાં મુંદરા કસ્ટમને સૂચના આપીને આ કન્ટેનર પરત બોલાવ્યું હતું. દિલ્હીના નિકાસકારની હાજરીમાં તેને ખોલતાં અંદરથી પ્રતિબંધિત દવાઓનો જથ્થો ઝડપ્યો હતો. કિચનવેર આઇટમના નામે ૧૪,૨૦૦ ટન વજન દર્શાવ્યું હતું. જેમાંથી ૫.૧૫ ટન ડ્રગ્સ મિશ્રિત ગોળીઓ હતી. આ પ્રતિબંધિત દવાની નિકાસ કરવા સરકાર અને નાર્કોટિક્સ વિભાગની મંજૂરીઓ મેળવી જરૂરી છે. ઝડપાયેલી દવાઓના નમૂના લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલી દેવાયા છે અને તપાસ પૂર્ણ થયે કોઈ અધિકારીની સંડોવણી જણાશે તો તેને સસ્પેન્ડ સહિતની કાર્યવાહી કરાશે

# અમેરિકા રહેતી એનઆરઆઈ મહિલાને પ્રેમજાળમાં ફસાવી લાખોની છેતરપિંડી આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના રામપુરા વિસ્તારમાં રહેતા એક શખ્સે અમેરિકાસ્થિત મૂળ ગુજરાતી એનઆરઆઈ મહિલાને પોતાની પ્રેમજાળમાં ફસાવીને લાખોની છેતરપિંડી આચરી હોવાનો ગુનો નોંધાયો હતો. આ વિધર્મી યુવકે યુવતીને પહેલા તો ધર્મપરિવર્તન કરાવ્યું હતું. આરોપી એઝાઝ પટેલે વીડિયો કોલ દ્વારા લગ્ન કરી મહિલા પાસેથી ૬૦ લાખ રોકડા અને ૧૮ તોલા સોનાના દાગીના પડાવી લીધા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, મૂળ હિંમતનગરની વતની ૪૦ વર્ષીય મહિલા વર્ષ ૨૦૧૪માં હૈદરાબાદના એક આઈ.ટી. એન્જિનિયર સાથે લગ્ન કરી ૨૦૧૮માં અમેરિકા સ્થાયી થઈ હતી. આ દરમિયાન તે પોતાની પુત્રી માટે સુરતના જી-૩ શો રૂમમાંથી ઓનલાઇન કપડાં મંગાવતી હતી. ત્યાં નોકરી કરતા એઝાઝ સલીમ પટેલ સાથે તેનો ફોન પર પરિચય થયો હતો. તેવામાં વર્ષ ૨૦૨૦માં મહિલાના તેના પતિ સાથે છૂટાછેડા થતાં એઝાઝે તેને પ્રેમજાળમાં ફસાવી હતી.

વર્ષ ૨૦૨૪માં એઝાઝ મહિલાને સાઉદી અરેબિયા લઈ ગયો હતો, જ્યાં દબાણપૂર્વક તેનું ધર્મપરિવર્તન કરાવી તેને મુસ્લિમ બનાવી દીધી હતી. ત્યારબાદ તે મહિલા સાઉદીથી અમેરિકા ગઈ અને એઝાઝ ભારત આવ્યો હતો, ત્યારબાદ મે-૨૦૨૪માં તેમણે વીડિયો કોલ દ્વારા લગ્ન કર્યા હતા. વર્ષ ૨૦૨૫માં બંને ઇન્ડોનેશિયામાં મળ્યા હતા, જ્યાં એક હોટલમાં સાત દિવસ રોકાણ દરમિયાન એઝાઝે મહિલા પાસે મિલકતની માંગણી શરૂ કરી હતી.

પીડિત મહિલાના જણાવ્યા અનુસાર, એઝાઝે અલગ-અલગ બહાને તેની પાસેથી કુલ ૬૦ લાખ રૂપિયા પડાવ્યા હતા. એટલું જ નહીં, અમેરિકા દાગીના પહોંચાડવાના બહાને મહિલાના ભાઈ પાસેથી ૧૮ તોલા સોનાના દાગીના પણ સુરત મંગાવી લીધા હતા. આ ઉપરાંત, મહિલાનો હૈદરાબાદમાં આવેલો ફ્લેટ પચાવી પાડવાના ઈરાદે તેની ચાવીઓ પણ મેળવી લીધી હતી.

# અમદાવાદમાં ૫૪૩ પોલીસ અધિકારી મેદસ્વિ, ૨૯૯૯ કર્મચારીઓ ઓવર વેઈટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના પોલીસકર્મીઓમાં વધી રહેલી મેદસ્વિતા ચિંતાનો વિષય બન્યો છે. અમદાવાદ શહેર પોલીસ અંગે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. તાજેતરમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા યોજાયેલા મેડિકલ કેમ્પમાં ૫૪૩ અધિકારીઓ અને કર્મચારીઓ અત્યંત મેદસ્વી જણાયા હતા. જ્યારે ૨૯૯૯ કર્મચારીઓને ઓવર વેઈટ શ્રેણીમાં રાખવામાં આવ્યા હતા. પોલીસ દળમાં વધી રહેલી શારીરિક અક્ષમતાના કારણે ઉચ્ચ અધિકારીઓએ ફિટનેસ વર્કશોપ, પરેડ ડ્રીલ અને ડાયટ કંટ્રોલના આદેશ આપ્યા હતા. અમદાવાદને દેશના સૌથી સુરક્ષિત શહેરોમાં રાખવાનું ગૌરવ લેનારા આ દળ માટે ઉપરોક્ત તારણોએ ફિટનેસ બાબતે કડક પગલાં લેવાની ફરજ પાડી હતી.

અત્યંત મેદસ્વી જણાયેલા ૫૪૩ અધિકારીઓને વજન ઘટાડવા માટેના ખાસ વર્કશોપમાં મોકલવામાં આવ્યા છે. બાકીના કર્મચારીઓને સ્થિતિ વધુ વણસે તે પહેલાં તેમની જીવનશૈલી સુધારવા માટે ચેતવણી આપવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓએ એક સરળ ફોર્મ્યુલા તૈયાર કરી છે.

# વિવાદિત કીર્તિ પટેલ સામે બીજી ફરિયાદ: સાધુ-સંતોની લાગણી દુભાવવા બદલ ભવનાથ પોલીસની કાર્યવાહી

અમદાવાદ: જૂનાગઢના ગિરનારની તળેટીમાં ભવનાથ ખાતે યોજાયેલા મહાશિવરાત્રિના મેળામાં કીર્તિ પટેલે મૃગીકુંડમાં ડૂબકી લગાવી નવો વિવાદ છેડ્યો છે. ભગવા વસ્ત્રો પહેરીને પ્રતિબંધિત વિસ્તારમાં સ્નાન કરવા બદલ અને સાધુ-સંતોના અપમાન બદલ કીર્તિ પટેલ વિરુદ્ધ ભવનાથ પોલીસ સ્ટેશનમાં બીજી ફરિયાદ નોંધવામાં આવી હતી. કીર્તિ પટેલે મૃગીકુંડમાં સ્નાન કરતાં સાધુ-સંતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પ્રભાસ પાટણ નિરાલી ખોડિયાર આશ્રમના મહંત બજરંગદાસ બાપુએ કીર્તિ પટેલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે કીર્તિ પટેલે સાધુ-સંતોની લાગણી દુભાવી છે અને તેમને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કીર્તિ પટેલ સામે ૨૪ કલાકમાં આ બીજી ફરિયાદ છે. ૧૭ ફેબ્રુઆરીના રોજ જ્યારે તે મૃગીકુંડમાં સ્નાન કરવા પહોંચી ત્યારે ત્યાં ફરજ પર રહેલા મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર (પીઆઈ) કે. જે. મોડ સાથે તેણે ઘર્ષણ કર્યું હતું. સરકારી ફરજમાં રૂકાવટ અને ગેરવર્તન બદલ પીઆઈએ તેની સામે પ્રથમ ફરિયાદ દાખલ કરાવી હતી.એક પછી એક બે ફરિયાદો નોંધાતા જૂનાગઢ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. કીર્તિ પટેલની ધરપકડ કરવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાયબર ફ્રોડ કેસમાં હાઇ કોર્ટનો આદેશ: માત્ર ફ્રોડની રકમ જ ફ્રીઝ કરો, આખું બૅંક એકાઉન્ટ નહીં

અમદાવાદ: ગુજરાત હાઇ કોર્ટે સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા કરવામાં આવતી એકપક્ષીય કાર્યવાહી મામલે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. જસ્ટિસ એમ.આર. મેંગડેની કોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો હતો કે, સાયબર ફ્રોડના કિસ્સામાં જેટલી રકમ વિવાદિત હોય અથવા ફ્રોડની હોય, તેટલી જ રકમ ફ્રીઝ કરવી જોઈએ. બાકીની રકમનો ઉપયોગ કરવા માટે ખાતેદારને છૂટ આપવી પડશે.

આ કેસની વિગતો મુજબ, એક નાની મોબાઈલ શોપ ધરાવતા વેપારીના ખાતામાં કોઈ ગ્રાહકે મોબાઈલ ખરીદી પેટે નાણાં ચૂકવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તે નાણાં સાયબર ફ્રોડના ગુના સાથે સંકળાયેલા ખાતામાંથી આવ્યા હતા. આ કારણસર સાયબર પોલીસે વેપારીનું આખેઆખું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દીધું હતું. પોતાના અંગત અને ધંધાકીય વ્યવહારો અટકી જતાં અને આજીવિકા પર સંકટ આવતા વેપારીએ હાઇ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.સુનાવણી દરમિયાન હાઇ કોર્ટે રાજ્યના ડીજીપી અને આઇજીપી દ્વારા ૮ જુલાઈ, ૨૦૨૪ના રોજ બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાને ટાંકી હતી. આ માર્ગદર્શિકા મુજબ, જો સાયબર ફ્રોડનો ગુનો ૫ લાખ રૂપિયાથી ઓછી રકમનો હોય, તો પોલીસ માત્ર તેટલી જ રકમ ફ્રીઝ કરી શકે છે.

# બેવડી ઋતુની અસર હૉસ્પિટલોમાં દેખાઈ, વાઈરલ ઈન્ફેક્શનમાં ઉછાળો

અમદાવાદ: અમદાવાદ સહિત ગુજરાતભરમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. સવારે અને મોડી રાત્રે ઠંડી અને બપોરે ગરમીની અસર હૉસ્પિટલોમાં દેખાઈ રહી છે. અમદાવાદની જ વાત કરીએ તો મોટાભાગની સરકારી અને ખાનગી હૉસ્પિટલોમાં દરદીઓ ઊભરાઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી બદલાતા વાતાવરણ અને મિશ્ર ઋતુને કારણે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરની વિવિધ સરકારી અને ખાનગી હૉસ્પિટલોમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે, જેમાં ખાસ કરીને વાઈરલ ઇન્ફેક્શન અને ડેન્ગ્યૂના કેસોમાં મોટો ઉછાળો નોંધાયો છે. આરોગ્ય વિભાગે આપેલા આંકડા અનુસાર છેલ્લા એક જ અઠવાડિયામાં અમદાવાદની સરકારી હૉસ્પિટલોમાં કુલ ૧૪,૭૪૬ ઓપીડી નોંધાઈ હતી. વાઈરલ ઈન્ફેક્શનના ૬૦ જેટલા દરદીઓ છે. જ્યારે ડેન્ગ્યૂના દરદીઓ ૬૮ છે. આ બધા હાલમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. મલેરિયાના સૌથી વધુ ૫૯૭ દરદી સારવાર લઈ રહ્યા છે. આ સાથે ટાઈફોઈડના ૪ દરદી નોંધાયા હતા. બેવડી ઋતુ સહિતના કારણોને લીધે બાળકો પર બીમાર થઈ રહ્યા છે.

# અમદાવાદમાં હનીટ્રેપ મામલે ત્રણ આરોપીઓની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં હનીટ્રેપ મામલે રામોલ પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી હતી. જ્યારે ગેંગનો મુખ્ય સૂત્રધાર અને ત્રણેય મહિલાઓ ફરાર છે. જેની શોધખોળ ચાલી રહી છે. આરોપીની તપાસમાં બહાર આવ્યું હતું કે, આ ત્રણ આરોપી મુખ્ય આરોપી રવિ હળવદીયા તેની પત્ની ગીતા ગોહિલ, હિતેન ચૌહાણની માતા સંગીતા ચૌહાણ અને અસફાકની ગર્લ ફ્રેન્ડ નાઝ ખાન સાથે મળીને હનીટ્રેપનું રેકેટ ચલાવતા હતાં. જેમાં મોટી ઉંમરના લોકોને ટાર્ગેટ કરીને સોશ્યિલ મીડિયાના માધ્યમથી કોન્ટેક્ટ કરી મળવા બોલાવી પૈસા પડાવતા હતા. આરોપી પોતાની માતા, પત્ની અને ગર્લફ્રેન્ડ સાથે મળીને નિર્દોષ લોકોને શિકાર બનાવતા હતા.

# બજેટ હાઈલાઈટ્

## ૧. ટૂરિઝમ– ગુજરાત તૈયાર કરશે ૧૦૦૦ ટૂરિસ્ટ ગાઈડ

ટૂરિઝમ ગુજરાતનું ખૂબ જ મહત્ત્વનું સેક્ટર છે. આ માટે સરકારે બજેટમાં અલગ અલગ જાહેરાતો કરી છે.જે અંતર્ગત રાજ્યમાં ૧૦૦૦ ટુરિસ્ટ ગાઈડ તૈયાર કરાશે. આ માટે રૂ. ૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. ગુજરાતને વેડિંગ ડેસ્ટિનેશન બનાવવા માટે વેડ ઈન ગુજરાત કેમ્પેઈન ચલાવવામાં આવશે. અંબાજી યાત્રાધામના સર્વાંગી વિકાસ માટે અંબાજી કોરિડોર માસ્ટરપ્લાન અંતર્ગત રૂ. ૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. પવિત્ર યાત્રાધામ બહુચરાજીના નવનિર્માણ, જૂનાગઢના ગીરનાર ખાતે યોજાતા મહાશિવરાત્રીના મેળામાં અને માઁ નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે રૂ. ૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સોમનાથ અને શિવરાજપુર બીચ તેમજ વિસાવડા-પોરબંદર ખાતે સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા કુલ રૂ. ૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. સોમનાથ મુકામે મલ્ટી મૉડેલ ટ્રાન્સપોર્ટ હબના ધોરણે અદ્યતન સુવિધા ધરાવતું બસ પોર્ટનું નિર્માણ કરવામાં આવશે. જેના માટે રૂ. ૪૪૭ કરોડનું આયોજન છે.

## ૨. આરોગ્ય– ૧૮ વર્ષ સુધીનાઓને મળશે આરોગ્ય કાર્ડ

પ્રધાનમંત્રી જન આરોગ્ય મુખ્યમંત્રી અમૃતમ(મા યોજના) હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના અંદાજે ૨ કરોડ ૭૨ લાખ લોકોને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર માટે રૂ. ૩૪૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. જીએમઈઆરએસ સંચાલિત મેડીકલ હોસ્પિટલો માટે રૂ. ૧૮૫૧ કરોડની જોગવાઇ, અમદાવાદ તેમજ સુરત ખાતે બનનારી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ તથા કેન્સર, કાર્ડિયાક-ન્યુરો, યુરો-નેફ્રો સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સાથે ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ તેમજ સેટેલાઈટ સેન્ટર સુરત, સોલા-અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગર માટે રૂ. ૧૮૬ કરોડની જોગવાઇ. સ્કૂલ હેલ્થ રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના બાળકોને આરોગ્ય કાર્ડ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## 3. વન અને પર્યાવરણ– ગ્રીન વોલ ઓફ અરવલ્લી માટે જોગવાઈ

રાજ્યના વન વિસ્તાર બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂપિયા રૂ. ૭૫૦ કરોડની જોગવાઇ, વનોના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી માટે રૂ.૬૬૭ કરોડ, વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ. ૪૬૯ કરોડની, વળતર વનીકરણ તેમજ અન્ય વન વિકાસલક્ષી કામગીરીઓ માટે રૂ.૩૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જિલ્લા અને તાલુકા સ્તરે માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવા રૂ. ૧૦૨ કરોડ, ૧૦ નવીન ઘાસ ગોડાઉન બાંધકામ અને કચ્છના બન્ની ઘાંસીયા મેદાનમાં ગ્રાસલેન્ડ રીસ્ટોરેશન માટે રૂ. ૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. ગ્રીન વોલ ઓફ અરવલ્લી હેઠળ રૂપિયા ૩૨ કરોડની જોગવાઇ બજેટમાં કરવામાં આવી હતી.

## ૪. ગૃહ – પોલીસકર્મીઓને મળશે ઘર

પોલીસ કર્મચારીઓ માટે આગામી પાંચ વર્ષમાં કુલ ૨૦ હજાર ૪૪૪ રહેણાક મકાનો પૂરા પાડવાનું આયોજન છે. જે માટે આ બજેટમાં રૂ. ૧૫૭૧ કરોડની જોગવાઇ કરવામાં આવી. રાજ્યના પોલીસ બિન રહેણાક મકાનો કે જેમાં વિવિધ જિલ્લાઓની કચેરીઓ, પોલીસ સ્ટેશન જેવા કુલ-૧૦૭ મકાનો બનાવવા રૂ. ૧૩૬ કરોડની જોગવાઇ, ડાયલ ૧૧૨ જનરક્ષક પ્રોજેક્ટ હેઠળ નવી ૩ હજાર જગ્યાઓ ઊભી કરવા જોગવાઇ, એન્ટિ ડ્રોન સિસ્ટમ રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી.

## ૫. કૃષિ– નાના ગોડાઉન માટે સવલત

ખેડૂતોને વીજ સહાય આપવા રૂ. ૯૩૨૪ કરોડની જોગવાઇ, સૂક્ષ્મ સિંચાઇ માટે રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઇ, કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેક્ટર ખરીદી સહાય માટે ૮૦૦ કરોડની જોગવાઇ, કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય માટે રૂ. ૭૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ સાથે નાના ગોડાઉન બનાવવા મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અંતર્ગત અંદાજિત ૧૫ હજાર ૪૩૬ ખેડૂતોને રૂ.૧ લાખ સહાય આપવા રૂ. ૧૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખાતેદાર ખેડૂતોના આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં રૂ.૪ લાખ સુધીનું વીમા રક્ષણ આપવા રૂ.૧૪૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અદ્યતન ડ્રોન ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રીપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવા રૂ. ૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ. ૭૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાના કાર્યક્રમથી ખેડૂતોની આવક વધારવા રૂ. ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી.

## ૬. શિક્ષણ– પ્રાથમિક શાળાઓમાં વધશે સુવિધા

મિશન સ્કૂલ્સ ઓફ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના માળખાગત સુધારણા માટે રૂ.૩૦૫૫ કરોડની જોગવાઇ કરવામા આવી હતી. નમો લક્ષ્મી યોજના માટે રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઇ, રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૮૨૭ કરોડની જોગવાઇ, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે રૂ.૫૯૮ કરોડની જોગવાઇ, રિપેરિંગ રીનોવેશન તેમજ વધારાના બાંધકામ માટે રૂ.૩૪૨ કરોડની જોગવાઇ, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ. ૨૫૦ કરોડની જોગવાઇ કરી હતી. જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ માટે રૂ. ૨૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી.

## ૭. શહેરી વિકાસ– નમો સ્વદેશી અર્બન મોલ બનશે

રાજ્યની લગભગ ૪૮%થી વધુ વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે. તેમના માટે વિશેષ સુવિધાઓની જાહેરાત કરવામાં આવી હતી. શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને નાણાકીય સહાય માટે રૂ. ૩૩૫૪ કરોડની જોગવાઇ, અમદાવાદ અને સુરત મેટ્રો વિસ્તરણ સહિત ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ. ૨૨૧૭ કરોડની જોગવાઇ, પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા માટે રૂ.૧૪૨૦ કરોડની જોગવાઇ, ઝીરો વેસ્ટ શહેરો નિર્મળ ગુજરાત ૨.૦ અને પિન્ક ટોઇલેટ માટે કુલ રૂ. ૩૨૯ કરોડની જોગવાઇ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે માળખાગત સુવિધાઓના વિકાસ માટે રૂ. ૨૩૬ કરોડની જોગવાઇ, શહેરી પરિવહનને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી સ્માર્ટ પાર્કિંગ તથા ઇન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ, ૧૨ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના માટે રૂ. ૧૮૦ કરોડની જોગવાઇ, ગાંધીનગર ખાતે નમો સેન્ટ્રલ લાઇબ્રેરી અને રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓ ખાતે ડિજિટલ લાઇબ્રેરી બનાવવા કુલ રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ, દરેક મહાનગરપાલિકામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને ફ્લાયઓવર નીચે સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ, અફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના અંતર્ગત રૂ. ૫૦ કરોડની જોગવાઇ, નમો સ્વદેશી અર્બન મોલ અને સ્વદેશી મેળાઓ યોજવા માટે રૂ. ૪૫ કરોડની જોગવાઇ, ગિફ્ટ સિટીમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે રૂ. ૪૫ કરોડની જોગવાઇ અને પીએમ ઈ-બસ યોજના માટે રૂ. ૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

## ૮. મહિલા અને બાળ વિકાસ– ૨૦૦૦ આંગણવાડી બંધાશે

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત રૂ. ૨૮૪૮ કરોડની જોગવાઇ, આંગણવાડી બહેનોના માનદવેતન માટે રૂ. ૧૧૨૮ કરોડની જોગવાઇ, હિમોગ્લોબિનના પ્રમાણમાં સુધારા માટે પૂર્ણા શક્તિના પેકેટ આપવા રૂ. ૩૬૨ કરોડની જોગવાઇ, બે હજાર આંગણવાડી કેન્દ્રોના રૂ. ૩૬૦ કરોડની જોગવાઇ, વ્હાલી દીકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે રૂ. ૨૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી.

# પુરુષ



## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com


# પુરુષોના મનનું ‘બ્લેક બોક્સ’... જે ક્યારેય નથી ખૂલતું!

વિમાન જ્યારે દુર્ઘટનાગ્રસ્ત થાય છે ત્યારે આખી દુનિયા જે એક નાનકડા સાધનની શોધમાં અધીરી બને છે તે છે ‘બ્લેક બોક્સ’.

આ બોક્સમાં વિમાનની સૌથી છેલ્લી ક્ષણોની તમામ હકીકતો, પાઈલોટનો સંવાદ અને ટેક્નિકલ ખામીઓનાં રહસ્યો દફન હોય છે. નવાઈની વાત એ છે કે આપણી આસપાસ ફરતા, મજબૂત દેખાતા અને જવાબદારીઓના બોજ નીચે દબાયેલા પુરુષોનું મન પણ કંઈક આવા જ બ્લેક બોક્સ જેવું હોય છે. આ બ્લેક બોક્સમાં અનેક સંઘર્ષો, રુદન, ડર અને અધૂરી ઈચ્છાઓ સંગ્રહાયેલી હોય છે, જે બહારની દુનિયા માટે હંમેશાં અકબંધ રહે છે. સમાજે પુરુષની જે છબી કંડારી છે, તેમાં ક્યાંય નબળાઈને સ્થાન નથી. ‘પુરુષ ક્યારેય રડે નહીં’ અથવા ‘મર્દ કો દર્દ નહીં હોતા’ જેવી ફિલ્મી અને સામાજિક માન્યતાઓએ પુરુષનાં મન પર એવાં મજબૂત તાળાં મારી દીધાં છે કે તે પોતાની અંદર ચાલતાં વાવાઝોડાં વિશે કોઈને જાણ થવા દેતો નથી.

બાળપણથી જ છોકરાઓને શીખવવામાં આવે છે કે તારે રક્ષક બનવાનું છે, તારે કમાવાનું છે અને તારે આખા પરિવારનો સ્તંભ બનવાનું છે. આ ‘સ્તંભ’ બનવાની પ્રક્રિયામાં તે ક્યારે પથ્થર જેવો જડ બની જાય છે તેની તેને ખુદને પણ ખબર નથી રહેતી. પુરુષ જ્યારે ઓફિસેથી થાકીને ઘરે આવે છે, ત્યારે તેના ચહેરા પર છવાયેલો થાક માત્ર કામનો નથી હોતો, પણ એ સતત ચાલી રહેલી સ્પર્ધા અને અસલામતીનો હોય છે. તેને ડર લાગે છે કે જો તે નિષ્ફળ જશે તો તેની પાછળ નિર્ભર રહેલા લોકોનું શું થશે? આ ‘પ્રોવાઈડર’હોવાનો બોજ તેના મનના બ્લેક બોક્સમાં કેદ રહે છે. તે ક્યારેય પત્નીને એમ નથી કહી શકતો કે આજે ઓફિસમાં મારો આત્મવિશ્વાસ ડગમગી ગયો હતો, કે તે ક્યારેય પિતાને એમ નથી કહી શકતો કે મને આ વ્યવસાયમાં રસ નથી. તે બસ એક મશીનની જેમ ચાલતો રહે છે કારણ કે તેના મૌનને દુનિયા તેની મજબૂતી માની લે છે.

સંબંધોની બાબતમાં પણ પુરુષોનું મન ઘણું રહસ્યમય હોય છે. બે પુરુષ મિત્ર કલાકો સુધી સાથે બેસી શકે છે, રાજકારણ કે ક્રિકેટ પર ચર્ચાઓ કરી




શકે છે, પણ ભાગ્યે જ એવું બને કે એક મિત્ર બીજા મિત્રના ખભા પર માથું મૂકીને એમ કહે કે ‘યાર, હું અંદરથી ભાંગી પડ્યો છું. ‘પુરુષોની મિત્રતામાં પણ એક અઘોષિત ‘બ્રો-કોડ’હોય છે, જ્યાં ભાવનાત્મક પ્રદર્શનને નબળાઈ ગણવામાં આવે છે. આ જ કારણ છે કે પુરુષોમાં એકલતાનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં વધુ હોય છે. સ્ત્રી પોતાની પીડા સંવાદ દ્વારા હળવી કરી શકે છે, જ્યારે પુરુષ તે પીડાને મનના બ્લેક બોક્સમાં દાટી દે-ભંડારી દે છે... વર્ષો સુધી જમા થયેલી આ પીડા ક્યારેક ગુસ્સો બનીને બહાર આવે છે તો ક્યારેક બ્લડ પ્રેશર કે હૃદયરોગ જેવા શારીરિક રોગોનાં સ્વરૂપે ફાટી નીકળે છે. દુનિયાને જે ગુસ્સો દેખાય છે, તેની પાછળ વાસ્તવમાં વર્ષોનું દબાયેલું દુઃખ હોય છે જેને કોઈ શબ્દો મળ્યા નથી હોતા.

મધ્યમ વયે પહોંચતા પુરુષમાં ‘મિડ-લાઈફ ક્રાઈસિસ’ એક ગંભીર સમસ્યા છે, છતાં તેના વિશે કોઈ ખૂલીને વાત કરતું નથી. પિસ્તાલીસની ઉંમરે પહોંચેલો પુરુષ જ્યારે અચાનક શાંત થઈ જાય છે અથવા વધુ પડતો ચિડિયો બની જાય છે, ત્યારે તે ખરેખર તેના અસ્તિત્વના પ્રશ્નો સાથે લડતો હોય છે. તેણે આખી જિંદગી અન્યો માટે જીવવામાં વિતાવી હોય છે અને જ્યારે તે પાછળ વળીને જુએ છે ત્યારે તેને પોતાના અસ્તિત્વનો ખાલીપો દેખાય છે. તેની આસપાસ લોકોની ભીડ હોય છે, પરિવાર હોય છે, પણ તેની અંદરની વાત સમજનાર કોઈ હોતું નથી. તે પોતે પણ એ વાત વ્યક્ત કરતા અચકાય છે, કારણ કે તેને લાગે છે કે જો તે હવે ભાવુક થશે તો લોકો તેને પાગલ ગણશે અથવા તેની મજાક ઉડાવશે. આ સંઘર્ષ તેના મનના ઊંડાણમાં ચાલતો રહે છે અને બ્લેક બોક્સ વધુ ને વધુ ભારે થતું જાય છે.

આધુનિક યુગમાં સ્ત્રી સશક્તીકરણની વાતો થાય છે જે ખૂબ જરૂરી છે, પણ આ પ્રક્રિયામાં પુરુષો પર વધેલા માનસિક દબાણને સમજવાની પણ એટલી જ જરૂર છે. આજે પુરુષે માત્ર આર્થિક રીતે સક્ષમ નથી રહેવાનું, પણ તેણે ઘરકામમાં મદદ કરવાની છે, આધુનિક પિતા બનવાનું છે અને પત્નીની કરિયરને પણ સપોર્ટ કરવાનો છે.

આ તમામ બદલાતા રોલ મોડેલ્સ વચ્ચે તે ઘણીવાર મૂંઝવણ અનુભવે છે. તેને શીખવવામાં આવ્યું હતું જૂનું મોડેલ, પણ જીવવાનું છે નવું મોડેલ. આ મથામણ તેને અંદરથી કોરી ખાય છે. જ્યારે તેની પત્ની કે પાર્ટનર તેના કરતા વધુ સફળ થાય છે, ત્યારે તેનો અહમ નહીં પણ તેના ઉછેર દરમિયાન અપાયેલી ‘મર્દાનગી’ની ખોટી વ્યાખ્યા તેને પીડા આપે છે. તે ઈચ્છવા છતાં આ સામાજિક બેડીઓ તોડી શકતો નથી અને ફરીથી મૌનની ઢાલ પાછળ આશરો લે છે.

વાસ્તવમાં, પુરુષોના મનનું આ બ્લેક બોક્સ ખોલવા માટે સમાજે અને પરિવારે એક સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું પડશે. આપણે સ્વીકારવું પડશે કે પુરુષને પણ થાક લાગે છે, તેને પણ નિષ્ફળતાનો ડર લાગે છે અને તેને પણ કોઈના ટેકાની જરૂર હોય છે. ‘તારે મજબૂત રહેવું પડશે’ એવી સલાહ આપવાને બદલે ‘તું જેવો છે તેવો અમને મંજૂર છે’ એવો ભરોસો આપવાની જરૂર છે. પુરુષનું મૌન એ હંમેશા તેની શાંતિ નથી હોતી, ઘણીવાર એ તેની લાચારી હોય છે. જે દિવસે પુરુષ પોતાનું મન ખોલીને રડી શકશે અથવા પોતાની હારનો સ્વીકાર કરી શકશે, તે દિવસે આ બ્લેક બોક્સનો બોજ હળવો થશે. ત્યાં સુધી, તે બહારથી સ્મિત આપતો રહેશે, જવાબદારીઓ ઉપાડતો રહેશે અને પોતાની અંદર એક આખું અજાણ્યું વિશ્વ લઈને ફરતો રહેશે. તે બ્લેક બોક્સ જે વિમાનની જેમ હવામાં ઊડે તો છે, પણ તેની અંદરની સાચી હકીકત માત્ર અંતિમ ક્ષણે જ બહાર આવે છે. જરૂરિયાત એ વાતની છે કે આ રહસ્યો દુર્ઘટના પછી નહીં, પણ જીવતા જીવ સંવાદ દ્વારા ઉકેલાય.

ઈનશોર્ટ, આ આખી વાતનો સાર માત્ર એટલો જ મર્દાનગી એ લાગણીઓને દબાવવામાં નથી, પણ તેને સમજવામાં અને વ્યક્ત કરવામાં છે.

સમાજ તરીકે આપણે પુરુષના મૌનને વાંચતા શીખવું પડશે. તેની આંખોમાં દેખાતા ખાલીપાને પારખવો પડશે. તે જ્યારે એકલો બેસીને આકાશ તરફ જોતો હોય કે રાત્રે મોડે સુધી જાગતો હોય ત્યારે તે કદાચ તેના બ્લેક બોક્સનાં પાનાં ઉથલાવી રહ્યો હોય છે. તેને એવા કાનની જરૂર છે જે ચુકાદો આપ્યા વગર તેને સાંભળે અને એવા હૃદયની જરૂર છે જે તેની નબળાઈમાં પણ તેની મજબૂતી જુએ. જે દિવસે પુરુષનું મન બ્લેક બોક્સ મટીને એક ખુલ્લું પુસ્તક બનશે, તે દિવસે કદાચ સાચા અર્થમાં માનવીય સંબંધોનો સૂર્યોદય થશે. ત્યાં સુધી આ બ્લેક બોક્સ બંધ રહેશે અકબંધ, રહસ્યમય અને ભારેખમ. ■

# પત્નીને પિયર જવું ગમતું કેમ નથી?!

*ડિયર હની,*

આપણા લગ્ન બાદ તારું પિયર જવું એ મને ગમતી વાત નહોતી. હા, એટલું સારું હતું કે, તારું પિયર અને તારું સાસરું એક જ શહેરમાં છે. પણ તું થોડા દિવસ પણ પિયર જતી અને મને થતું કે પછી ક્યારે આવીશ? પેલા જોક તો ઠીક છે, જેમાં પત્ની પિયર જતી હોય ત્યારે પતિ બહુ રાજી થતો હોય ...પણ સાચી વાત એ છે કે, પત્નીને પિયર ગયાને ચાર- પાંચ દિવસ થાય ત્યાં પતિને પત્નીની ગેરહાજરી સાલવા લાગે છે. મોટાભાગના પતિની હાલત લગભગ એકસરખી હોય છે , પણ લગ્નના અમુક વર્ષો વીતે પછી સ્થિતિ બદલાઈ જાય છે. પત્નીને પછી પિયર જવા માટેનું ખેંચાણ ઓછું થતું જાય છે.

તારી જ વાત કરું તો તારું પિયર આપણા ઘરથી બહુ દૂર નથી. પણ લગ્નના ત્રણ દાયકા બાદ હવે તું પિયર જવાની વાત આવે તો બહુ ઉત્સાહિત નથી હોતી. તારી મમ્મી તને કહે કે, થોડા દિવસ રોકાવા માટે કહે તો પણ તું તૈયાર નથી થતી. એકાદ દિવસ જાય કે પછી સવારે જાય ને રાતે પાછી આવી જાય છે. આને લઈને હું તારી મજાક પણ કરું છે કે, થોડા દિવસ તું માવતર જા તો મને વેકેશન જેવું મળે...પણ મુદો એ છે કે, લગ્નનાં અમુક વર્ષો પછી પત્નીને ખુદ પિયર જવું કેમ ઓછું ગમે છે?

આ મુદો, સમજવા જેવો છે -ચર્ચવા જેવો છે ... પત્નીને શરૂઆતમાં પિયર એ ‘પોતાનું ઘર સારુ લાગે છે ને સાસરું પારકું.. ’ પણ સમય વીતે, બાળકો મોટા થાય, અને ઘરની જવાબદારીઓ વધે તેમ પત્ની માટે તેનું પોતાનું ઘર (સાસરું) જ તેના જીવનનું કેન્દ્ર બની જાય છે. બાળકોના અભ્યાસ, પતિની જરૂરિયાતો અને ઘરના સંચાલન વચ્ચે પિયર જવા માટે લાંબો સમય કાઢવો અઘરો બને છે.

બીજું એક કારણ એ ય છે કે, એ એક કડવું પણ સત્ય છે કે સમય જતાં પિયરમાં ભાઈઓના લગ્ન થાય છે, ભાભીઓ આવે છે.

માતા-પિતા હોય ત્યાં સુધી પિયર જવાનો હક અને ખેંચાણ વધારે હોય છે, પણ માતા-પિતાની વિદાય પછી પત્નીને લાગે છે કે હવે ભાઈ-ભાભીના જીવનમાં પોતે એક મહેમાન છે. ત્યાંની વ્યવસ્થા હવે તેની મરજી મુજબની નથી હોતી. માં -બાપ હોય ત્યારે પિયર જાવ ત્યારે મા ખબરઅંતર પૂછે , પિતા પૂછે કે કોઈ તકલીફ તો નથી ને, આજે તારું ભાવતું બનાવ્યું છે, તે જમી લીધું?

...આવું પૂછનાર માતા- પિતાના ગયા પછી કોઈ નથી હોતું. આ તફાવત પત્નીને પિયર જતા રોકે છે.

બીજી તરફ, સ્ત્રી પિયર જવાનું ઓછું કરે એનો અર્થ એ નથી કે તેને પિયર પ્રત્યે પ્રેમ ઓછો થઈ ગયો છે, પણ એનો અર્થ એ છે કે તેણે હવે સાસરાને સંપૂર્ણપણે પોતાનું કરી લીધું છે. હવે તે અહીં મહેમાન નથી, પણ આ ઘરનો પાયો છે. મા-બાપની હાજરીમાં એને જે ઓથ અને હકની હૂંફ મળે છે તે મા-બાપના ગયા પછી ઓગળી જાય છે. માતા-પિતા હોય ત્યાં સુધી દીકરી પિયરમાં ઘરની સભ્ય તરીકે ગમે ત્યારે રસોડામાં જઈ શકે, ગમે તે ડબ્બો ખોલીને ખાઈ શકે , પણ મા-બાપ પછી એ ભાઈ-ભાભીના ઘરે એ મહેમાન બની જાય છે...

હવે એને પૂછીને કામ કરવું પડે છે અથવા તો ભાભીની મર્યાદા રાખવી પડે છે. આ ઔપચારિકતા દીકરીને અંદરથી ખૂંચે છે. ભાઈ-ભાભીનો પ્રેમ હોય તો પણ મા-બાપની જગ્યા ક્યારેય ભરાતી નથી. મા-બાપ હોય ત્યાં સુધી દીકરી પિયરમાં લાંબો સમય રોકાઈ શકે છે, પણ મા-બાપ વિના એને એમ લાગે છે કે લાંબુ રોકાવાથી ભાઈ-ભાભીને તકલીફ પડશે અથવા તેમની પ્રાઈવસીમાં દખલ થશે. આ સંકોચ તેને પિયર જતી રોકે છે. એટલું જ નહિ, પોતાના સાસરે એક પ્રકારે બધી અનુકુળતા થઇ ગઈ હોય છે. પહેલા જે પારકું લાગતું હતું એ સાસરું હવે પોતીકું બની ગયું છે. સ્ત્રી એના ઘરની નેતા હોય છે. ઘરના દરેક ખૂણામાં એનો સ્પર્શ વર્તાય છે. પિયરમાં જે હતું એ મૂકી આવી અને સાસરામાં જે છે બધું અપનાવી લીધું અને પછી પોતાની રીતે એમાં બદલાવ પણ કરે છે. એક કમ્ફોટ ઝોન બની જાય છે સાસરું પત્ની માટે. પછી એ પોતીકું ઘર બની જાય છે. સંતાનો મોટા થતા જાય છે. એમના ઉછેરમાં સમય જતો હોય છે. આ બધું સહજ રીતે બનતું જાય છે. કોઈ સ્ત્રી જ આવું કરી શકે. પુરુષનો આ સ્વભાવ નથી.

પણ સાચું કહું તો અમુક સમયે પિયરે જવું જોઈએ. એનાથી એક જુદી ફિલ-હૂંફ મળે છે. જેમ ઘરથી દૂર ફરવા જઈએ અને થોડા રીલેક્સ થવાય છે એમ જ પત્ની એના પિયર જાય ત્યારે એને થોડી રાહત મળે છે. મા-બાપ પણ દીકરી આવે એવું ઇચ્છતા હોય છે. ભાઈ પણ બહેન વેકેશનમાં આવે એવી ઇચ્છા રાખે છે. અને સંતાનોને પણ મામાને ઘેર જવાની તાલાવેલી રહે. જોકે, હવે એ ઓછું થઇ ગયું છે. આ એક સામાજિક વ્યવસ્થા એવી હતી કે જે હવે તૂટતી જાય છે. ગમે તે કહો, પત્નીએ પિયર જવું જોઈએ. એ એના માટે તે એક હવાફેર છે.

*તારો બન્ની.*

# ખુશ રહો, મસ્ત રહો...

સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

આપણે હંમેશાં કહીએ છીએ ‘ફલય શત ષીતિ’ ખુશ થવા માટે, ખુશ રહેવા માટે ઉંમર કેટલી થઇ એ જોવાની કે વિચારવાની જરૂર નથી. યુવાનો, બાળકો ખુશ રહી શકે તો વૃદ્ધો શા માટે ખુશ ન રહી શકે? વૃદ્ધોને પણ જીવનને માણવાનો, ખુશ રહેવાનો હક્ક છે જ. ઘણાં વૃદ્ધો પોતે જ ખુશ રહેતા નથી. દિવેલ પીધાં જેવું ડાચું લઇને ફરે છે. તેમના મનમાં ફરિયાદ જ ફરિયાદ છે. તેમનું જીવન હાલતું ચાલતું ફરિયાદનામું છે.

તબિયતની ફરિયાદ, દીકરાની ફરિયાદ, પુત્રવધૂની ફરિયાદ, નોકરો માટે ફરિયાદ આખો દિવસ વાતવાતમાં રોદણાં રડતા લોકો ક્યારેય ખુશ રહી નથી શકતા.

ઉંમર થાય એટલે રોદણાં નથી રડવાના. ઉંમર થાય એટલે તમારા અનુભવને આધાર જીવન જીવવાનું છે અને બીજા માટે ઉદાહરણ બનવાનું છે. ઘણાં વૃદ્ધો સતત નકારાત્મક વાતો કરે છે અને બીજાના જીવનમાં પણ નકારાત્મકતા ફેલાવે છે. ઉંમર થાય એટલે ખુશ રહેવાનું છે, મસ્ત રહેવાનું છે. નાની- મોટી તકલીફોને નજર અંદાજ કરવાની છે. પોતે ખુશ રહેવાનું અને બીજાના જીવનમાં ખુશી વહેંચવાની.

આજે આપણે વાત કરવાની છે વીણાબહેનની... ૮૮ વર્ષનાં વીણાબહેન બહુજ દેખાવડા. યુવાનીમાં તો એટલા સુંદર લાગતાં કે લોકો તેમને જોવા માટે ઊભા રહી જતા. ગોરા, પાતળા, માંજરી આંખો. આજે આ વયે પણ સુંદર લાગે છે, કારણ કે તેમનો હસતો ચહેરો છે. હસતા રહેવાને કારણે, ખુશ રહેવાને કારણે સ્વાસ્થ્ય પણ સારું છે.

આ ઉંમરે, યુરોપની ટૂર કરી છે. કોઇ પણ પ્રવાસમાં જવાનું હોય વીણાબહેન હંમેશાં તૈયાર. પ્રવાસ કરવાનો તેમને બહુ શોખ છે. પરદેશના પ્રવાસે જવાનું થાય ત્યારે સામાન્ય રીતે આપણે એવું વિચારતા હોઇએ છે કે ત્યાં તો ચાલવાનું બહુ થાય. આપણાંથી નહીં ચાલી શકાય , પણ વીણાબહેન ક્યારેય આવું ન વિચારે. પ્રવાસનું નામ પડે કે વીણાબહેન બેગ બિસ્તરા બાંધીને તૈયાર થઇ જાય. સાથે કંપની માટે એકાદ બહેનપણીને તૈયાર કરી જ લે. વીણાબહેને ઘણી બહેનપણી રાખી છે-તેમની સાથે તેઓ આનંદ કરતા રહે છે.

વીણાબહેનનું જીવન પણ કાંઇ ફૂલોની સેજ નથી રહ્યું. જે રીતે બધાંના જીવનમાં તકલીફો આવે છે, તેમ તેમના જીવનમાં પણ તકલીફો આવી છે. પણ પોતાની



કોઠાસૂઝથી તેઓ મુસીબતોનો સામનો કરીને પાર ઉતર્યા છે.

પતિનુ અવસાન થતા વીણાબહેન એકલા પડ્યાં .. પુત્ર દૂરના પરામાં રહેતો હતો પોતાના પરિવાર સાથે. એકલતા થોડી વસમી લાગે, એ પણ પતિ સાથે અડધી સદીનો સંસાર ભોગવ્યા પછી મોટી ઉંમરે એકલતા કોરી ખાય, ઘર ખાવા ધાય. પણ વીણાબહેન જેમનું નામ. તેમણે ઉપાય શોધી કાઢ્યો. બહુ તો નહીં પણ મુંબઇમાં થોડું મોટું ગણાય એવું ઘર હોવાને કારણે બહારગામથી મુંબઇ ભણવા માટે આવતી દીકરીઓને પોતાને ઘેર પેઇંગ ગેસ્ટ તરીકે રાખવા લાગ્યાં. એમના ઘરમાં હંમેશાં ચાર-પાંચ દીકરી હોય જ. ઘર કલરવથી ગુંજી ઊઠ્યું. વીણાબહેનને કંપનીની કંપની મળી જતી અને ઉપરથી કમાણી પણ થતી આવી સુંદર ગોઠવણ વીણાબહેને કરી લીધી.

વીણાબહેન ત્રણ-ચાર સોશ્યલ ગ્રૂપમાં સભ્ય બની ગયાં. આ ગ્રૂપના મહિનામાં એક-બે કાર્યક્રમ તો હોય જ. તેથી ઓરકેસ્ટ્રા, નાટક, સિનેમા, સાહિત્ય, સંગીતના વિવિધ કાર્યક્રમોનો જલસો તે માણતા રહે છે. વળી આવા સોશ્યલ ગ્રૂપના કાર્યક્રમમાં ભોજનની વ્યવસ્થા પણ હોય છે તેથી વિધવિધ વાનગીઓનો સ્વાદ પણ વીણાબહેન લેતા રહે છે. સોશ્યલ ગ્રૂપમાંથી આયોજિત થતા પ્રમાણમાં વીણાબહેન અચૂક જાય છે. પંજાબી ડ્રેસ અને પેન્ટશર્ટનો પોશાક પણ વીણાબહેન સજ્જ હોય... સાડી પહેરવાનું તેમને ગમે પણ બહુ પહેરતા નથી. હંમેશાં હસવાં -રમતાં વીણાબહેનને મળો તો મળનારને બહુ જ મજા આવે.

વીણાબહેનને ગરબા રમવાનો પણ બહુ શોખ. રાસ-ગરબા હરીફાઇમાં પણ ભાગ લે અને પાછા જીતે પણ ખરાં બોલો.... આ ઉંમરે વીણાબહેનને ગરબા રમવા જોવા એ એક લહાવો છે.

વીણાબહેન પાછાં સોશ્યલ મીડિયા પર પણ એક્ટિવ છે. આપણને થાય આ ઉંમરે મોબાઇલના એપ વાપરતા કેવી રીતે આવડે? પણ વીણાબહેનને બધું આવડે. એ વોટ્સએપ વાપરે અને ફેસબુક પણ વાપરે. પોતાના ફોટોગ્રાફસ ફેસબુક પર અપલોડ પણ કરે. ફેસબુકના મિત્રોની સ્ટોરી પર લાઇક અને કોમેન્ટસ પણ આપે.

વીણાબહેન એટલે ખુશીનો સ્રોત, એનર્જીનું પાવર હાઉસ તો વાંચક મિત્રો, વીણાબહેનની આ વાત જાણીને તમેય ખુશીથી, હસતાં-રમતાં જીવવાનું શીખશો ને? ■

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી


કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## સૌને લાગતું હતું કે હું એક સારી અભિનેત્રી બની શકું એમ છું

**નામ: એન્જેલિના જોલી**
**સમય: ૨૦૨૬**
**સ્થળ: લોસ ફેલિઝ, લોસ એન્જલિસ, કેલિફોર્નિયા**
**ઉંમર: ૫૦ વર્ષ**

હું એન્જેલિના વોઈટ હતી. મારી મા માર્શલીને કદી અમારી સરનેમ બદલવાનો પ્રયત્ન જ ન કર્યો. એણે બીજાં લગ્ન પણ ન કર્યાં. મારી મા એક સ્વમાની અને મહેનતુ સ્ત્રી હતી. એણે મારો અને મારા ભાઈનો ઉછેર ખૂબ સારી રીતે કર્યો. હું છ વર્ષની હતી ત્યારે મારી માની રિલેશનશિપ બિલ ડે નામના એક ફિલ્મમેકર સાથે થઈ. એમણે અનેક સામાજિક અને સાંસ્કૃતિક વિષયો પર ફિલ્મો બનાવી. હોલિવુડના મેઈન સ્ટ્રીમ કલ્ચર સાથે એમને ઝાઝી લેવાદેવા નહોતી, પરંતુ એમણે બનાવેલી ફિલ્મો હંમેશાં ચર્ચામાં રહેતી. બિલ ડેએ અનેકવાર આગ્રહ કર્યા છતાં મારી માએ કોઈ દિવસ એની સાથે લગ્ન કરવાનો વિચાર સુધ્ધાં કર્યો નહીં. જોકે, બિલ અને મારી માના સંબંધો ગાઢ અને વિશ્વાસપૂર્ણ રહ્યા. મારી મા વૃધ્ધ થઈને ગુજરી ગઈ ત્યાં સુધી બિલ સાથે એની આત્મિયતા જળવાઈ રહી. બિલ એક સરસ વ્યક્તિ હતા. એ મને અને મારા ભાઈ જેમ્સને ફિલ્મો જોવા લઈ જતા. અમને થિયેટરનો પરિચય બહુ નાની ઉંમરે મારી મા અને બિલને કારણે થયો. અમે લોસ એન્જેલેસમાં રહેતા હતા, પરંતુ મારા પિતાના સતત ઈન્ટરફિયરન્સને કારણે મારી માએ બિલ સાથે ન્યૂયોર્ક શિફ્ટ થવાનું નક્કી કર્યું. ન્યૂયોર્કમાં પણ મારી માએ અમારે માટે જુદો અપાર્ટમેન્ટ રાખ્યો હતો. એણે કોઈ દિવસ અમને લઈને બિલ સાથે રહેવાનું પસંદ ન કર્યું, એ માટે હું જીવનભર એનો આભાર માનતી રહી. હું જ્યારે આઠ વર્ષની હતી ત્યારે મને લી સ્ટ્રેસ બર્ગ ચિલ્ડ્રન થિયેટરના એક સમર કેમ્પમાં જવા લાગી. મને અહીંથી અભિનયનો શોખ શરૂ થયો... ૧૯૮૨માં મારા પિતા સાથે 'લુકિંગ ટુ ગેટ આઉટ' નામની ફિલ્મમાં મેં બાળ કલાકાર તરીકે કામ કર્યું. એ દિવસોની સ્મૃતિ અદભૂત છે. મારા પિતા મને અભિનયની ઝીણી ઝીણી બારીકીઓ શીખવતા. એમના ખોળામાં બેસવાનું મને ગમતું, પરંતુ હું જ્યારે એમને મારી સાથે લઈ જવાનો આગ્રહ કરતી ત્યારે એ મને પૂરી પ્રામાણિકતાથી સમજાવતા કે 'સ્ટેસીને નહીં ગમે.' એ વખતે મારા પિતાએ મને સાથે લઈ જવાની ના પાડી, સ્ટેસી જ્યારે સેટ પર આવતી ત્યારે એ મારાથી દૂર થઈ જતા. આ બધા અનુભવોને કારણે મારા મનમાં એમની વિરુધ્ધ તિરસ્કારની ભાવના જાગી. હું એમની સાથે વાત નહીં કરું એવું મેં નાની ઉંમરે જ નક્કી કરી લીધું. એ પછી મારા પિતા સાથે કામ કરવાની બે-ત્રણ ફિલ્મની ઓફર આવી, પરંતુ મારી માએ એ ઓફર નકારી. એનું માનવું હતું કે, મારા પિતા સાથે કામ કરીને મને પીડા થાય છે. મારા બાળમાનસ પર વિપરિત અસર થાય છે એટલે એણે પણ મારા પિતાથી દૂર રહેવાના મારા નિર્ણયને પ્રોત્સાહન આપ્યું.

લી સ્ટ્રેસ બર્ગ થિયેટરમાં સૌને લાગતું હતું કે હું એક સારી અભિનેત્રી બની શકું એમ છું, પરંતુ મારી સ્કૂલમાં મને બૂલી કરવામાં આવતી હતી. હું બહુ સુંદર નહોતી. પાતળી, ઉંચી, ઓછી બ્રેસ્ટ ધરાવતી, બ્રેસીસ અને ચશ્મા પહેરતી એક સાવ સાધારણ છોકરી હતી. અમારા ક્લાસની સુંદર છોકરીઓ મારા થિયેટરના શોખને કારણે મારી મજાક ઉડાવતી. ધીરે ધીરે મેં અભિનેત્રી બનવાનો શોખ છોડી દીધો અને નિર્દેશન કરીશ એવું વિચારવા લાગી... ટીનએજમાં આવતાં સુધીમાં મારા ક્લાસમાં થતું બૂલીંગ એટલું બધું વધી ગયું કે મેં સ્કૂલે જવાનું જ બંધ કરી દીધું. એ પછીનો સમય મારી જિંદગીનો અત્યંત એકલવાયો અને અધૂરપનો સમય હતો. ૧૬ વર્ષની ઉંમરે મેં


એન્જેલિના જોલી

પહેલીવાર આપઘાતનો પ્રયત્ન કર્યો. એ પછી સાયકિયાટ્રીસ્ટની ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાં મને વારંવાર ડિપ્રેશનના હુમલા આવતા. મારી મા મને સમજી શકતી નથી એવું મને સતત લાગતું. જેમ્સ બહુ નાનો હતો એટલે એ મારી મદદ કરી શકે એમ નહોતો. હું ધીરે ધીરે એટલી એકલવાયી થઈ ગઈ કે છ મહિનામાં આઠ બોયફ્રેન્ડ બદલી નાખ્યા. એ પછી મારા જીવનમાં ડેવ આવ્યો. એ મ્યુઝિશિયન હતો, મારાથી ૧૨ વર્ષ મોટો. એ મને બાળકીની જેમ ટ્રીટ કરતો. મારા પિતાની જે કમી મને સતત લાગતી હતી એ ડેવની સાથેના સંબંધમાં જાણે પૂરી થતી હોય એવો અનુભવ થવા લાગ્યો. હું એની સાથે મોશિંગ અને ડ્રગ્સ કરવાનું શરૂ કર્યું. એ ગાળામાં મને મોડલિંગના અસાઈન્સમેન્ટ મળ્યા. આત્મવિશ્વાસ આવ્યો અને પૈસા આવવા લાગ્યા. જિંદગીમાં પહેલીવાર કોઈ ફરિયાદ કે ગુસ્સા વગર હું મારી જાત સાથે ખુશ રહેવા લાગી. એક પછી એક મોડેલિંગના અસાઈન્સમેન્ટ મળતા ગયા. લોસ એન્જલિસ, લંડન, ન્યૂયોર્ક અને અમેરિકાના બીજા શહેરોમાં ફેશન શો માટે પ્રવાસ કરતાં કરતાં મને અનેક લોકોની ઓળખાણ થઈ. મારા બોયફ્રેન્ડને મારી આવક અને સફળતાથી અસુરક્ષાનો અનુભવ થવા લાગ્યો. એ પૂરતું કમાતો નહોતો, તેમ છતાં મેં ન્યૂયોર્કમાં એક અપાર્ટમેન્ટ ભાડે લીધો અને એની સાથે રહેવા લાગી. હવે મારી પાસે એક દિશા હતી જેને કારણે મેં ફરી એકવાર લી સ્ટ્રેસ બર્ગના થિયેટરના ક્લાસ જોઈન કર્યા. એક વર્ષમાં મારામાં ઘણા ફેરફાર થયા. જિંદગીને થોડી જુદી રીતે જોવાની એક નવા પ્રકારની દ્રષ્ટિ પણ મને આ દિવસોમાં મળી. ૧૯૯૩માં 'સાઈબોર્ગ' અને ૧૯૯૫માં 'હેકર' ફિલ્મોએ મને ઘણી પ્રશંસા અપાવી. એ પછી મેં ઘણા બધા મ્યુઝિક વીડિયોમાં કામ કર્યું જેમાં મીટ લોફ (રોક એન્ડ રોલ ડ્રીમ્સ કમ થ્રૂ), એંટોનેલો વેનડિટી (અલ્ટા મારિયા), લેની ક્રેવિટ્ઝ (સ્ટેંડ બાઇ માઈ વુમન) અને ધ લેમનહેડ્સ (ઇટ્સ અબાઉટ ટાઈમ).

'વિધાઉટ એવિન્ડેસા'માં એક સપોર્ટિંગ રોલ કર્યો અને 'એસિડ બર્ન'માં એક હૃદયદ્રાવક રોલ કર્યો. આ બધા સમય દરમિયાન મને લાગતું હતું કે, હું મારા પિતાથી નજીક જઈ રહી છું. અભિનય અમારા બંને વચ્ચે એક કોમન કડી હતી જે અમને જોડતી હતી. ૧૯૯૬માં 'લવ ઈઝ ઓલ ધેર' અને 'મોજાઓ મૂન', 'ફોક્સ ફાયર' અને 'પ્લેઈંગ ગોડ' જેવી ફિલ્મોએ મને ખૂબ સફળતા આપી અને સાથે અનેક એવોર્ડ્સ પણ અપાયા. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યા પછી લોકો મને ઓળખતા થયા. ૧૯૯૮માં સુપર મોડલ જિયા કારંગીની બાયોગ્રાફીમાં રોલ કર્યા પછી સતત બીજા વર્ષ માટે ગોલ્ડન ગ્લોબ અને એમ્મી પુરસ્કાર મળ્યો. જિયા કારંગીની ફિલ્મ પછી મારા અભિનયના વખાણ થવા લાગ્યા...

મને વારંવાર મારા પિતા સાથેનો સંબંધ પુનઃપ્રસ્થાપિત કરવાની ઈચ્છા થતી કે, હું મારા પિતાને ફરી એકવાર મળું. મારી માનો એ સામે વિરોધ હતો, પરંતુ મેં ૨૦૦૦માં મારા પિતાનો સંપર્ક કર્યો. એમણે પૂરા સ્નેહ અને હુંફ સાથે મને આવકારી. મને લાગતું હતું કે, એ મારી સાથે સંબંધ નહીં જોડે, પરંતુ એમણે સંબંધો પુનઃપ્રસ્થાપિત કરવામાં ખૂબ ઉત્સાહ બતાવ્યો એટલું જ નહીં, ૨૦૦૧માં અમે બે ફિલ્મો સાથે કરી. મારે સ્વીકારવું જોઈએ કે મારા પિતાની ઓળખાણ અને સંબંધોને લીધે મને હોલિવુડમાં કામ મળવાનું શરૂ થયું, પરંતુ લગભગ દોઢ વર્ષના સંબંધ પછી મને સમજાયું કે મારા પિતા એક સ્વાર્થી અને સેલ્ફ સેન્ટર્ડ માણસ છે. ૨૦૦૨માં મેં 'વોઈટ' સરનેમ છોડીને કાયદેસર રીતે મારું નામ 'એન્જેલિના જોલી' કર્યું. એ પછી મારા પિતાના અહંકાર પર મોટો ધક્કો લાગ્યો. એમણે બે-ચાર અખબારોને ઈન્ટરવ્યૂ આપ્યા, જેમાં એમણે કહ્યું કે, હું માનસિક રીતે વિક્ષિપ્ત છું. હું નશીલી દવાઓ લઉં છું. મારે રિહેબમાં જવાની જરૂર છે. આ વાતથી મને પણ બહુ દુઃખ થયું. એ જ મેગેઝિન જ્યારે મારી પાસે એમના આ ઈન્ટરવ્યૂનો જવાબ માગવા આવ્યા ત્યારે મારી માએ આપેલી સલાહ મુજબ મેં પત્રકારોને કહ્યું કે, 'એ વાત સાચી છે કે હું અને મારા પિતા એકબીજા સાથે વાત નથી કરતા, પરંતુ મને એમના વિશે કોઈ કડવાશ નથી. લોહીના સંબંધોમાં હું નથી માનતી. હું માનું છું કે સંબંધો લાગણીના હોય છે અને અમારી વચ્ચે પિતા-પુત્રીની લાગણીનો સેતુ ક્યારેય ઉભો થઈ શક્યો નહીં એનો મને અફસોસ છે.' મેં જ્યારે આ ઈન્ટરવ્યૂ આપ્યો ત્યારે હું માત્ર ૨૭ વર્ષની હતી. કદી મેં વિચાર્યું પણ નહોતું કે, હું વિશ્વમાંથી બાળકોને દત્તક લઈશ અને એમની સાથે લોહીનો સંબંધ ન હોવા છતાં એ બાળકો મારે માટે મારા જીવનનો આધાર બની જશે... (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## તમે જીવનમાં શું બનવા માગો છો.....



હજુ ક્લાસ પૂરો થયો ના થયો ત્યાં લગભગ બધાંજ સ્ટુડન્ટ્સ હુડુડુ કરતાં બહાર ભાગ્યાં, સિવાય ધ્યાની. એ જ્યાં હતી ત્યાં જડવત્ બેસી રહી. એની નજર સામેના બોર્ડ પર લખાયેલા વાક્ય પર ચોંટી ગયેલી. 'હું શું બનવા માગું છું'.

દરેકે આ વાક્યનો જવાબ પોતાની કોપીમાં લખવાનો હતો. આજથી લઈને આવનારા પાંચ વર્ષ બાદ તમે તમારી જાતને ક્યાં ઊભેલી જુઓ છો? આવું પૂછવા પાછળ ટીચરનું મોટીવ માત્ર એટલું જ હતું કે, સ્કૂલનાં વર્ષો પૂરા થાય ત્યાં સુધીમાં કારકિર્દીની પસંદગી બાબતે થોડી ક્લેરિટી એટલેકે સ્પષ્ટતા લાવી શકાય. કલાસના બીજા સ્ટુડન્ટ્સ શું લખી ગયાં એનો તો ખ્યાલ નહોતો, પણ ધ્યાનીને કંઈ ઉકલતું નહોતું. એ ક્યારની ઘડીક પોતાના કોરાંકટ નોટબુકના પાનાને તો ઘડીક બોર્ડ પરના એ વાક્યને તાકી રહેલી.

ધ્યાની આમ ખરેખર હોશિયાર છોકરી હતી. એની સામે ઘણાં કેરિયર ઓપ્શન ખુલ્લાં હતાં, અને એજ સૌથી મોટી વિંટબણા હતી. ક્યારેક વધુ પડતાં રસ્તાઓ આપણને ગૂંચવી મારે એવું જ કંઈક. એની મમ્મીએ નાનપણથી જાતભાતની પ્રવૃતિમાં ધ્યાનીને વ્યસ્ત રાખી, અને ધ્યાની અનેક ક્ષેત્રોમાં મસ્ત થતી ચાલી. અંતે આજે એ દિવસ આવીને ઊભો રહ્યો જ્યારે એના માટે સમસ્યા એ નહોતી કે પોતે કોઈ વસ્તુમાં નબળી હતી. ખરી સમસ્યા એ હતી કે ધ્યાની ઘણા બધાં ક્ષેત્રોમાં સારી હતી. અને એજ કારણ હતું કે, પોતે નક્કી નહોતી કરી શકતી કે ક્યા રસ્તે આગળ ધપવું...

ઘરમાં દરેક વ્યક્તિનો અભિપ્રાય અલગ હતો. મા ઇચ્છતી હતી કે એ ડોક્ટર બને , કારણકે ડોક્ટર બનવું એ સમાજમાં આજે પણ સન્માનજનક વાત ગણાય છે. પપ્પા કહેતા હતા કે એન્જિનિયર બનવામાં વધારે સ્કોપ છે. દાદીની સોય સરકારી નોકરીમાં ચોંટી ગયેલી. સોશ્યિલ મીડિયા પર મિત્રોની ચમકતી સફળતાઓ જોઈ મોટી બહેન એને ફેશન ડિઝાઈનર બનવાની સલાહ આપતી. એના મિત્રોમાંથી કોઈને યુટ્યુબર બનવું હતું તો કોઈ વિદેશ જવાની તૈયારી કરી રહેલું.

આ બધી હડબડી વચ્ચે ધ્યાની બેધ્યાન થતી ચાલી. એનો ખુદનો અવાજ ધીરે-ધીરે જાણે બેસી ગયો હોય એવું થઈ ગયું. ક્યારેક એ વિચારતી, જો હું કોઈ ખોટી કેરિયર પસંદ કરી લઈશ તો? મને પાછળથી પસ્તાવો થશે તો? હું બીજા લોકોની જેમ સફળ ના થઈ તો? બસ , આ કાલ્પનિક ડર એને કોઈ નિર્ણય લેતા રોકી દેતાં. એ દિવસભર વિચારતી રહેતી કે પોતાના શું બનવું છે, પણ કોઈ ઠોસ પગલું ઉઠાવી શકતી નહીં. આ અનિર્ણિત રહેવાની આદત એના માટે સૌથી મોટો માથાનો દુઃખાવો બની બેસી.

છાશવારે લોકો એને પૂછતાં, 'બેટા, હમણાં સ્કૂલ પતી જશે. હવે આગળ તું શું કરીશ'. અને ધ્યાની પાસે એનો જવાબ હોતો નહીં. એક દિવસ સ્કૂલમાં કેરિયર કાઉન્સેલિંગનું સત્ર રાખવામાં આવ્યું. ખાસ, બારમા ધોરણના વિદ્યાર્થીઓ માટે. કાઉન્સેલર મેડમે બધાને એક સરળ સવાલ પૂછ્યો, ' એવું કયું કામ છે કે જે તમે કોઈ જ દબાણ વગર માત્ર તમારી ખુશી માટે કરવા માગો છો.' બધાં તુરંત જે મનમાં આવે એવો જવાબ આપવા લાગ્યાં, પણ ધ્યાની ચૂપ રહી.

ટીચરે વાત સંભાળી લેતા કહ્યું, ' કંઈ વાંધો નહીં, તરત જવાબ મળે એ જરૂરી નથી. જાતને જાણવામાં કદાચ ક્યારેક થોડો સમય પણ લાગે.'

ક્લાસ પૂરો થયા પછી ધ્યાનીને એમ જ બેસેલી જોઈને મેડમે એને એકલી બોલાવી. 'હું શું બનીશ એ મારાથી નક્કી નથી થતું'. ધ્યાની સપાટ સ્વરે બોલી ગઈ. મેમ આછું હસ્યાં :

'જો બેટા સમસ્યા એ નથી કે તારી પાસે ઓછા વિકલ્પો છે. ખરી વાત તો એ છે કે તું પસંદગી નથી કરી શકતી. પરંતુ યાદ રાખજે, એક ખોટાં નિર્ણયથી વધારે ખતરનાક છે કોઈ નિર્ણય જ ના લેવો..' . આ વાત ધ્યાનીના મનમાં બરાબર ઠસી ગઈ.

કાઉન્સેલર મેમ ધ્યાનીને બે સ્ટેપ્સ સમજાવ્યાં. પહેલું : : જાતને સમજ. એક અઠવાડિયા સુધી નોંધ કર કે કયું કામ, કયો વિષય જ્યારે તું હાથમાં ઉપાડે છે ત્યારે તને સમયનું ભાન નથી રહેતું. બીજુંઃ જાણકારી મેળવ. ક્યા ક્ષેત્રમાં તને રુચિ છે. એના વિશે માહિતી મેળવ. તારા સિનિયરને પૂછ કે એમનો અનુભવ કેવો રહ્યો. એ ક્ષેત્રમાં આગળ જતાં કમાણીના સ્રોત કેવા છે. આખું જીવન એક જ દિવસમાં તમે નક્કી ના કરી શકો , પહેલા નાના નાના કદમ ઉઠાવવાની હિંમત કરો. સામે રસ્તો તમને આપોઆપ ખુલ્લો જડશે. જે તમને તમારી મંઝિલ સુધી ચોક્કસ પહોંચાડશે.

ધ્યાની આમ સ્માર્ટ હતી. કોઈ સાચી સલાહ આપે તો અનુસરવાની ક્ષમતા પણ ખરી. એ દિવસે ધ્યાનીએ શાંતિથી વિચાર્યું. એને વાર્તાઓ લખવી ગમતી. પોસ્ટર્સ બનાવવા, લોકોની સામે બોલવું, કોઈ પણ રચનાત્મક કાર્ય કરવામાં એ થાકતી નહીં. ધીમે-ધીમે એને મીડિયા અને કોમ્યુનિકેશન વિશે વાંચવાનું શરૂ કર્યું. સ્કૂલ મેગેઝિન માટે લખવાની તેમજ તેના એડિટિંગની જવાબદારી ઉપાડી. આ નાના નાના ડગલાંઓ મંડાયા અને સામે દેખાતા ધૂંધળા રસ્તા ચોખ્ખાં થતાં ગયાં. એક સમય આવ્યો જ્યારે એને અહેસાસ થયો કે જીવનમાં કોઈ પણ નિર્ણય આપણે અચાનક નથી લઈ શકતાં. એના માટે ધીરે-ધીરે જાતને તેમજ પરિવારને તૈયાર કરવો પડે છે. પેરેન્ટ્સની ઉમ્મીદોને તોડ્યાં વગર તમારી આશાઓની ઈમારત ચણવી પડે છે.

થોડાં મહિનાઓ પછી ફરીથી એ જ સવાલ ધ્યાનીની સામે આવ્યો કે તું આગળ શું બનવા માગે છે. આ વખતે એનું મન શૂન્યવકાશમાં નહોતું. એણે આત્મવિશ્વાસથી નોટબુક ખોલીને લખ્યું, 'હું એવું કંઈક કરવા માગું છું કે જેમાં મારી સર્જનાત્મકતા, મારો અવાજ અને મારા વિચારો લોકો સુધી પહોંચે... '

આ વખતે ક્લાસમાં સૌથી પહેલાં ગર્વભેર પોતાના વિચારોને વાચા આપનારી ધ્યાની હતી, એ જોઈ કાઉન્સેલર મેમ મલક્યાં : એક ગૂંચવાયેલા ટીનએજરને રસ્તે ચડાવ્યાનો એનો આનંદમિશ્રિત હાશકારો એમને થયો. ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## આવી હોય છે અબજોપતિની મેરેજ-લીલા

અમારે ત્યાં અબજોપતિ શ્રી દોલતચંદ નાણાવટીના દીકરાનાં લગ્ન હમણાં બે મહિના પહેલાં જ એમના પરિવારે કોઈએ ના ઉજવ્યા હોય એ રીતે અજબ ગજબ રીતે ઉજવવાનું નક્કી કર્યું. બે મહિના પહેલાં ઉત્સવઘેલા, હોંશીલા અને લગ્ન ઉજવણીના ઉસ્તાદ એવા કારભારીઓ, શહેરના કલાકારો, બ્યુટીશિયનો, ડાન્સરો, રસોઈયા, ગોર મહારાજ, સગાં વહાલાં, મિત્રમંડળ અને વીડિયોગ્રાફરથી લઈ કોરિયોગ્રાફર અને ઇવેન્ટ મેનેજમેન્ટના સર્વેસર્વા એવી કંપનીના ઉપરીઓની હાજરીમાં મીટિંગ કરવામાં આવી. હવે આ તો અબજોપતિની મીટિંગ હોય અને તે પણ શાહજાદાનાં લગ્નની એટલે એ કંઈ સાધારણ તો ના જ હોય માટે દિલ્હીમાં રહેતા નવાબોને ફોન કરી, ત્યાંના મેનેજમેન્ટને મીટિંગ ઇવેન્ટનું આયોજન સોંપાયું. એ મેનેજમેન્ટને કેટલો ચાંદલો કર્યો એ આપણા જેવા સામાન્ય માણસોએ જાણવાની કોશિશ સુધ્ધાં કરવી નહીં. નહીંતર નબળા હૃદયવાળાને ઍટેક આવે એ વાત નક્કી. રમાબહેનને એ આંકડો ધનસુખભાઈએ કહ્યો કે રમાબહેન નિઃસાસા નાખતાં બોલ્યાં,

'તમારું નામ ધનસુખ પાડનારને તો પકડીને મારવા જોઈએ. આખી જિંદગી નીકળી ગઈ, પણ વરસમાં એકવાર એક સાડી સુધ્ધાં લેવાની વાતે રડવા બેસો છો. રામ જાણે! ગત જન્મે તમે કેવાં કર્મ કરેલાં કે આ જન્મે એક રૂપિયાની કોથમીર પણ મફત શોધતાં બે કલાકે ઘરે પાછા આવો છો અને તે પણ ખાલી હાથે!'

મહિના પછી રમાબહેનનાં ઘરે અબજોપતિની કંકોતરી આવી ત્યારે એમને નવાઈ તો લાગી જ. સૂટ -બૂટ પહેરેલા ત્રણ ભાઈએ નમસ્કાર કરીને શ્રી દોલતચંદના દીકરાની કંકોતરીનું બોક્સ પહેલાં આપ્યું અને પછી બીજા પાંચ બોક્સ આપતાં પૂરી નમ્રતાથી કહ્યું:

'શેઠશ્રીએ આપના પરિવારને દસે દસ દિવસ આ લગ્નપ્રસંગની વિવિધ વિધિઓમાં પ્રેમપૂર્વક હાજર રહેવાનું આમંત્રણ પાઠવ્યું છે.'


રમાબહેને વિચાર્યું કે મારો કે મારા પતિ ધનસુખનો દૂર દૂર સુધીનો કોઈ સંબંધ કે સગપણ આ અબજોપતિ સાથે નથી. તો પછી આ કંકોતરી ભૂલમાં તો નથી આવી ને?

પેલા આપવા આવનારના ગયા પછી ધનસુખભાઈએ કોલર ઊંચા કરી રમાબહેન સામે રોફ મારતાં કહ્યું, 'જોયું? મારી પાસે પૈસા નથી, પણ ઇજ્જત કેટલી છે! દોલતચંદ જેવા અબજોપતિના ઘરેથી દસ દસ દિવસનું લગ્નનું તેડું આવે છે. અમે પૈસા નહીં, પણ આખી જિંદગીમાં ઇજ્જત કમાઈ છે. સમજી?'

'તે તમારી ઇજ્જતને શું ધોઈને પીવાની છે? દોલતચંદના ઘરે ચાંદલો કરવાના પૈસા છે? પાર્ટી પ્લોટ સુધી પહોંચવાનું ટેક્સી ભાડું છે? એક કામ કરો. તમારી ઇજ્જતના જોરે તમે ફોન કરીને દસ દિવસનું આવવા - જવાનું બંને વખતનું ભાડું મંગાવી લ્યો અને દસ દિવસ પહેરવા માટે સૂટ - બૂટની રકમ પણ મંગાવી લ્યો. આમ ભિખારી જેવા દીદારે જવામાં જોખમ છે.'

'કેમ વળી, આપણી ઇજ્જત એ જ આપણાં ઘરેણાં. ખાદીની કફની અને સાડી લઈ લેશું. થોડી ઉધારી કરીને લેવી પડશે. પણ એકવાર એમની સાથે દોસ્તી થાય પછી મોભાદાર નોકરી મળી જ સમજો '

મોટા બોક્સમાંથી સોના - ચાંદીનાં વરખવાળા દસ કાર્ડમાં પહેલા દિવસથી લઈ દસમા દિવસ સુધીની તમામ વિગત લખી હતી અને એક અલગ પત્રમાં દસ દિવસ કઈ કઈ બાબતનું ધ્યાન રાખવાનું, ક્યા પ્રકારનું ડ્રેસિંગ, ક્યા પ્રકારનાં વાણી વર્તન, ક્યા પ્રકારનું બેસવા - ઊઠવાનું, ડાન્સમાં ભાગ લેવાથી લઈ ભોજન વખતે ધ્યાનમાં રાખવાની સૂચના સુધ્ધાં લખેલી હતી. અંતે તા.ક. લખીને લખ્યું હતું, 'પહેલે દિવસે આવનાર દરેકે દસમાં દિવસ સુધી ફરજિયાત આવવાનું રહેશે.' બાકીનાં પાંચ બોક્સ મેવા, મીઠાઈ, કેડબરી, કેક અને ભાતભાતનાં વ્યંજનોથી ભરેલાં જોઈને તો રમાબહેનને ઍટેક આવતો રહી ગયો અને ધનસુખભાઈએ તો ઇજ્જતભેર રમાબહેનની અનુમતિ કી ઐસી કી તૈસી કરીને મીઠાઈઓ ઝાપટવાની શરૂ કરી દીધી. એટલામાં




પડોશમાં રહેતાં ચારુબહેન આવ્યાં. એટલે રમાબહેને વટ મારવા બધાં બોક્સ અને દસ કંકોતરીની થપ્પી બતાવતાં કહ્યું,

'જો ચારુ, ભારતના સૌથી વધુ માલદાર દોલતચંદના ઘરેથી આમંત્રણ આવ્યું. એના દીકરાનાં લગ્નમાં દસે દસ દિવસ અમારે સવાર - સાંજ જવાનું અને ત્યાં જ ચાર વખત પેટ ભરીને ખાવાનું અને પીવાનું છે.';

પેટની બળેલી ચારુએ પૂછ્યું, : 'તમને કેવી રીતે ઓળખે? તમારાં સગાં થાય છે કે પછી કોઈ બીજાની કંકોતરી ભૂલમાં આવી ગઈ છે તે તપાસ કરી લેજો.બાકી બેસ્ટ ઓફ લક.'

ચારુના ગયા પછી રમાને પણ અંદરખાને વહેમ તો ગયો જ, પણ હવે ઘડિયાળના કાંટા પાછળ નથી ફરવાના. માટે રંગેચંગે પહોંચીને મજા કરી જ લેવી. પહેલે દિવસે શહેરથી ચાલીસ કિલોમીટર દૂર ફાર્મ હાઉસમાં સાંજે જવાનું હતું. ધનસુખભાઈએ સાચવીને બચાવેલા પૈસામાંથી ભાડાની ટેક્સી કરાવી. પણ રાત થઈ જશે એટલે ડબલ ચાર્જ ગણીને પૂરા સાત હજાર રૂપિયા પડાવ્યા. ધનસુખભાઈએ રકઝક કરી, પણ ટેક્સી ડ્રાઇવરે ત્યાં રોકાવાના રૂપિયા પણ ગણી લીધા છે - એમ કરીને વચલો તોડ પાડ્યો. અગિયાર વાગ્યાથી મોડું થશે તો સાત હજારની જગ્યાએ નવ હજાર થશે એ શરતે ગાડી હંકારી. ટ્રાફિકને કારણે પહોંચતાં જ રાતના આઠ વાગી ગયા. મોટા માણસનાં લગ્ન, એટલે કાર પાર્કિંગ કરી અંદર પહોંચતાં બીજો એક કલાક બગડ્યો. ગેટ ઉપરની લાઇન જોઈને રમાબહેનના પગ લથડિયાં ખાવા લાગ્યા. મોટા મોટા બાઉન્સર વચ્ચે વચ્ચે અટકાવે ને ચાર - પાંચ પ્રશ્નો પૂછે, જ્યારે બીજા સૂટેડ - બૂટેડને પ્રશ્નો પૂછ્યા વિના સડસડાટ આગળ જવા દે. રમાબહેનથી રહેવાયું નહીં. એ બોલ્યાં,

'ધનસુખ, તારી ઇજ્જતનો હવે ઉપયોગ કર ને દોલતચંદને ફોન કર કે બાઉન્સર ખાલી ખાલી નકામા પ્રશ્નો કરે છે અને રમાથી તો ચલાતું પણ નથી.'

ગેટ ઉપર પહોંચ્યાં પછી. ધનસુખભાઈએ પેલા બાઉન્સરને પાસ ધર્યો, તો પેલાએ કોડ માગ્યો.

ધનસુખે થોથવાતાં કહ્યું, : 'ભાઈ, અમને તો કોડ આપ્યો જ નથી. અમે તો શેઠના બહુ નજીકનાં સગાં છીએ.'

એટલે બીજો બાઉન્સર આવ્યો. એણે કાર્ડની આગળ પાછળ જોઈને કહ્યું, 'આ લોકોને તો ડી ગેટમાં જવાનું છે.'

પેટમાં ભૂખ લાગી હતી અને પાણીની તરસ પણ લાગી હતી. ફાર્મ હાઉસની ચકાચૌંધ જોઈને આવેલાં છીએ જ, તો ટેક્સીના પૈસા વસૂલ કરવા પૂરતું તો હિંમત રાખીને ચાલી કાઢીએ તો જ બત્રીસ પકવાન જોવાં મળશે. ને પછી તો... ચાલતાં ચાલતાં

રમાબહેન રીતસરનાં હાંફવા લાગ્યાં ને બોલ્યાં :

'ધનસુખ, ચાલો પાછા જઈએ '

ત્યાં હિંમત રાખીને ચાલવાની અને બત્રીસ પકવાન ખાવાની વાત ધનસુખે કરી. નિર્ધારિત ગેટ ઉપર પહોંચ્યાં ત્યારે અગિયાર થવામાં ત્રીસ મિનિટ બાકી હતી. જમવા જાય તો ટેક્સીવાળો નવ હજાર લેવાનો હતો. પણ પેલાં પકવાન અને ધનસુખની ઇજ્જત ખાતર ગેટ ઉપર જઈને આખરે હાશ વળી. જેવો પાસ બતાવ્યો કે અંદરથી એક બાઉન્સર આ બંનેને જોઈને બોલ્યો :

'અલ્યા, કાર્ડ બરાબર ચેક કર. પેલા એક્સ્ટ્રા ડાન્સરનો ડી ગેટ છે. પચાસ ડાન્સર તો આવી જ ગયાં છે. પેલો મેઇન ડાન્સર ધનસુખ ને એની વાઇફ પણ આવી ગઈ છે. તો આ ધનસુખ વળી કોણ છે?'

'ભાઈ, હું તો નજીકનો સગો છું...' ધનસુખે રડતાં ને હસતાં અવાજે કહ્યું.

'એમ તો... સગાંવહાલાંને તો કોડ નંબર આપેલો છે. તે તમારી પાસે હોય તો એ આ મશીનમાં મૂકીને જોવો પડે અને તો જ અંદર જવાય. અમને તો ટાઇટ સિક્યોરિટી રાખવાનું ફરમાન છે.

ધારાસભ્યોની ફોજ અંદર છે અને હાઈ એલર્ટ જારી છે. સોથી વધુ બાઉન્સર ફરે છે. દોલતચંદના દીકરાનાં લગ્નમાં મોટા મોટા પ્રધાનો છે. સમજ્યા?'

'તે ભાઈ, જમવાનું વગેરે..'

'કાકા- કાકી , જલદી ઘર ભેગા થાવ. અહીં તો બાર વાગ્યે પહેલાં પીવાનું ને પછી ખાવાનું. એ પહેલાં ડાન્સ ઉપર ડાન્સ...'

'ધનસુખ, આ લોકો ખેંચીને બહાર ફેંકે તે પહેલાં આ કાર્ડ અહીં ફેંકીને ટેક્સી ભેગા થવાનું

વિચાર. હા, તારે ડાન્સ જોવો હોય તો...'

-અને રમાબહેન પગનો દુઃખાવો ભૂલીને ટેક્સી તરફ દોડ્યાં અને પાછળ ધનસુખભાઈ પણ જાન બચી તો લાખો પાયે એમ વિચારતાં રમાબહેનની પાછળ બાઉન્સર બનીને દોડ્યા. ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

## જાતીય દુર્વ્યવહારની શિકાર બનેલી બાળકી

# કેવી રીતે ૧૦૦ પ્રભાવશાળી લોકોની યાદીમાં પહોંચી?

ઓપ્રાહ ગેઇલ વિન્ફ્રે, આ નામ સાંભળ્યું હોય તેવું લાગે છે?

જી હા, પ્રખ્યાત 'ઓપ્રાહ વિન્ફ્રે શો' ની હોસ્ટ સંચાલક ઓપ્રાહ. તે હવે એક મલ્ટીમીડિયા એક્ઝિક્યુટિવ, અભિનેત્રી, લેખક, નિર્માતા, ટોક શો હોસ્ટ અને સમાજસેવક છે, જેમની પહોંચ અને

સફળતા મીડિયાના લગભગ તમામ પાસાઓ સુધી વિસ્તરે છે. સ્વ-નિર્મિત સફળતાની તેની જીવનકથા રોચક અને પ્રેરણાદાયક છે.

વિન્ફ્રે ન માત્ર અમેરિકા માટે, પણ વિશ્વની અનેક મહિલાઓ માટે એક પ્રેરણા છે.

આવી ખ્યાતિ ધરાવતી ઓપ્રાહનો જન્મ ૨૯ જાન્યુઆરી, ૧૯૫૪ના રોજ મિસિસિપીના કોસિયુસ્કોમાં એક ખેતરમાં થયો હતો. તેનો પરિવાર અત્યંત ગરીબ, બ્લેક અમેરિકન સમુદાયનો હતો. તેના માતા-પિતા, વર્નિતા અને વર્નોન તો ઓપ્રાહના , જન્મ પછી તરત જ છુટાં પડી ગયાં હતાં. પરિણામે ઓપ્રાહ માતા-પિતાના સંયુક્ત પ્રેમથી જન્મ સમયથી જ વંચિત રહી. નાનીએ તેનો ઉછેર કર્યો.

પરિણામ એ આવ્યું કે તે નાની ઉંમરે જ પરિપક્વ બની ગઈ. એક તો ગરીબ. ઉપરાંત એવા સમયે જન્મેલી જ્યારે બ્લેક અમેરિકનને નીચલા સ્તરના ગણવામાં આવતા અને તેમના તરફ રંગભેદ રાખવામાં આવતો હતો. તેમાં પણ માતા- પિતાની છત્રછાયા વિનાની એક છોકરી... આ બધાના કારણે એ સમય તેના માટે કેટલો અસુરક્ષિત અને ભયાનક હશે તે જેને અનુભવ થાય તે જ સમજી શકે.

સદનસીબે તે ખૂબ હોશિયાર હતી. ખૂબ જ નાની ઉંમરે તે વાંચવાનું શીખી ગઈ હતી. જ્યારે

તે છ વર્ષની હતી, ત્યારે તે મિલવૌકી રહેવા ગઈ , જ્યાં જેને ઝૂંપડપટ્ટી કહેવાય તેવા વિસ્તારમાં રહેવાનો વારો આવ્યો. તેના નસીબમાં એક જગ્યાએ સ્થિર થઈને રહેવાનું લખાયું નહોતું. ૧૨ વર્ષની ઉંમરે, તેને પિતા પાસે ટેનેસીના નેશવિલ જવું પડ્યું.

કિશોરાવસ્થામાં, તે શહેરી મિલવૌકીમાં તેની માતાના ઘરે પાછી ફરી. અહીં ૧૪ વર્ષની ઉંમરે, ઓપ્રાહ પર પરિવારના સભ્યો અને તેના સમુદાયના અન્ય લોકો દ્વારા બળાત્કાર અને દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. આ આઘાતજનક અનુભવો , છતાં ઓપ્રાહ દ્રઢ રહી અને તેના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં સફળ રહી. તેને 'ટેનેસી સ્ટેટ યુનિવર્સિટી'માં સંપૂર્ણ શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી, જ્યાં તેણે સંદેશાવ્યવહારનો અભ્યાસ કર્યો. બળાત્કાર અને જાતીય અત્યાચાર છતાં આવી સફળ શૈક્ષણિક કારકિર્દી ઘડી શકવા તેનું મનોબળ કેટલું મજબૂત હશે! આજે અમથી એવી મુશ્કેલીમાં આત્મહત્યા કરવાના વિચાર કરતા વિદ્યાર્થીઓએ ઓપ્રાહના જીવનમાંથી બોધપાઠ લેવા જેવો છે.

તેણે કોલેજમાં અનેક સફળતાઓ મેળવી, જેમાં વ્હાઇટ હાઉસ યુવા પરિષદમાં આમંત્રણ મેળવવાનો સમાવેશ થાય છે. તેને 'મિસ ફાયર પ્રિવેન્શન' નો તાજ પહેરાવવામાં


ઓપ્રાહ ગેઇલ વિન્ફ્રે

આવ્યો હતો, સ્થાનિક રેડિયો સ્ટેશન પર ન્યૂઝકાસ્ટ વાંચવા માટે રાખવામાં આવી હતી અને તે 'મિસ ટેનેસી' અને 'મિસ બ્લેક નેશવિલ'નો ખિતાબ પણ જીતી હતી. ૧૯ વર્ષની ઉંમરે, વિન્ફ્રેને ટેનેસીના નેશવિલમાં આવેલા સીબીએસ સ્ટેશનમાં પહેલી ટેલિવિઝન જોબ મળી. તે નેશવિલમાં પ્રથમ આફ્રિકન અમેરિકન મહિલા ન્યૂઝ એન્કર બની.

ઓપ્રાહ ટીવી ન્યૂઝ એન્કર તરીકેની ભૂમિકામાં જરાય અનુકૂળ નહોતી અનુભવતી. ઇન્ટરવ્યૂ લેનારાઓ પ્રત્યે તેનો વર્તાવ સહાનુભૂતિપૂર્ણ રહેતો, જેને કારણે તેમના બોસ તરફથી પ્રશંસાને બદલે ટીકા થઈ, પરંતુ આવી ટીકા જ તેના માટે સફળતાની સીડી બની ગઈ. ૧૯૮૪ માં શિકાગોમાં એક ૩૦ મિનિટના મોર્નિંગ ટોક શોના હોસ્ટ તરીકે તેની વરણી થઇ. એક વર્ષની અંદર, આ શો રેટિંગના છેલ્લા સ્થાનથી ટોચ પર પહોંચી ગયો. ૧૯૮૬માં, સુપ્રસિદ્ધ ફિલ્મ વિવેચક રોજર એબર્ટે વિન્ફ્રેને સિન્ડિકેશન દ્વારા રાષ્ટ્રીય પ્રેક્ષકો માટે તેના શોનું લાઇસન્સ લેવા પ્રોત્સાહિત કરી. તેના કાર્યક્રમનું નામ બદલીને 'ધ ઓપ્રાહ વિન્ફ્રે શો' રાખવામાં આવ્યું અને તેને એક કલાક સુધી લંબાવવામાં આવ્યો.

૩૨ વર્ષની ઉંમરે, વિન્ફ્રે, રાષ્ટ્રીય સ્તરે પ્રથમ આફ્રિકન-અમેરિકન સિન્ડિકેટેડ ટેલિવિઝન હોસ્ટ બની. તેણે અભિનેત્રી તરીકે ફિલ્મોમાં પણ કામ કર્યું. તેમાં પણ તે સફળ અભિનેત્રી પુરવાર થઇ. તે જ વર્ષે, વિન્ફ્રેને ''ધ કલર પર્પલ'' ફિલ્મમાં તેની ભૂમિકા માટે શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી માટે એકેડેમી એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવી હતી. તેણે ટેલિવિઝન પ્રોડક્શન કંપની 'હાર્પો ઇન્ક'. પણ શરૂ કરી, જેનાથી તે ખુદના સ્ટુડિયોનું સંચાલન કરનારી પ્રથમ અશ્વેત વ્યક્તિ, અને ત્રીજી મહિલા બની.

રસપ્રદ રીતે તેની કંપનીનું નામ હાર્પો તેના નામના અંગ્રેજી અક્ષરોને ઊંધી બાજુએથી વાંચીએ તો બને છે!

જાતીય દુર્વ્યવહારના પોતાના વ્યક્તિગત અનુભવના કારણે અને દુર્વ્યવહારનો અનુભવ કરનારા અન્ય લોકોને મદદ કરવા માટે - વિન્ફ્રેએ ૧૯૯૧ માં બાળ દુર્વ્યવહાર કરનારાઓના રાષ્ટ્રીય ડેટાબેઝ માટે એક ઝુંબેશ શરૂ કરી. પરિણામે સરકારે તેને સ્વીકૃતિ આપી. ડિસેમ્બર ૧૯૯૩માં રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટને 'ઓપ્રાહ બિલ' તરીકે ઓળખાતા બિલ પર હસ્તાક્ષર કર્યા. તેના પરોપકારમાં ઉચ્ચ શિક્ષણ માટે દાન કરાયેલા ૪૦૦ મિલિયન ડૉલરથી વધુનો સમાવેશ થાય છે. કોવિડ કાળમાં પણ તેણે અમેરિકા અને આફ્રિકામાં ૧૨ મિલિયન ડૉલરની મદદ કરી હતી. ૧૯૯૬માં તેણે પ્રભાવશાળી બુક ક્લબની શરૂઆત કરી. ૧૯૯૮માં, તેણે 'ઓક્સિજન મીડિયા' નામની એક પ્રોગ્રામિંગ કંપનીની સહ-સ્થાપના કરી. તેણે આહાર અને કસરત પર અનેક પુસ્તકો સહ-લેખિત કર્યા. હાર્પો દ્વારા, ઓપ્રાહએ તેના ટેલિવિઝન શો, ફિલ્મો અને પુસ્તકોનું નિર્માણ કર્યું. તેણે પોતાનું મેગેઝિન, ઓ, ધ ઓપ્રાહ મેગેઝિન પણ શરૂ કર્યું, જે વિશ્વના સૌથી સફળ મેગેઝિનોમાંનું એક છે.

ઓપ્રાહ વિન્ફ્રે શો ૨૫ વર્ષ સુધી ચાલ્યો અને તે યુનાઇટેડ સ્ટેટ્સમાં સૌથી વધુ રેટિંગ ધરાવતો ટોક શો હતો. તેના શો દરમિયાન, તેણે જાતિવાદ, ગરીબી અને હિંસા જેવા મહત્ત્વપૂર્ણ વિષયોને પણ આવરી લીધા. એ પછી ૨૦૦૨માં, પહેલી વાર : 'ટાઈમ' મેગેઝિનની ટોચના ૧૦૦ પ્રભાવશાળી લોકોની યાદીમાં તેને સ્થાન મળ્યું. આજ સુધીમાં તેને ૧૦ વખત આ યાદીમાં સામેલ કરવામાં આવી છે. વિન્ફ્રેએ ૨૦૦૩ માં માત્ર ૪૯ વર્ષની ઉંમરે અબજોપતિનો દરજ્જો મેળવ્યો. ઓપ્રાહ વિન્ફ્રેની કુલ સંપત્તિ ૨૦૨૫ ના અંત સુધીમાં ૩.૨ બિલિયન ડૉલર હોવાનો અંદાજ છે. 'ફોર્બ્સ'ની અમેરિકાની ટોચની ૧૦૦ સૌથી વધુ કમાણી કરતી સ્વ-નિર્મિત મહિલાઓની યાદી અનુસાર, વિન્ફ્રે વિશ્વની સૌથી ધનિક મહિલા નથી, છતાં તે સૌથી ધનિક સ્વ-નિર્મિત મહિલાઓમાંની એક છે.... આમ ઓપ્રાહની અનેકવિધ કામગીરી અને સિદ્ધિઓ પર તો એક પુસ્તક લખી શકાય..

આજે ૭૨ વર્ષની આયુએ પણ ગરીબી, દુર્વ્યવહાર અને ભેદભાવ સહિત, જીવનમાં અનેક અવરોધો સહન કરનાર ઓપ્રાહ તેના ફાઉન્ડેશન અને અંગત રીતે જરૂરિયાતમંદોને ટેકો આપવા માટે પોતાની પ્રતિભા, કુશળતા અને નાણાકીય સેવા પ્રદાન કરવાનું ચાલુ રાખી રહી છે.

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# આર યુ રેડી ફોર સમર?

આ સવાલ બધી જ મહિલાઓના મગજમાં આવતો હશે. કે આપણે કેટલા રેડી છીએ. ઉનાળાની શરૂઆત થાય એટલે, વિન્ટર વેર ધીરે ધીરે પેક થતા જાય. ઘણી એવી મહિલાઓ હોય છે કે જે ખાસ કરીને ઉનાળા માટે શોપિંગ કરે છે. સૌથી પહેલા તો તમારે એ ડિસાઇડ કરવું કે, તમારે કેવા ટાઇપના કપડાં પહેરવા છે. કોલેજ માટે, ઘરમાં પહેરવા છે કે પછી તમે વર્કિંગ છો. ઉનાળામાં પણ સિમ્પલ છતાં સ્ટાઇલાઇઝ્ડ લાગી શકાય. તો ચાલો જાણીએ ઉનાળામાં કઈ રીતનું સ્ટાઇલિંગ કરી શકાય.

પ્લાઝો - ઉનાળામાં પ્લાઝો એ બેસ્ટ ઓપ્શન છે. કોટન, રેયોન, લિનેનના પ્લાઝો ઉનાળામાં એક બેસ્ટ ઓપ્શન છે. કોટન ફેબ્રિક પરસેવો એબ્સોર્બ કરી લે છે તેથી કોટન ફેબ્રિકમાંથી બનેલા કપડામાં ગરમી થતી નથી. પ્લાઝો સાથે પહેરવામાં ઘણા ઓપ્શન છે, જેમ કે, જો તમારું શરીર ભરેલું હોય તો તમે લોન્ગ કોટન કુર્તા પહેરી શકો. અને જો તમે તમારા હેવી શરીરને લઈને જો કોન્શિયસ ન હોવ તો, તમે હિપ લેન્થના ઓવર સાઇઝ શર્ટ પણ પહેરી શકો. અથવા તો હિપ લેન્થની શોર્ટ કુર્તી પહેરી શકો. પ્લાઝો લૂઝ હોય તો ટોપ ફિટિંગ વાળું સારું લાગશે. જો તમારું શરીર સુડોળ હોય તો, પ્લાઝો સાથે ક્રોપ ટોપ સારા લાગી શકે. અથવા તો હોલ્ટર નેક ટોપ કે સ્પેગેટી ટોપ પહેરી શકાય. જો તમે કોલેજ ગોઇંગ હોવ તો લિનેનના પ્લાઝો સાથે ઓવર સાઇઝ શર્ટ પણ પહેરી શકાય. જો તમે વર્કિંગ છો તો, લિનેનના પ્લાઝો સાથે ની લેન્થના શર્ટ પેટર્ન વાળા ટોપ પહેરી શકાય, અથવા તો કોઈ પ્લેન કુર્તા પણ સારા લાગી શકે.ખાસ ધ્યાન એ રાખવું કે, સિન્થેટિક ફેબ્રિકના પ્લાઝો ન પહેરવા. ઘણી મહિલાઓને ઉનાળામાં સિન્થેટિક ફેબ્રિક પહેરવાથી બળતરા થાય છે. તેથી સિન્થેટિક કપડા પહેરવા ટાળવા. જો પ્લાઝો સાથે તમે શોર્ટ ટોપ પહેરવાના હોવ તો તમારા બોડી ટાઇપ પ્રમાણે તમે થીન કે બ્રોડ બેલ્ટ પહેરી શકો. અથવા લોન્ગ શ્રગ પણ પહેરી શકાય.

મીડી - મીડી ડ્રેસ બધી જ મહિલાઓનો પ્રિય ડ્રેસ હોય છે. કોઈ પણ આઉટિંગમાં કે વર્ક પ્લેસ પર મીડી સારા જ લાગે છે. જો તમે પ્રિન્ટેડ મીડી ડ્રેસ પહેરવા માંગતા હોવ તો બોલ્ડ પ્રિન્ટ કે બોલ્ડ કલર્સ પહેરવા ટાળવા. તેના બદલે આછા પેસ્ટલ કલર્સ અથવા ફ્લોરલ પ્રિન્ટ્સ વાળા મીડી ડ્રેસ પસંદ કરો. આ કલર્સ ગરમીમાં ઠંડક આપે છે અને તમને તાજગીભર્યું લુક આપે છે. મીડી ડ્રેસમાં વી-નેક અથવા રાઉન્ડ નેક વાળા ડિઝાઇન્સ આરામદાયક હોય છે. જો તમે વર્કિંગ વુમન છો તો, કોટન અથવા લિનેનના મીડી ડ્રેસ સાથે મિનિમલ જ્વેલરી અને ફ્લેટ સેન્ડલ્સ પહેરી શકો. કોલેજ ગર્લ્સ માટે ફ્લેયર વાળા મીડી ડ્રેસ સ્નીકર્સ સાથે પર્ફેક્ટ છે. ઉનાળામાં મીડી ડ્રેસ પહેરતા સમયે લૂઝ ફિટિંગને પ્રાધાન્ય આપો જેથી ત્વચા શ્વાસ લઈ શકે.

શોટ્ર્સ - ઉનાળાની ગરમીમાં શોટ્ર્સ એક આરામદાયક અને ટ્રેન્ડી વિકલ્પ છે. ખાસ કરીને યુવા મહિલાઓ અને કોલેજ ગર્લ્સ માટે શોટ્ર્સ અનિવાર્ય છે. કોટન અથવા ડેનિમના હાઇ-વેસ્ટ શોટ્ર્સ પસંદ કરો, જે પરસેવાને શોષી લે અને ત્વચાને ઠંડક આપે. જો તમારું શરીર સ્લિમ છે તો, બર્મુડા સ્ટાઇલના શોટ્ર્સ સાથે ટેન્ક ટોપ અથવા ક્રોપ ટોપ પહેરી શકો. વર્કિંગ વુમન્સ માટે શોટ્ર્સને કેઝ્યુઅલ ફ્રાઇડેમાં અજમાવી શકાય, જેમ કે ડેનિમ શોટ્ર્સ સાથે બ્લાઉઝ અને જેકેટ. ઘરમાં પહેરવા માટે કોટન શોટ્ર્સ સાથે ઓવરસાઇઝ ટી-શર્ટ આદર્શ છે. ધ્યાન રાખો કે શોટ્ર્સ પહેરતા સમયે સનસ્ક્રીન લગાવો જેથી ત્વચા સનબર્નથી બચી રહે. ફેશનની વાત કરીએ તો, પ્રિન્ટેડ શોટ્ર્સ જેમ કે સ્ટ્રાઇપ્સ અથવા ચેક્સ વાળા, તમને યુથફુલ લુક આપે છે. જો તમે આઉટડોર એક્ટિવિટી કરો છો તો, એથ્લેઝર શોટ્ર્સ પસંદ કરો જે સ્ટ્રેચેબલ અને મોઇસ્ચર વિકિંગ હોય.

સાડી - ભારતીય મહિલાઓ માટે સાડી એક ક્લાસિક વસ્ત્ર છે, અને ઉનાળામાં પણ તેને સ્ટાઇલ કરીને પહેરી શકાય. કોટન, ચંદેરી અથવા લિનેનની સાડીઓ પસંદ કરો જે હળવી અને શ્વાસ લેવા યોગ્ય હોય. સિલ્ક અથવા હેવી ફેબ્રિકની સાડીઓ ગરમીમાં અસ્વસ્થતા પેદા કરી શકે છે, તેથી તેમને ટાળો. વર્ક પ્લેસ પર સાડી પહેરનારી મહિલાઓ માટે પ્લેન અથવા આછા પ્રિન્ટ વાળી કોટન સાડીઓ આદર્શ છે. તેને કોટન બ્લાઉઝ સાથે પહેરો જેથી પરસેવાની સમસ્યા ન વધે.

કોલેજ અથવા કેઝ્યુઅલ આઉટિંગ માટે ચંદેરી સાડીઓ સ્ટાઇલિશ લાગે છે. સાડીને મોડર્ન ટચ આપવા માટે બેલ્ટ અથવા ક્રોપ્ડ બ્લાઉઝ અજમાવી શકો. જો તમારું શરીર ભરેલું છે તો, વર્ટિકલ સ્ટ્રાઇપ્સ વાળી સાડીઓ પસંદ કરો જે તમને સ્લિમ લુક આપે. ઉનાળામાં સાડી પહેરતા સમયે લૂઝ પ્લીટ્સ રાખો જેથી વાયુપ્રવાહ રહે.

આ ઉપરાંત, ઉનાળામાં વસ્ત્રોની પસંદગીમાં કલર્સનું મહત્વ છે. વ્હાઇટ, પેસ્ટલ બ્લુ, પિંક અને યલો જેવા આછા કલર્સ ગરમીને પરાવર્તિત કરે છે. ડાર્ક કલર્સ ગરમીને શોષી લે છે, તેથી તેમને ટાળો. એક્સેસરીઝમાં હેટ, સનગ્લાસ અને સ્કાર્ફનો ઉપયોગ કરો જેથી તમને સન પ્રોટેક્શન મળી શકે. ફૂટવેરમાં ફ્લેટ સેન્ડલ્સ અથવા સ્નીકર્સ પસંદ કરો જે આરામદાયક હોય.

આરોગ્યની દૃષ્ટિએ, ઉનાળામાં વસ્ત્રો તમને હીટ સ્ટ્રોકથી બચાવે છે. હળવા અને કુદરતી ફેબ્રિક્સ ત્વચાને તંદુરસ્ત રાખે છે. વસ્ત્રોની જાળવણી પણ મહત્વપૂર્ણ છે તેને નિયમિત ધોવા અને સુકાવા જરૂરી છે. ઓનલાઇન શોપિંગથી તમે સરળતાથી આ વસ્ત્રો ખરીદી શકો છો.

છેલ્લે, ઉનાળા માટે તૈયારી તમારા વોર્ડરોબને અપડેટ કરીને કરો. આ સીઝનને સ્ટાઇલ અને આરામ સાથે માણો. જો તમે હજુ તૈયાર નથી તો આજથી શરૂઆત કરો!





ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# સુંદરતાઃ પસંદગી બ્રાની

તમારા દિલની સૌથી નજીક તમારી બ્રા હોય છે અને બ્રાની સુંદરતા જ લોકોને તમારી નજીક લાવી દે છે. એટલે જ્યારે પણ બ્રા ખરીદો અને પહેરો ત્યારે થોડું વિચારજો.

- જેમ કે,

* તમારા આકારનું સાચું માપ લો અને તેને અનુસાર બ્રા ખરીદો.

- અંદાજથી કામ ના ચલાવો.

- મેઝરસ્ટેપને તમારી પીઠ પાછળથી ફેરવીને આગળ સ્તન સુધી લઈ આવો અને પછી એક આંગળી જેટલી મેઝરસ્ટેપ દબાવીને માપ જુઓ.

- ખરીદતાં પહેલાં બ્રા ટ્રાય કરો કે કપ્સ બરાબર છે કે નહીં.

- શરીર પર કપ્સનું દબાણ વધારે હોય તો પછીનો નંબર અર્થાત્ મોટી સાઈઝની બ્રા લેવી.

- જો કપ્સ બરાબર હોય, પરંતુ પીઠ પર સ્ટ્રેપના હૂક્સ બંધ થતા ના હોય તો તેનો અર્થ એ છે કે તમારી પીઠ અને ખભા સ્ટેન્ડર્ડ માપ કરતાં વધારે પહોળા છે.

- હવે તમારે બ્રાનો ઉપયોગ કરતાં પહેલાં તેમાં સુધારો કરવો પડશે.

* પીઠની બાજુએથી અલગ કપડું જોડીને બ્રાનો ઘેરાવો વધારવો પડશે નહીં તો પરાણે ખેંચતાણ કરીને હૂક લગાડવાથી તમારા શરીરની ત્વચામાં ઉઝરડા પડી શકે છે, ઉધરસ થઈ શકે છે અથવા શ્વાસ લેવામાં પણ ગૂંગળામણ થઈ શકે છે.

* બ્રાનું કપડું અથવા ડિઝાઈન જે પણ હોય, આકાર સ્વાભાવિક હોવો જોઈએ. તેનાથી શારીરિક રચનાની ખૂબસૂરતી વધશે.

* જો તમે ઊંડા ગળાનું ખમીસ અથવા બ્લાઉઝ પહેરતાં હો તો આગળ હૂકવાળી બ્રા પહેલો.

- બ્રેસ્ટ લાઈન દેખાઈ તો તે ખરાબ નથી લાગતું, પરંતુ બ્રા દેખાય તો તે ખરાબ લાગે છે.

* શૉલ્ડર લેસ કપડાં માટે શૉલ્ડર લેસ બ્રા ખરીદો, પણ તેને પહેલાં સારી રીતે ટ્રાય કરી લો.

યોગ્ય માપ અને આકારઃ


* બ્રા હંમેશાં ઈવન નંબર (સમાન નંબર)ની મળે છે, જેમ કે ૩૦, ૩૨, ૩૪ ઈંચ વગેરે સાઈઝમાં.

* જો તમારા સ્તનનો આકાર ૩૧, ૩૩ જેવો હોય તો હંમેશાં એક નંબર મોટા આકારની બ્રા ખરીદવી જોઈએ.

- નાની સાઈઝની બ્રામાં શરીર દબાઈને અદોદળું શરીર હોવાનો અહેસાસ આપે છે.

* બ્રા પહેરતી વખતે ખભા પર સ્ટ્રેપ એવી રીતે રાખો કે ખભા પર નિશાન પણ





ના પડે અને થોડા સમયમાં સ્ટ્રેપ નીચેની તરફ ઊતરી ના પડે.

* જેવા કપડાં અથવા ડ્રેસ પહેર્યો હોય એવી જ બ્રા પહેરો.

- આછાં કપડાંની નીચે નાયલોનની બ્રા પહેરી શકો છો, પરંતુ જાડાં કપડાં અથવા સ્વેટરની નીચે નાયલોનની બ્રા તમારા સ્તનના ઉભારને જ ખતમ કરી દેશે.

* સ્વેટર,

* જર્સી

- અથવા

* જાડાં કપડાંની નીચે હંમેશાં સુતરાઉ બ્રા પહેરો, જેની કડક રચના કપડાંના ભારથી દબાતી નથી.

* શિયાળામાં સુતરાઉ કપડાંમાંથી બનેલી પૅડેડ બ્રા પહેરો, જેનાથી ઉભારનો અહેસાસ જળવાઈ રહે છે.

* જો તમે વિદ્યાર્થિની હો તો સ્પષ્ટ છે કે વધારે કૂદાકૂદ થતી હશે. એવામાં નાયલોનની બ્રા નીચેની તરફ ઢળીને સ્તનના આકારને બગાડી નાખે છે. એટલે કોટન અને ચૂસ્ત દેખાતી બ્રાનો ઉપયોગ કરો. સુતરાઈ કપડાં પરસેવો પણ ચૂસી લે છે અને ચામડીના રોગોથી પણ બચાવે છે.

'મુંબઈ સમાચાર' પત્રની લાકડી પૂર્તિ વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

* વક્ષ સ્થળ પર સ્તનનો ઉભાર એક સ્વાભાવિક સુંદરતા છે.

- આ સુંદરતા માત્ર પુરુષોને જ નહીં, પરંતુ ખુદ સ્ત્રીઓને અને બાળકોને પણ આકર્ષિત કરે છે.

- બ્રા સ્તનના આકારને સ્થિરતા પ્રદાન કરવાનું કાર્ય ખૂબ સારી રીતે કરે છે, પણ શરત એટલી કે એ સારા આકારની હોય અને વ્યવસ્થિત રીતે પહેરેલી હોય.

- બ્રાની પસંદગી તમારી આકદરતી સુંદરતાને ચાર ગણી કરે છે.

- એટલે બ્રાની પસંદગી કરતાં પહેલાં જરૂર વિચારો કરો

* * *

મલકાટઃ

- બબલુએ એક કંપની ખોલી.

- કર્મચારીઓની નિમણૂક માટે એક જાહેરખબર છપાવીઃ

- સ્માર્ટ લોકોની જરૂર છે.

- વયમર્યાદા ૨૧ થી ૨૫ વર્ષ.

- કામ મહત્ત્વનું છે તેથી ઓછામાં ઓછો ત્રીસ વર્ષનો અનુભવ જરૂરી છે.

# પ્રત્યેક હિન્દુ પરિવારમાં ત્રણ સંતાન હોવા જ જોઈએ: ભાગવત

લખનઊ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે હિન્દુ સમાજને એકજૂટ કરી તેનું સશક્તીકરણ કરવાની જરૂર હોવાની હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે ભય કે જોખમનું કોઈ કારણ નથી, પરંતુ સાવધ રહેવું જરૂરી છે. પ્રત્યેક પરિવારમાં ઓછામાં ઓછાં ત્રણ બાળકની જરૂર હોવાં જોઈએ એવી ભલામણ પણ તેમણે કરી હતી. ઘૂસણખોરોને શોધી કાઢી તેમને દૂર કરવા જોઈએ, તેમને નોકરી ન આપવી જોઈએ અને તેમનો દેશનિકાલ કરવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

અહીંનાં સરસ્વતી શિશુ મંદિર ખાતે મંગળવારે સામાજિક સુમેળ બેઠકને સંબોધન કરતાં ભાગવતે હિન્દુઓની જંનસંખ્યામાં થઈ રહેલા ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે લાલચ આપીને અને બળજબરીપૂર્વક કરાવવામાં આવતું ધર્મપરિવર્તન અટકાવવું જોઈએ.

હિન્દુઓને એકજૂટ કરી સમાજનું સશક્તીકરણ કરવાની જરૂર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે પ્રત્યેક હિન્દુ પરિવારે ઓછામાં ઓછાં ત્રણ બાળક કરવાનો વિચાર કરવો જોઈએ. આ અંગે વૈજ્ઞાનિક કારણ આપતાં તેમણે કહ્યું હતું કે જે સમાજનો સરેરાશ ફળદ્રુપતા દર ત્રણ કરતાં ઓછો હોય છે તે ભવિષ્યમાં અસ્તિત્વ ગુમાવી દે છે. (એજન્સી)■

# દસ રાજ્યની રાજ્યસભાની ૩૭ બેઠક માટેની ચૂંટણીમાં એડવાન્ટેજ ભાજપ

નવી દિલ્હી: ૩૭ બેઠક માટે ૧૬મી માર્ચે યોજાનારી દ્વિવાર્ષિક ચૂંટણી રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ અને તાકાત વધારશે કેમ કે જે ૧૦ રાજ્યમાં બેઠક ખાલી પડવાની છે તેમાંથી છ રાજ્યમાં ભાજપની સરકાર છે કે પછી એ રાજ્યમાં સરકાર સાથે ભાજપનું જોડાણ છે.ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર જે રાજ્યોમાં બેઠક ખાલી પડવાની છે તેમાં મહારાષ્ટ્ર (સાત), ઓડિશા (ચાર), તેલંગણા (બે), તમિળનાડુ (છ), છત્તીસગઢ (બે), પશ્ચિમ બંગાળ (પાંચ), આસામ (ત્રણ), હરિયાણા (બે), હિમાચલ પ્રદેશ (એક) અને બિહાર (પાંચ)નો સમાવેશ થાય છે. ૧૬મી માર્ચે સવારના નવથી સાંજના ચાર વાગ્યા દરમિયાન મતદાન કરવામાં આવશે અને એ જ દિવસે સાંજનાં પાંચ વાગ્યે મતગણતરી શરૂ કરી દેવામાં આવશે.

મહારાષ્ટ્ર, ઓડિશા, બિહાર, છત્તીસગઢ, હરિયાણા અને આસામમાં ભાજપની સરકાર છે અથવા તો એ રાજ્યમાં સરકાર સાથે ભાજપનું જોડાણ છે. આ ચૂંટણી ભાજપને રાજ્યસભામાં સંખ્યાબળ વધારવામાં મદદરૂપ થશે.(એજન્સી)■

# ભારત એઆઈનું વૈશ્વિક સુપર પાવર બનશે: પિચાઈ

નવી દિલ્હી: દિલ્હી ખાતે યોજાઈ રહેલી એઆઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ ભાગ લીધો હતો. ગૂગલે દિલ્હીમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જ્યાં સુંદર પિચાઈએ ભારતના ડિજિટલ ભવિષ્ય માટે કંપનીના વિઝનને શેર કર્યું હતું. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ બુધવારે જણાવ્યું હતું કે ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં એક ‘અસાધારણ રસ્તા’ માટે તૈયાર છે અને એઆઈમાં વૈશ્વિક સુપર પાવર બનશે. દેશના એઆઈ પરિવર્તનમાં ભાગીદારી કરવા માટે કંપનીની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

પિચાઈએ કહ્યું હતું કે એઆઈ આપણી જિંદગીનું સૌથી મોટું પ્લેટફોર્મ પરિવર્તન છે. તેણે હેલ્થકેર ડાયગ્નોસ્ટિક્સને યોગ્ય બનાવવાથી લઈને રિયલ ટાઈમ અલર્ટની સાથે ખેડૂતોને મદદ કરવા સુધી વ્યાપક પ્રમાણમાં પડકારોનો સામનો કરવાની તેની ક્ષમતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતની વિવિધતા, ભાષાની ઇકોસિસ્ટમ અને મજબૂત ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેને ‘ઈનોવેશન માટે એક મજબૂત પાયો’ અને વૈશ્વિક સ્તરે એઆઈને લોકશાહીકરણ કરવા માટે એક બ્લુપ્રિન્ટ બનાવે છે. પિચાઈએ એ વાત પર ભાર મૂક્યો કે એઆઈનો ઉપયોગ કરવામાં વિશ્વાસ, સલામતી અને તમામને સાથે લઈને ચાલવાને પ્રાથમિકતા આપવી જોઈએ. ‘‘એઆઈને અલગ અલગ ભાષાઓ અને સ્થાનિક સંદર્ભોમાં કામ કરવું જોઈએ. તે વાસ્તવિક દુનિયાના લાભો પહોંચાડવા જોઈએ જેના પર લોકો વિશ્વાસ કરી શકે. જ્યારે ટેકનોલોજી ટ્રાન્સપરન્ટ, જવાબદાર અને પરિણામો પર આધારિત હોય ત્યારે વિશ્વાસ વધે છે,’’ એમ પિચાઈએ કહ્યું હતું.

ગૂગલના સીઈઓએ ભારત-અમેરિકા કનેક્ટ ઈનિશિએટિવની પણ જાહેરાત કરી, જે અમેરિકા, ભારત અને દક્ષિણ ગોળાર્ધમાં અનેક સ્થળો વચ્ચે એઆઈ કનેક્ટિવિટી વધારવા માટે નવા સબસી કેબલ રૂટ લગાવવાનો એક પ્રોજેક્ટ છે. ગૂગલ ભારતમાં ફુલ-સ્ટેક કનેક્ટિવિટી ધરાવે છે અને અમે સાથે મળીને જે ભવિષ્ય બનાવી રહ્યા છીએ તેના વિશે હું ક્યારેય આટલો ઉત્સાહિત નહોતો. ■

# પાયજામાનું નાડું ખોલવું એ રેપનો જ પ્રયાસ: સુપ્રીમ કોર્ટ

## આમ કહી આવા કૃત્યને ‘છેડતી’ ગણાવતા હાઈ કોર્ટના ચુકાદને રદ કર્યો

નવી દિલ્હી: ગત વર્ષે માર્ચ મહિનામાં ઉત્તર પ્રદેશના એક બળાત્કારના પ્રયાસના કેસમાં અલાહાબાદ હાઈ કોર્ટના વિવાદાસ્પદ ચુકાદો આપ્યો હતો, હાઈ કોર્ટે જણાવ્યું હતું કે મહિલાની સ્તનને સ્પર્શ કરવો કે તેના પાયજામાનું નાડું છોડવું, એ બળાત્કાર કે બળાત્કારનો પ્રયાસ ન ગણી શકાય. હાઈ કોર્ટના આ ચુકાદાની ભારે ટીકા કરવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટે અલાહાબાદ હાઈ કોર્ટના વિવાદાસ્પદ ચુકાદાને પલટાવી દીધો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે અલાહાબાદ હાઈ કોર્ટના ચુકાદાની ટીકા કરી, આ બેન્ચમાં ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને એનવી અંજારિયા પણ સમેલ હતાં. બેન્ચે નિર્દેશ કર્યો કે જાતીય ગુનાઓના કેસોમાં નિર્ણય લેવા માટે કાયદાકીય તર્ક અને સહાનુભૂતિ બંનેની જરૂર હોય છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું, આ ગુનાને માત્ર બળાત્કારની તૈયારી ગણી શકાય, બળાત્કારનો પ્રયાસ નહીં એવા હાઈ કોર્ટના આ તારણ સાથે અમે સહમત નથી. ■

# શાંતિમંત્રણા સાથે ઈરાન-અમેરિકાનું શક્તિપ્રદર્શન

વૉશિંગ્ટન: ઈરાનના ન્યુક્લિયર પ્રોગ્રામ અંગે બીજા રાઉન્ડની વાટાઘાટો માટે ઈરાન અને અમેરિકાના સ્ટેટ્સના અધિકારીઓએ સ્વિટ્ઝર્લેન્ડના જીનિવા ખાતે બેઠક કરી હતી. બેઠક બાદ બંને પક્ષોના અધિકારીઓએ જણાવ્યું છે કે બંને રાષ્ટ્રો કરાર તરફ આગળ વધી રહ્યા છે, પરંતુ બીજી બાજુ અમેરિકાએ ૫૦ જેટલા ફાઈટર જેટ ઈરાન તરફ મોકલતા બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. આટલું જ નહીં બીજી બાજુ ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી હતી અને મિસાઈલો છોડી હતી. આ ઉપરાંત યુદ્ધની ક્વાયત શરૂ કરી હતી. રશિયા અને ચીનના યુદ્ધજહાજો પણ હવે ઈરાન સાથે સૈન્યની ક્વાયતમાં જોડાતા હવે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. જીનિવામાં વાટાઘાટો બાદ ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે વૉશિંગ્ટન સાથેની વાટાઘાટો ગંભીર, રચનાત્મક અને સકારાત્મક રહી હતી. બીજી તરફ અમેરિકાએ તેનાં ફાઈટર જેટ ઈરાન તરફ મોકલ્યા છે. થોડા દિવસો પહેલા જ મધ્ય-પૂર્વ તરફ અમેરિકાએ બીજું વિમાનવાહક જહાજ યુએસએસ ગેરાલ્ડ આર ફોર્ડ મોકલવાની જાહેરાત કરી હતી. ■

# અમેરિકામાં હનુમાનજીની મૂર્તિ વિશે રૂઢિચુસ્ત એક્ટિવિસ્ટની કમેન્ટથી વિવાદ

ન્યૂયોર્ક: અમેરિકાના ટેક્સાસના એક રૂઢિચુસ્ત એક્ટિવિસ્ટએ ટેક્સાસના સુગર લૅન્ડમાં અષ્ટલક્ષ્મી મંદિરમાં ભગવાન હનુમાનની ૯૦ ફૂટ ઊંચી પ્રતિમા પર પ્રશ્નો ખડા કરીને હોબાળો મચાવી દીધો છે.

રિપબ્લિકન એક્ટિવિસ્ટ કાર્લોસ ટર્સિયોસએ એક્સ પર પ્રતિમાનો એક વીડિયો શેર કર્યો હતો. જેમાં દાવો કરવામાં આવ્યો કે ‘ત્રીજી દુનિયા’ના એલિયન્સ ધીમે ધીમે ટેક્સાસ અને અમેરિકા પર કબજો કરી રહ્યા છે. તેમણે લોકોને આ આક્રમણ બંધ કરવા વિનંતી કરી હતી. આ પ્રતિમાને પંચલોહા અભય હનુમાન તરીકે ઓળખવામાં આવે છે અને તેનું ઉદ્‌ઘાટન ઓગસ્ટ ૨૦૨૪માં કરવામાં આવ્યું હતું. તે ઉત્તર અમેરિકામાં આ પ્રકારની સૌથી ઊંચી પ્રતિમા છે. મંદિરના અધિકારીઓ તેને શક્તિ, ભક્તિ અને શાંતિ માટે આધ્યાત્મિક કેન્દ્રના પ્રતીક તરીકે વર્ણવે છે. ■

# વૈષ્ણોદેવી તીર્થસ્થળના બૅઝ કૅમ્પ પાસે શ્રી શંકરાચાર્ય મંદિર બનશે

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ: રોપવેને મામલે બુધવારે જ્યાં એક દિવસના બંધનું આયોજન કરવામાં આવ્યું હતું તે ત્રિકૂટા પર્વતમાળામાં આવેલા વૈષ્ણોદેવી તીર્થસ્થળના બૅઝ કૅમ્પ કટરામાં લે. ગવર્નર મનોજ સિંહાએ શ્રી શંકરાચાર્ય મંદિર કોમ્પ્લેક્સનો પાયો નાખ્યો હતો.

ઉપરાજ્યપાલનો દાવો છે કે આધ્યાત્મિકતા વધારવા અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા બનાવવામાં આવનારું આ મંદિર પ્રાદેશિક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપશે.

કટરાસ્થિત ત્રિકૂટા પર્વતીય માળામાં શ્રી માતા વૈષ્ણોદેવી ભવનની નજીક એક પર્વત પર શ્રી શંકરાચાર્યના ભવ્ય મંદિરના નિર્માણની બુધવારે ઔપચારિક શરૂઆત થઈ હતી.

આ ઐતિહાસિક યોજનાની શીલારોપણ વિધિ મનોજ સિંહાએ કરી હતી. શ્રી શંકરાચાર્યના મંદિરના નિર્માણની કલ્પના સૌપ્રથમ વાર ૧૯૬૭માં કરવામાં આવી હતી. ત્રિકૂટા પર્વતમાળા વચ્ચે આ મંદિર બનાવવાનો પ્રસ્તાવ એ સમયે જ તૈયાર કરવામાં આવ્યો હતો. ■

# મોદી અને પિચાઈ મળ્યા



નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ગૂગલ અને તેની પેરેન્ટ કંપની આલ્ફાબેટ ઇન્કના સીઈઓ સુંદર પિચાઈ સાથે મુલાકાત કરી હતી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં ભારત શું કરી રહ્યું છે અને ટેકનોલોજી જાયન્ટ આ ક્ષેત્રમાં ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો સાથે કેવી રીતે કામ કરી શકે છે તેની ચર્ચા કરી હતી.

પિચાઈ ભારત મંડપમ્ ખાતે એક એક્સ્પો સાથે આયોજિત ચાલી રહેલા ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં હાજરી આપવા માટે અહીં આવ્યા છે. મોદીએ એક્સ પર માહિતી આપતા જણાવ્યું હતું કે દિલ્હીમાં એઆઈ ઈમ્પેક્ટ સમિટ દરમિયાન સુંદર પિચાઈને મળીને આનંદ થયો. ભારત એઆઈમાં શું કામ કરી રહ્યું છે અને ગૂગલ આ ક્ષેત્રમાં આપણા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો સાથે કેવી રીતે કામ કરી શકે છે તે વિશે વાત કરી. ■

# ફૉલ્ડિંગ છરીઓ વેચવા બદલ બ્લિન્કિટ સામે પોલીસ કેસ

નવી દિલ્હી: દિલ્હી પોલીસે ગેરકાયદે છરીઓ વેચવા બદલ ઇન્સ્ટન્ટ ડિલિવરી એપ્લિકેશન, બ્લિન્કિટ સામે કેસ નોંધ્યો છે, એમ એક અધિકારીએ બુધવારે જણાવ્યું હતું.

પોલિસે પ્લેટફોર્મ પર વેચાણ માટે ઉપલબ્ધ ૫૦ છરીઓ જપ્ત કરી છે જેણે બ્લેડના કદ અને સ્પષ્ટીકરણોને નિયંત્રિત કરતી સરકારી સૂચનાઓનું ઉલ્લંઘન કર્યું છે.

નિયમો અનુસાર મહત્તમ ૭.૬૨ સે.મી.ની બ્લેડ લંબાઈ અને ૧.૭૨ સે.મી.ની પહોળાઈ સુધીની છરી માન્ય છે; તેનાથી વધુ કંઈપણ ગેરકાયદે છે.

પોલિસને જાણવા મળ્યું હતું કે ચોક્કસ છરીઓ ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા વેચાઈ રહી છે જે નિર્ધારિત નિયમનું ઉલ્લંઘન કરે છે તે પછી ૧૪ ફેબ્રુઆરીએ આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.■

# એમબીએ સ્ટુડન્ટની હત્યા કરી આરોપીનું મૃતદેહ સાથે કુકર્મ

ઈન્દોર: ક્રાઈમ સીન રિક્રિયેશન દરમિયાન મતભેદ વ્યક્ત કરતા ૨૪ વર્ષના એમબીએના વિદ્યાર્થિની હત્યાના આરોપી પીયૂષ ધામનોડિયાએ હત્યાના પ્રશ્નોને અવગણીને પત્રકાર દ્વારા કરવામાં આવેલા સવાલો અંગે સાવ કંઈ થયું ન હોય એવી સહજ પ્રતિક્રિયા આપી હતી.

પત્રકારોથી ઘેરાયેલા પીયૂષે હત્યા પાછળના હેતુ સંબંધિત પ્રશ્નોની અવગણના કરતા હિન્દીમાં કહ્યું હતું કે ‘કુછ નહીં હુઆ હૈ, છોડે, હો ગયા જો હો ગયા યાર...છોડ દો ના...ક્યા કરોગે જાન કે’

પિયૂષ તંત્ર-મંત્રમાં માનતો હતો અને તેણે પ્રેમિકાનાં મૃતદેહ સાથે કુકર્મ કર્યું હોવાનું કહેવાય. છે. આ ઉપરાંત પિયૂષ પીડિતાના પ્રેત સાથે સંવાદ સાદવાનો પ્રયાસ કરતો હોવાનું પોલીસ માને છે. (એજન્સી) ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| छाकणे | ઝાટકવું |
| छाटणे | ઓચિંતો હુમલો |
| छान | છણાવટ |
| छाननी | ગૂંગળાવું |
| छापा | સરસ |

## જાણવા જેવું

અશ્વિની ભટ્ટ જાણીતા અને લોકપ્રિય નવલકથાકાર અને અનુવાદક હતા. નવલકથા અને નવલિકાઓ લખવા ઉપરાંત તેમણે એલિસ્ટર મેકલિન અને જેમ્સ હેડલી ચેઇઝનાં સંખ્યાબંધ પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કર્યા છે. નવલકથાઓ લખવાની સાથે તેઓ રંગભૂમિ સાથે પણ સંકળાયેલા હતા.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીના પતિના સસરાના એકમાત્ર પુત્રના દાદાનો એકમાત્ર પૌત્ર સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકા
બ) ભાઈ
ક) માસા
ડ) ભાણેજ

## નોંધી રાખો

ઉકળતા પાણીમાં જેમ પ્રતિબિંબ નજરે નથી પડતું એ જ રીતે અશાંત મગજને પણ સમસ્યાનો ઉકેલ નથી મળતો.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | | ૬ |
| ૭ | | | ■ | | ■ | | ■ | ■ | |
| ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | ■ | ૧૧ | ૧૨ | |
| ૧૩ | | ■ | | ■ | ૧૪ | | | | ■ |
| ■ | ■ | ૧૫ | | | ■ | ■ | ૧૬ | | |
| ૧૮ | ૧૯ | | ■ | ■ | ૨૦ | ૨૧ | | ■ | ■ |
| ■ | ૨૨ | | | ૨૩ | ■ | | ■ | ૨૪ | |
| ૨૬ | | | ■ | | ■ | ૨૭ | ૨૮ | | ■ |
| | ■ | ■ | ૨૯ | ■ | ૩૦ | ■ | ૩૧ | | ૩૨ |
| ૩૩ | | | | ■ | ૩૪ | | | | |

### આડી ચાવી

૧. ખુદા --- તો ગદ્ધા ભી પહેલવાન (૫)
૫. ભાડૂત (૪)
૭. પાણીમાં ઉત્પન્ન થતું કમળ (૩)
૮. ટુકડો (૩)
૧૧. પવિત્ર (૩)
૧૩. છોડી, છોકરી (૨)
૧૪. (બૂરા કામનો) સાથી (૪)
૧૫. રથ હાંકનાર (૩)
૧૬. સીતા (૩)
૧૮. ઢગલો (૩)
૨૦. પવિત્ર (૩)
૨૨. વિદાયગીરી (૪)
૨૪. ધૂન, લગની (૨)
૨૬. ---ની પીપૂડી વાગે ત્યાં સુધી વગાડવી (૩)
૨૭. ભાવિ શુભાશુભ સૂચક ચિહ્‌ન (૩)
૩૧. કુટુંબની આબરુ વધારે તેવો પુત્ર (૩)
૩૩. વળાવવા સાથે જનારો (૪)
૩૪. હંમેશા (૫)

### ઊભી ચાવી

૧. મારું (૨)
૨. મજૂર, વૈતરો (૪)
૩. ધોબી (૩)
૪. લાભ, ફાયદો (૨)
૫. નાનો ભારો (૨)
૬. એકાકાર, ગરક (૩)
૯. અમેરિકન ચલણી નાણું (૩)
૧૦. તંગી, મુશ્કેલી (૨)
૧૧. સમુદ્રમંથન કરતાં નીકળેલા પાંચ દેવવૃક્ષમાંનું એક (૪)
૧૨. મૂળ ગામ કે દેશ (૩)
૧૫. સેવાચાકરી, બરદાસ્ત (૪)
૧૯. જરૂરત, સ્વાર્થ (૩)
૨૧. નાઉમેદ, આશાભંગ (૩)
૨૩. સોનાનો એક સિક્કો (૨)
૨૪. તંબૂરો (૪)
૨૬. ઘી, તેલ ભરવાનું ઘડા જેવું વાસણ (૩)
૨૮. હુન્નર, કળા (૩)
૨૯. ખુરશી, ટેબલ વગેરેનો પગ (૨)
૩૦. તોર, મગરૂરી (૨)
૩૨. એક તેજાનો (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભે | જા | ૨ ગે | ૩ બ | ■ | ૪ રિ | ૫ શ્વ | ૬ ત | ૭ ખો | ર |
| રુ | ■ | ૮ રુ | ચિ | ■ | ■ | ૯ શુ | મા | ર | ■ |
| ૧૦ બં | ૧૧ ધ | વો | ■ | ૧૨ કં | ૧૩ ક | ર | ■ | ૧૪ ડુ | ૧૫ ગો |
| ૧૬ ધ | ડ | ■ | ૧૭ સુ | થા | ર | ■ | ૧૮ ભ | ■ | લો |
| ■ | ૧૯ કા | ૨૦ ય | ર | | ણી | ■ | ૨૧ ભૂ | ૨૨ લો | ક |
| ૨૩ સ | રો | જ | ■ | ૨૪ અ | ■ | ૨૫ પા | ત | ક | ■ |
| હે | ■ | ન | ■ | ૨૬ વા | ૨૭ વ | ડી | ■ | ૨૮ સં | ૨૯ પ |
| ૩૦ જ | ૩૧ લ | ■ | ૩૨ ચા | ક | ડો | ■ | ૩૩ કુ | ખ્યા | ત |
| ■ | ૩૪ હા | ૩૫ જ | ર | ■ | ■ | ૩૬ વા | શ | ■ | રા |
| ૩૭ અ | વ | ગ | ણ | ના | ■ | ૩૮ ચા | લ | બા | જી |

## ઓળખાણ પડી?



એમબીબીએસનો અભ્યાસ પડતો મૂકી સ્વેચ્છાએ રાઈફલ શૂટિંગમાં કરિયર બનાવનારી મહિલા શૂટરની ઓળખાણ પડી?

અ) મનુ ભાકર બ) સિફ્ટ કૌર સમરા
ક) સ્વરા કદમ ડ) એલાવેનિલ વલાવરીન

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં બરફનો વરસાદ સંતાયો છે એ શોધી કાઢો.
મોટાભાઈના ત્રણેય દીકરા વિદેશમાં સ્થાયી થઈ ગયા.

## માઈન્ડ ગેમ

સાપ્તાહિકના અત્યંત કુશળ તંત્રી હરકિસન મહેતાની નવલકથાનું નામ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ભારેલો અગ્નિ ૨) સંસારી સાધુ
૩) આશકા માંડલ ૪) માણસાઈના દીવા

## સુડોકુ-૯૨૨૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૪ | | | ૧ | | ૯ | |
| ૮ | | | ૪ | | | ૫ | | |
| ૫ | ૧ | | | ૬ | | | | |
| ૨ | ૫ | ૧ | | | | | | |
| ૩ | | | ૯ | | ૪ | | | ૫ |
| | | | | | | ૩ | ૨ | ૭ |
| | | | | ૯ | | | ૭ | ૬ |
| | | ૯ | | | ૮ | | | ૩ |
| | ૮ | | ૭ | | | ૯ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૮ | ૩ | ૧ | ૬ | ૭ | ૨ | ૯ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૪ | ૭ | ૫ | ૮ | ૬ |
| ૯ | ૭ | ૬ | ૫ | ૨ | ૮ | ૩ | ૧ | ૪ |
| ૧ | ૮ | ૯ | ૬ | ૫ | ૩ | ૨ | ૪ | ૭ |
| ૬ | ૩ | ૪ | ૭ | ૮ | ૨ | ૧ | ૯ | ૫ |
| ૭ | ૨ | ૫ | ૪ | ૯ | ૧ | ૬ | ૩ | ૮ |
| ૮ | ૫ | ૭ | ૧ | ૩ | ૪ | ૯ | ૬ | ૨ |
| ૩ | ૯ | ૨ | ૮ | ૬ | ૫ | ૪ | ૭ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૨ | ૭ | ૯ | ૮ | ૫ | ૩ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| छंद | આદત |
| छकणे | ચોંકવું |
| छडा | ભાળ |
| छळ | પજવણી |
| छपवीणे | સંતાડવું |

**ગુજ્બરાત મોરી મોરી રે:**
દિયર

**ઓળખાણ પડી?**
મુસોલિની

**માઈન્ડ ગેમ :**
સુમિત્રાનંદન પંત

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
સાગ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) ભરત કજરીયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) ભારતી બુચ (૮) ખુશરુ કાપડિયા (૯) શ્રદ્ધા આશર (૧૦) હર્ષા મહેતા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજીતા ખોના (૧૩) જ્યોતી ખાંડવાલા (૧૪) મીનળ કાપડિયા (૧૫) કિરીટ છેડા (૧૬) ચેતના છેડા (૧૭) ભાવના કર્વે (૧૮)ો પ્રવીણ વોરા (૧૯) કમલ માટલીયા (૨૦) મહેશ સંઘવી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખીલ બંગાળી (૨૪) અમીષી બંગાળી (૨૫) તાહેર ઔરંગાબાદવાળા (૨૬) શીરીન ઔરંગાબાદવાળા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) અંજુ ટોલીયા (૩૨) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૩) અરવિંદ કામદાર (૩૪) ડાયના સંતોક (૩૫) અલકા વાણી (૩૬) વીણા સંપટ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હીનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) મહેશ દોશી (૪૫) ડૉ. પ્રકાશ કટકિયા

# બૅંક, મેટલ અને એફએમસીજી શૅરમાં છેલ્લા કલાકની લેવાલીના ટેકાએ સેન્સેક્સમાં ૨૮૩ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બેંક, મેટલ અને એફએમસીજી શેરમાં છેલ્લા કલાકની ખરીદીને કારણે બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ બુધવારે સતત ત્રીજા સત્રમાં આગેકૂચ જારી રાખી હતી. સેન્સેક્સ ૨૮૩.૨૯ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા વધીને ૮૩,૭૩૪.૨૫ પોઈન્ટ પર સ્થિર થયા હતો. દિવસ દરમિયાન, તે ૮૩,૭૭૦.૦૫ પોઈન્ટની ઇન્ટ્રાડે ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૩.૯૫ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા વધીને ૨૫,૮૧૯.૩૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ટાટા સ્ટીલ, આઇટીસી, એક્સિસ બેન્ક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો, બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, હિંદુસ્તાન યુનિલીવર, સ્ટેટ બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટ્રેન્ટ, સન ફાર્માસ્યુટિકલ્સ અને કોટક મહિન્દ્રા બેન્ક ટોપ ગેઇનર રહ્યા હતા. જ્યારે ઇટર્નલ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, એચસીએલ ટેકનોલોજી, અદાણી પોર્ટ, ટીસીએસ, ઇન્ડિગો, એશિઅન પેઇન્ટ્સ, મારુતિ સુઝુકી, પાવર ગ્રીડ અને એચડીએફસી બેન્ક ટોપ લુઝરમાં સામેલ હતા.

એસબીઆઇ ફંડ મેનેજમેન્ટ માર્ચના પ્રારંભ સુધીમાં ૧.૫ અબજ ડોલરના આઇપીઓ માટે સેબીને ડીઆરએચપી સુપરત કરે એવી સંભાવના છે. ઉત્તર ભારતના ડાયગ્નોસ્ટિક્સ ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક, ચંદન હેલ્થકેર લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૦૩.૨૭ કરોડની કુલ આવક, રૂ. ૪૨.૫૯ કરોડનો એબિટા અને ૨૪.૭૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૦.૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

લાર્સન એન્ડ ટુબ્રોએ ઇન્ડિયા એઆઇ મિશન અંતર્ગત ગીગાવોટ સ્કેલ એઆઇ ફેકટરી સ્થપવા માટે એનવિડિઆ સાથે ટાઇઅપ કર્યું છે. ભારતના અગ્રણી ડિઝાઇન-ટુ-શેલ્ફ પ્લેટફોર્મ પૈકીના એક, જે ગ્લોબલ ફેશન બ્રાન્ડ્સ માટે ફ્લેટ-નિટેડ સ્વેટર, જેકેટ્સ અને રાઉન્ડ-નિટેડ વસ્ત્રોમાં વિશેષતા ધરાવતી એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડે ત્રિમાસિક ગાળામાં ૧૭.૦૩% વૃદ્ધિ સાથે રૂ. ૯૭.૩૬ કરોડની કુલ આવક, રૂ. ૯.૦૪ કરોડનો એબિટા અને ૨૫.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૩.૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

એન્જલ વન લિમિટેડની એન્જલ વન એસેટ મેનેજમેન્ટ કંપનીના સિલ્વર ઈટીએફ અને સિલ્વર ઈટીએફ એફઓએફના એનએફઓ ખુલ્લા છે, જે અનુક્રમે ૧૯ ફેબ્રુઆરીએ, આજે અને ૨૩ ફેબ્રુઆરીએ બંધ થશે. ૨૦૨૨ના આઇપીઓ પછીની પહેલી લેવાલીને પગલે સૂલા વિનિયાર્ડના પ્રમોટર્સનો હિસ્સો ૨૪.૫ ટકા સુધી પહોંચ્યો છે.ગ્લોબલ લીગલ એઆઈ પ્લેટફોર્મએ એનવીડિયા ડીજીએક્સ સ્પાર્ક અને એનવીડિયા નેમોટ્રોનના સહયોગ સાથે લેક્સલેગીસ ડોટ એઆઈ નામે લીગલ ઓન ડેસ્ક એઆઈ લીગલ ઇન્ટેલિજેન્ટ્સ સર્વિસ લોન્ચ કરી છે.

પ્રાઇમરી માર્કેટમાં મોબિલાઈઝ એપ લેબ લિમિટેડ, ક્લીન મેક્સ એન્વાયરો એનર્જી સોલ્યુશન્સ અને ગૌડિયમ આઇવીએફના આઇપીઓ આવી રહ્યા છે. સોમવારે ફ્રેક્ટલ એનાલિટિક્સના શેર તેના રૂ. ૯૦૦ના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ.૮૭૬ના ભાવે લિસ્ટેડ થયા હતા. આ જ દિવસે આય ફાઇનાન્સના શેર તેના રૂ.૧૨૯ના ઇશ્યુ ભાવે જ લિસ્ટેડ થયા હતા. એચયુએલના આઇસ્ક્રીમ બિઝનેસમાંથી ડિમર્જર બાદ ક્વોલિટી વોલ્સ ઇન્ડિયાના શેર તેની ઇન્ડિકેટીવ પ્રાઇસ સામે સોમવારે ૨૬ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૨૯.૮૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. આ પછી મંગળવાર અને બુધવારે પણ ઉક્ત શેરમાં વધુ પાંચ-પાંચ ટકા તૂટ્યા હતા.

અદાણી એન્ટરપ્રાઇઝે ૨૦૩૫ સુધીમાં એઆઇ ડેટા સેન્ટર બનાવવા માટે ૧૦૦ અબજ ડોલરની રોકાણ યોજના જાહેર કરી છે. ઈન્ફોસિસે ટેલિકોમ, ફાઇનાન્શિઅલ સર્વિસ, મેન્યુફેક્ચરર્સ અને સોફ્ટવેર ડેવલપમેન્ટ એડવાન્સ્ડ એન્ટરપ્રાઇસ આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સ, (એઆઇ) વિકસાવવા અને ડીલીવર કરવા માટે એન્થ્રોપિક સાથે વ્યૂહાત્મક સહયોગ સાધ્યો છે. જેએસડબલ્યુ એમજી મોટર ઇન્ડિયા આ વર્ષે ભારતમાં પ્લગ ઇન હાઇબ્રિડ એસયુવી સહિત ચાર નવા મોડલ દાખલ કરવા યોજના ધરાવે છે.

લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને નિકાસ કામગીરી સરળ અને સુગમ બનાવવા માટે ઇન્ડિયા પોસ્ટ અન લોજિસ્ટિક્સ એગ્રીગેટર શિપરોકેટ વચ્ચે સમજૂતી કરાર અંતર્ગત એક શિપરોકેટેક્સ યાત્રા નામે એપ શરૂ કરવામાં આવી હોવાની માહિતી આપતાં ઇન્ડિયા પોસ્ટના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ (મહારાષ્ટ્ર અને ગોવા), અમિતાભ સિંહે પત્રકારોને જણાવ્યું હતું કે, ઈન્ડિયા પોસ્ટ ભારતમાંથી ક્રોસ બોર્ડર ઈકોમર્સને સરળ બનાવવા માટે સતત પ્રયત્નશીલી છે. મુંબઈમાં શિપરોકેટ પોર્ટલનો ઉપયોગ કરીને નિકાસકારો વિવિધ દેશો સુધી પહોંચવા માટે ડીઓપીની નિકાસ સેવાઓનો લાભ લઈ શકશે.

ક્વોલિટી વોલ્શ ૪.૯૨ ટકા, ટાટા સ્ટીલ ૨.૯૦ ટકા, આઈટીસી ૨.૨૧ ટકા, એક્સિસ બેન્ક ૧.૫૧ ટકા, રિલાયન્સ ૧.૩૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૧૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૮ ટકા, સ્ટેટ બેન્ક ૦.૫૧ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૫૦ ટકા વધ્યા હતા, જ્યારે ઈટર્નલ ૧.૫૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૩૪ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૨૭ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૦૬ ટકા, અદાણી પોર્ટ્સ ૧ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૮૪ ટકા, ઈન્ડિગો ૦.૨૨ ટકા, એશિયન પેઈન્ટ ૦.૧૨ ટકા, મારુતિ ૦.૧૨ ટકા, પાવર ગ્રીડ ૦.૧૨ ટકા અને એચડીએફસી બેન્ક ૦.૧૦ ટકા ઘટ્યા હતા.

ભારતીય બજારોમાં સાવચેતીભરી શરૂઆત પછી સકારાત્મક સ્થાનિક ક્ષેત્રીય સંકેતોએ વૈશ્વિક અનિશ્ચિતતાની ચિંતા દૂર કરવામાં મદદ કરી હોવાથી વ્યાપક ખરીદીને કારણે મોડેથી ઉછાળો જોવા મળ્યો, હતો. બેંકિંગ અને નાણાકીય શેરો સ્થિતિસ્થાપક રહ્યા, જ્યારે એફએમસીજી શેરોની પસંદગીયુક્ત ખરીદીએ સંબંધિત આઉટપર્ફોર્મન્સમાં ફાળો આપ્યો હતો. તેનાથી વિપરીત, આઇટી ક્ષેત્ર પાછળ રહ્યું, એઆઇ હેઠળના વિક્ષેપ અને માર્જિન દબાણની ચિંતાઓના કારણે, રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેતીભર્યુ રહ્યું હતું.

કમાણીના મોરચે, નિફ્ટી ૫૦૦ માટે નાણાકીય વષ૪ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના પરિણામો મોટાભાગે અપેક્ષાઓ સાથે સુસંગત હતા, જે દર્શાવે છે કે વૃદ્ધિ વલણો મિશ્ર રહ્યા છે, પરંતુ સ્થાનિક મેક્રો વાતાવરણ મધ્યમ ગાળાની સ્થિરતા પુરી પાડવાનું ચાલુ રાખે છે.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ બેન્ચમાર્ક એક ટકા વધીને બંધ થયો હતો. આ દરમિયાન, લ્યુનાર ન્યૂ યરની રજાઓને કારણે ચીન, હોંગકોંગ અને દક્ષિણ કોરિયાના શેરબજાર બંધ રહ્યા હતા. મધ્યસત્ર સોદાઓમાં યુરોપિયન બજારો ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. ગ્લોબલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ વધ્યો. ૦.૩૩ ટકા વધીને ૬૭.૬૪ પ્રતિ બેરલ બોલાયું હતું.

એક્સચેન્જ ડેટા અનુસાર મંગળવારે (૧૭ ફેબ્રુઆરી) યુએસ ઇક્વિટી બજાર સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયું હતું. મંગળવાર (૧૭ ફેબ્રુઆરી)ના રોજ વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૯૯૫.૨૧ કરોડના શેર ખરીદ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧૮૭.૦૪ કરોડના શેર ખરીદ્યા હતા. મંગળવારના રોજ, સેન્સેક્સ ૧૭૩.૮૧ પોઈન્ટ વધીને ૮૩,૪૫૦.૯૬ પર અને નિફ્ટી ૪૨.૬૫ પોઈન્ટ વધીને ૨૫,૭૨૫.૪૦ પર બંધ થયો હતો.

દરમિયાન, જાન્યુઆરીમાં દેશની માલસામાનની નિકાસ ૦.૬૧ ટકા વધીને ૩૬.૫૬ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે સોમવારે જણાવ્યું હતું કે આ વર્ષે જાન્યુઆરીમાં આયાત ૧૯.૨ ટકા વધીને ૭૧.૨૪ બિલિયન ડોલર થઈ છે જે એક વર્ષ પહેલા નોંધાયેલ ૫૯.૭૭ અબજ ડોલર રહી હતી. સમીક્ષા હેઠળના મહિના દરમિયાન વેપાર ખાધ ૩૪.૬૮ બિલિયન ડોલર રહી હતી. અગ્રવાલે જણાવ્યું હતું કે દેશની નિકાસ માલ અને સેવાઓ બંનેમાં વૃદ્ધિ થઇ રહી છે. આ નાણાકીય વર્ષમાં, માલ અને સેવાઓની નિકાસ ૮૬૦ અબજ ડોલરને પાર કરે તેવી શક્યતા છે. એપ્રિલ-જાન્યુઆરી સમયગાળા દરમિયાન, નિકાસ ૨.૨૨ ટકા વધીને ૩૬૬.૬૩ અબજ ડોલર થઈ છે.

# સ્થાનિક સોનામાં ₹ ૨૮૧નો ધીમો ઘસરકો, ચાંદી ₹ ૩૮૪૩ ચમકી

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ગઈકાલે સોનાના ભાવમાં એક ટકા જેટલો અને ચાંદીમાં પાંચ ટકા જેટલો કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે અમેરિકી ફેડરલ રિઝર્વની ગત જાન્યુઆરી મહિનાની નીતિવિષયક બેઠકની મિનિટ્સની જાહેરાત પૂર્વે બન્ને કિંમતી ધાતુઓમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૩૮૪૩નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે સોનામાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૦થી ૨૮૧નો ધીમો ઘસરકો આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૮૪૩ના ચમકારા સાથે રૂ. ૨,૩૬,૭૯૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા આજે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૮૦ ઘટીને રૂ. ૧,૫૦,૯૭૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૮૧ ઘટીને રૂ. ૧,૫૧,૫૮૪ના મથાળે રહ્યા હતા.

ભાવમાં સાધારણ ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૯૧૫.૯૦ ડૉલર ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ન્યૂયોર્ક ખાતે હાજર ભાવમાં એક ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો. તેમ જ આજે એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૪૯૩૬.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ગઈકાલે ચાંદીના ભાવ પાંચ ટકા તૂટ્યા બાદ ૩.૩ ટકા વધીને ઔંસદીઠ ૭૫.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ગઈકાલે સોનાના ભાવ ઔંસદીઠ ૪૯૦૦ ડૉલરની અંદર ઉતરી ગયા બાદ આજે ફેડરલ રિઝર્વની જાહેર થનારી છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ પૂર્વે વૅલ્યુ બાઈંગ નીકળવાની સાથે રોકાણકારોની લેવાલીને ટેકે સુધારો જોવા મળ્યો હોવાનું નેટિક્સિસનાં વિશ્લેષક બર્નાર્ડ દહદહેએ જણાવ્યું હતું. વધુમાં હવે રોકાણકારોની નજર આવતા શુક્રવારે જાહેર થનારા અમેરિકાના ડિસેમ્બર મહિનાના ફુગાવાના ડેટા પર પણ સ્થિર થઈ છે કેમ કે ફુગાવાના દરની અસર ફેડરલની નાણાનીતિના વલણ પર થતી હોય છે.

# ડૉલર સામે રૂપિયો ચાર પૈસા વધ્યો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે જોવા મળેલા સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જણાતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાની આગેકૂચ જળવાઈ રહેતાં ગઈકાલના બંધ સામે ચાર પૈસા વધીને ૯૦.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૭૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૦.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૭૧ અને ઉપરમાં ૯૦.૫૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ચાર પૈસા વધીને ૯૦.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છેકે ગઈકાલે પણ ડૉલર સામે રૂપિયો બે પૈસા વધીને બંધ રહ્યો હતો. એકંદરે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલીના નિર્દેશ અને આજે ઈક્વિટી માર્કેટમાં સુધારો આવવાની સાથે અમુક અંશે રિઝર્વ બૅન્કની પણ ડૉલરમાં છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતા રૂપિયો સાંકડી રેન્જમાં અથડાઈને સુધારા સાથે બંધ રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સના ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલકુમાર ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો આવી રહ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવી શકે છે.

## સિટી ન્યૂઝ

# વરસાદી પાણીના નિકાલમાં આડે આવનારા બાંધકામનો સફાયો

### વિક્રોલીમાં નાળાને અડીને આવેલા ૩૯ બાંધકામ તોડી પડાયા

મુંબઈઃ વિક્રોલી (પૂર્વ)માં કન્નમવાર નગર નાળાને અડીને ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલા ૪૩ બાંધકામમાંથી ૩૯ બાંધકામને પાલિકાના નએસથ વોર્ડ દ્વારા કાર્યવાહી કરીને તોડી પાડવામાં આવ્યા હતા. બાંધકામ તોડી પાડવાને કારણે હવે ૨૪૦ ચોરસ મીટર પરસિરમાં નાળાની સંરક્ષણ ભિંત ઊભી કરવા માટે જગ્યા ઉપલબ્ધ થઈ છે. મુંબઈમાં મોટા પ્રમાણમાં નાળા ઉપર અને નાળાને અડીને ગેરકાયદે રીતે બાંધકામ કરવામાં આવતા હોય છે તેને કારણેચોમાસા દરમ્યાન વરસાદના પાણીનો નિકાલ થવામાં અવરોધ નિર્માણ થતો હોય છે અને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. તેથી પાલિકા દ્વારા નાળાને અડીને આવેલા તથા નાળા ઉપર બાંધવામાં આવેલા બાંધકામને તોડી પાડી તેના પર જાળી બેસાડવાનું તથા સંરક્ષણ દીવાલ બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પાલિકાની આ કાર્યવાહી અંતર્ગત બુધવારે નએસથ વોર્ડ દ્વારા વિક્રોલી પૂર્વમાં આ કામ હાથ ધરવામાં આવ્યું હતું. પાલિકાના ઝોન-છનાં ડેપ્યુટી કમિશનર સંતોષકુમાર ધોંડેએ જણાવ્યું હતું ચોમાસા દરમ્યાન આવા બાંધકામને કારણે વરસાદી પાણીનો નિકાલ નાળામાં થતો નથી અને પાણી રસ્તા પર તથા રહેણાંક વિસ્તારમાં ભરાઈ જવાની સમસ્યા નિર્માણ થતી હતી. તો અમુક જગ્યાએ લોકો નાળામાં જ કચરો ફેંકતા હોય છે અને તેને કારણે નાળામાં ચોકઅપ થઈને પાણી આગળ ખાડીમાં વહેતું રોકાઈ જાય છે. તેથી નાળાને અસર કરનારા બાંધકામ સામે કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે, જે અંતર્ગત મંગળવારે વિક્રોલી કન્નમવારમાં નાળાને અડીને આવેલા ૪૩ બાંધકામમાંથી ૩૯ બાંધકામને આંશિક રીતે તોડી પાડવામાં આવ્યા હતા.

# એમએમઆરડીએની નજર હવે સરકારી જમીનો પર

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં માળખાગત સુવિધાઓ વિકસાવતી મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ સત્તામંડળ (એમએમઆરડીએ)ની નજર હવે મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ની સરકારી ખાલી જમીનો પર પડી છે. પ્રોજેક્ટ્સ માટે ભંડોળ એકઠું કરવા માટે એમએમઆરડીએ એ એક નવી યુક્તિ અજમાવી છે અને એમએમઆર ની ખાલી સરકારી જમીનો પોતાના હસ્તક સોંપવામાં આવે એવી માગણી રાજ્ય સરકાર પાસે કરી છે. એમએમઆરડીએ દ્વારા મેટ્રો સહિત અનેક માળખાગત સુવિધાના પ્રોજેક્ટ્સ એમએમઆરમાં ચલાવવામાં આવી રહ્યા છે. આ પ્રોજેક્ટ્સ માટે કરોડો રૂપિયાના ભંડોળની જરૂરિયાત છે, પરંતુ એમએમઆરડીએ પાસે આવકનો કોઈ નક્કર અને સ્થિર સ્રોત નથી. તેને મુખ્યત્વે બીકેસી અને વડાલા ખાતેના પ્લોટના વેચાણ પર જ નિર્ભર રહેવું પડે છે. આ પૃષ્ઠભૂમિમાં પ્રોજેક્ટ માટે ભંડોળ ઊભું કરવા માટેના વિકલ્પો પર વિચાર કરતા એમએમઆરડીએ એ આખરે સરકારી જમીનો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

# મુંબઈમાં રેલવે સ્ટેશનોની કાયાપલટ

મુંબઈઃ પશ્ચિમ રેલવે પરના ત્રણ મહત્ત્વપૂર્ણ સ્ટેશનો પર નવી સુવિધાઓ શરૂ કરીને સ્ટેશનોની કાયાપલટ કરવામાં આવશે. આના કારણે મુસાફરોને સ્ટેશનો પર વધુ ખુલ્લી જગ્યા મળશે અને ફેરિયાઓથી મુક્તિ મળશે.

પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ, ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ રેલવે સ્ટેશનો પર નવી સુવિધાઓ શરૂ કરવામાં આવશે, એવી માહિતી પશ્ચિમ રેલ્વે મેનેજરે આપી હતી. મુસાફરો માટે સલામત અને સરળ મુસાફરી માટે નવા એસ્કેલેટર, લિફ્ટ અને ઘણી આધુનિક સુવિધાઓ શરૂ કરવાની માગ કરી હતી. વધુમાં ગિરગાવથી ચર્ની રોડ સ્ટેશનને જોડતા ફૂટઓવર બ્રિજનું અધૂરું છે. આ કામ શક્ય તેટલું વહેલું પૂર્ણ કરવાની પણ માગ કરી હતી. આ સાથે વરિષ્ઠ નાગરિકોને રેલવે સ્ટેશનોમાં પ્રવેશવામાં મદદ કરવા માટે એસ્કેલેટર શરૂ કરવાનું પણ સૂચન કરાયું હતું. રેલવે સ્ટેશનો અને નજીકના સ્થળોએ બેસતા અનધિકૃત ફેરિયાઓ સામે કાર્યવાહી કરવામાં આવે અને આ વિસ્તારો નાગરિકો માટે ખુલ્લા રાખવામાં આવે. આ નવી સુવિધાઓને કારણે મુંબઈગરાનો પ્રવાસ સરળ બનશે અને રેલ્વે સ્ટેશન પર સામાન લઈને જતા મુસાફરોને આ એસ્કેલેટર અને બ્રિજનો લાભ મળશે.

# ક્રિપ્ટોકરન્સીમાં રોકાણને નામે ૬૪ લાખ રૂપિયા પડાવ્યા

થાણેઃ થાણેમાં રહેતા ખાનગી કંપનીના કર્મચારીને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચ બતાવી બનાવટી પ્લૅટફૉર્મના માધ્યમથી ૬૪ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. આ પ્રકરણે ૪૪ વર્ષના કર્મચારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. છેલ્લાં બે મહિનામાં અનેક ટ્રાન્ઝેક્શન દ્વારા ફરિયાદીએ વિવિધ બૅન્ક ખાતાંમાં ૬૩.૯૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ફરિયાદ અનુસાર એક મહિલાએ ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. મહિલાએ પોતાની ઓળખ ક્રિપ્ટોકરન્સી પ્લૅટફૉર્મની પ્રતિનિધિ તરીકે આપી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. ફરિયાદીને ઊંચા વળતરની લાલચ આપવામાં આવી હતી. પછી બનાવટી પ્લૅટફૉર્મના કસ્ટમર કૅર પ્રતિનિધિ દ્વારા આપવામાં આવેલાં બૅન્ક ખાતાઓમાં ફરિયાદીએ ૧૩ ટ્રાન્ઝેક્શન દ્વારા નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં. જોકે પછી વળતર તો ઠીક, મૂળ રકમ પણ ફરિયાદીને પાછી મળી નહોતી. પોતે છેતરાયો હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. (પીટીઆઈ)


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

મટેરિઅલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ મટેરિઅલનું સપ્લાય

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નં. S/૦૯/૨૦૨૬ તારીખ ૧૬.૦૨.૨૦૨૬

| ક્ર.નં. | ટેન્ડર નં. | આઈટમનું ટૂંકું વર્ણન | જથ્થો | T.O.D |
|---|---|---|---|---|
| ૬૯ | ૦૫૨૫૩૧૨૪A | ઈકો-ફ્રેન્ડલી પેપર પેકિંગ (બેડ રોલ કવર) | ૫૧૧૭૨૦૦ નં. | ૧૬-૩-૨૬ |
| ૭૦ | ૧૧૨૫૫૦૪૦A | ૦૧ નં. એડવાન્સ્ડ ૦૮ લેનની પ્રોક્યોરમેન્ટ | ૧ નં. | ૧૧-૩-૨૬ |

સુધારો

કૃપા કરીને ક્ર.નં. ૬૯૯ ખાતે ટેન્ડર નોટિસ નં.: S-૬૭-૨૦૨૫ તારીખઃ ૧૩.૧૧.૨૦૨૫ માટે પાકતી તારીખ "૨૪.૦૨.૨૦૨૬" તરીકે વાંચો.

વિગતવાર નોટિસ બારડી, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.inની મુલાકાત લો. 1131

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly


# અજિત પવારના અકસ્માત અંગે સીબીઆઈ તપાસની સુનેત્રા પવારની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના અવસાને સમગ્ર મહારાષ્ટ્રને હચમચાવી દીધું છે. દરમિયાન શું અજિત પવારના અકસ્માત પાછળ કોઈ કાવતરું હતું કે કેમ? એવી શંકા રોહિત પવારે વ્યક્ત કરી હતી. આ પૃષ્ઠભૂમિમાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી દ્વારા કરવામાં આવેલી માગ બાદ ફડણવીસે આ નિર્ણય લીધો હતો.

પાર્ટીના નેતા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન સુનેત્રા પવારના નેતૃત્વમાં એનસીપીનું એક પ્રતિનિધિમંડળ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યું હતું અને અજિત પવારના આકસ્મિક મૃત્યુ માટે તપાસની માગ કરી હતી.

અજિત પવારનો અકસ્માત એ કોઈ સામાન્ય અકસ્માત નથી, તેથી આ બાબતે સીબીઆઈ દ્વારા તપાસ કરાવવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. ત્યારબાદ આ માગણી લઈને અમિત શાહને મળીશું, એવું દેવેન્દ્ર ફડણવીસે જાહેર કર્યું હતું.

સુનેત્રા પવારના નેતૃત્વમાં મુખ્ય પ્રધાનને આપવામાં આવેલા પત્રમાં જણાવાયું હતું કે, લોકો અજિત પવારના આકસ્મિક મૃત્યુને હત્યાનો કેસ માની રહ્યા છે. અકસ્માત અંગે કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. આ પ્રશ્નો મીડિયામાં પણ પૂછવામાં આવી રહ્યા છે. તેથી આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ અને આ પાછળનું સત્ય પ્રકાશમાં આવવું જોઈએ, તેવી માગ કરવામાં આવી હતી.

# બ્લડ પ્રેશરની નકલી દવા વેચનારા બે પકડાયા

થાણેઃ લોકપ્રિય પ્રિસ્ક્રાઈબ્ડ દવાની બ્રૅન્ડનાં નામ અને ડિઝાઈનની બ્લડ પ્રેશરની નકલી દવા વેચવાના રૅકેટનો પર્દાફાશ કરી થાણે પોલીસે મુંબઈ-ડોમ્બિવલીથી બે જણની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી અંદાજે નવ લાખ રૂપિયાની નકલી દવા જપ્ત કરવામાં આવી હતી.

કલ્યાણ પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ નકલી ટેલ્મા એએમ ટૅબ્લેટ્સ (ટેલ્મિસર્ટન ૪૦ એમજી અને એમલોડિપિન પાંચ એમજી) વેચતા હતા. આ માટે શ્રીરામ ફાર્માના લાઈસન્સનો ઉપયોગ કરતા હતા અને એ ઉત્પાદનો ઑરિજિનલ ઉત્પાદકના હોવાનું દર્શાવતા હતા.

માહિતીને આધારે ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશને (એફડીએ) ૨૦ જાન્યુઆરીએ રેઇડ કરી નકલી નટેલ્મા એએમથ ટૅબ્લેટ્સની ૨,૭૯૫ સ્ટ્રિપ્સ જપ્ત કરી હતી, જેની કિંમત ૮.૯૪ લાખ રૂપિયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એફડીએની ફરિયાદને આધારે ડોમ્બિવલીની માનપાડા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ડ્રગ્સ ઍન્ડ કોસ્મેટિક્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

ધરપકડ કરાયેલા મુખ્ય આરોપીની ઓળખ પંકજ રાધેશ્યામ ઉપાધ્યાય (૩૩) તરીકે થઈ હતી. ડોમ્બિવલી પૂર્વમાં રહેતો ઉપાધ્યાય વિતરક અને મેડિકલ રિપ્રેઝન્ટેટિવ હોવાનું તપાસમાં જણાયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી ઉપાધ્યાયને આ દવાઓ નકલી હોવાની જાણ હતી. આવી દવા લેવાથી દર્દીને જાનનું જોખમ હોવાની પણ તેને ખબર હતી તેમ છતાં તે ડિસ્ટ્રિબ્યુટ કરતો હતો.

# અમરાવતીમાં એસટી બસે રિક્ષાને અડફેટે લેતાં વિદ્યાર્થિની સહિત ચારનાં મૃત્યુ

અમરાવતીઃ અમરાવતી જિલ્લાના વરુડ તાલુકામાં એસટી બસે રિક્ષાને અડફેટમાં લેતાં શાળાની ૧૩ વર્ષની વિદ્યાર્થિની સહિત ચાર જણનાં મોત થયાં હતાં, જ્યારે ત્રણ જણને ગંભીર ઇજા પહોંચી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. વરુડ-રાજુરા બજાર માર્ગ પર બુધવારે સવારના આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલાઓની ઓળખ વાડેગાંવની વિદ્યાર્થિની માહી પ્રવીણ માંગૂળકર (૧૩), રિક્ષાચાલક કૈલાસ નાગદેવે (૪૨), ચિંતામણ સદાશિવરામ નાગદેવે (૬૦) અને વઘાળના હરિભાઉ દૌલત શિંદે (૮૦) તરીકે થઇ હતી. અકસ્માતમાં ઘવાયેલા રાજકુમાર ભલાવી, મોહિની વનદેવ ભોરે અને પ્રતિભા લાડને સારવાર માટે નાગપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે માર્ગ પર થોડા કલાકો સુધી વાહનવ્યવહાર ખોરવાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ એસટી બસ બુધવારે સવારે વરુડથી તળેગાંવ માર્ગે વર્ધા તરફ જઇ રહી હતી ત્યારે વરુડ-રાજુરા બજાર માર્ગ પર આવી રહેલી રિક્ષાને તેણે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. રિક્ષામાં શાળાની વિદ્યાર્થિની તથા અન્ય પ્રવાસીઓ હાજર હતા. દરમિયાન અકસ્માતની જાણ થયા બાદ ગામવાસીઓ મદદ માટે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયા હતા. પોલીસે આ ઘટનાની નોંધ કરીને તપાસ આદરી હતી.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

લોકમાન્ય તિલક મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, સાયન

**ઈ-ટેન્ડર નોટિસ**

નંબર LTH/૪૧૯/R તા. ૧૮.૦૨.૨૦૨૬

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. ઈ-ટેન્ડર કોપી ઈ-પ્રોક્યોરમેન્ટ સેક્શન હેઠળ મહાટેન્ડર્સ પોર્ટલ (https://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોજીટ (બારડી) રૂ. | ઈ-ટેન્ડર ફી રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | LTMG હોસ્પિટલમાં નવી AKD, જૂના AKD અને MICU ખાતે નવી AKD વિભાગ અને RO વોટર ટેસ્ટ ખાતે સેન્ટ્રલ રિવર્સ ઓસ્મોસિસ (RO) પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. [બીડ નં. ૨૦૨૬_MCGM_૧૨૭૯૫૪૬_૧] | ૧૨,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૧૯/૦૨/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨૫/૦૨/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |
| ૨ | L.T.M.G. હોસ્પિટલ ખાતે તમામ પ્રકારના પંખાઓના સમારકામ માટે રેટ કોન્ટ્રાક્ટ. [બીડ નં. ૨૦૨૬_MCGM_૧૨૭૯૫૪૭_૧] | ૧૮,૦૦૦/- | ૩૬૩૦/- + ૧૮% GST | ૧૯/૦૨/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) | ૨૫/૦૨/૨૦૨૬ સાં. ૪.૦૦ (૧૬.૦૦ ક.) |

BMCમાં નોંધાયેલ લોકો સહિત તમામ બિડરોએ સ્ટેન્ડિંગ ડિપોઝિટ ચૂકવી દીધી છે, તેમણે બૃહદ્ મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનને બારડી ચૂકવવાની જરૂર છે. ટેન્ડરરે બિડ ઓનલાઇન સુપ્રત કરવાની સાથે મહા ટેન્ડર પોર્ટલ દ્વારા નિર્દિષ્ટ રકમની બારડી ચૂકવવી પડશે.

ઇ-ટેન્ડર બિડર્સે નોંધ લેવી જોઇએ કે, આ ઇ-ટેન્ડર નોટીસ અંગે જારી કરાયેલ કોઇપણ સુધારા BMC પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારમાં કોઇ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

નોંધઃ a) ઉપરોક્ત ટેન્ડર માટે પાત્રતા માપદંડો અપલોડ કરાયેલ ઇ-ટેન્ડર સૂચનામાંથી મ્યુનિસિપલ વેબસાઇટ પર http://www.mcgm.gov.in & https://mahatenders.gov.in સંદર્ભ લો.

b) બિડરે પૂર્વ-લાયકાતની શેડ્યૂલમાં ઉલ્લેખિત માહિતી સંબંધિત દસ્તાવેજી પૂરાવા અપલોડ કરવાના રહેશે. BMC કોઇપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત કામો માટે મળેલ કોઇપણ અરજી સ્વીકારવાનો અને કોઇપણ તમામ અરજીઓ નકારવાના હક્કો અનામત રાખે છે.

બૃહન્મુંબઇ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરના આદેશથી.

સહી/-
ડીન
L.T.M.G. હોસ્પિટલ

PRO/3027/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# કાંદિવલી-ચારકોપમાં ‘ભૂ-કંપ’

**બીએમસીના વર્સોવા-દહિસર લિંક રોડનું પાઈલિંગ વર્કનું પરિણામ**

**બિલ્ડિંગોમાં રીતસરની ધ્રુજારીઃ રહેવાસીઓમાં ભયનો માહોલઃ લોકોના વિરોધ પછી કામ બંધ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વર્સોવા-દહિસર લિંક રોડ માટે ચાલી રહેલા પાઈલિંગના કામને કારણે કાંદિવલી પશ્ચિમના ચારકોપમાં અનેક બિલ્ડિંગમાં ધ્રુજારી થઈ રહી હોવાથી રહેવાસીઓમાં ભયનો માહોલ ફેલાયો છે. સ્થાનિક નાગરિકોની ફરિયાદને પગલે બુધવારે તાત્કાલિક કામ બંધ કરી દેવામાં આવ્યું હતું. પાલિકા પ્રશાસને હવે રહેવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) અને વીરમાતા જિજાબાઈ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઈ)ના નિષ્ણાતો દ્વારા નજીકની બિલ્ડિંગનું સ્ટ્રક્ચરલ ઑડિટ કરાવાનો નિર્ણય લીધો છે. વીજેટીઆઈના નિષ્ણાતોની (જુઓ પાનું ૪) ▶▶

# ‘જય હો’નું અલાર્મ આખો દિવસ વાગે છે!

## કોસ્ટલ રોડ પરનો આ પ્રયોગ માથાનો દુખાવો બન્યો છે રહેવાસીઓનો

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પરની મુસાફરી હવે ફક્ત ઝડપી જ નહીં પણ સંગીતમય પણ બની ગઈ છે, પરંતુ વાહનચાલકો માટે ‘અસામાન્ય’ અનુભવ નજીકમાં રહેતા બ્રીચ કેન્ડીના રહેવાસીઓ માટે માથાનો દુખાવો બની રહ્યો છે. રસ્તા પરથી કાર પસાર થાય ત્યારે વાગતું ‘જય હો’ ગીતની ફરિયાદ હવે મુખ્ય પ્રધાનના દ્વારે પહોંચી છે.

કોસ્ટલ રોડ પર વિશ્વનો પાંચમો અને ભારતનો પ્રથમ ‘મ્યુઝિકલ રોડ’ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જ્યારે વાહનોના રોડ સ્ટ્રીપ્સ પર આવે છે, ત્યારે સંગીતમય સૂર નીકળે છે. જોકે સવારે ૬ વાગ્યાથી મધ્યરાત્રિ સુધી સતત વાગતા (જુઓ પાનું ૪) ▶▶

# સ્થાયી અને શિક્ષણ સમિતિ ભાજપ પાસે, તો બેસ્ટ અને સુધાર સમિતિ શિંદે સેનાને ફાળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચાર મહત્ત્વની સમિતિમાંથી સ્થાયી અને શિક્ષણ સમિતિનું અધ્યક્ષ પદ ભાજપે પોતાની પાસે રાખ્યું છે. તો બેસ્ટ તથા સુધાર સમિતિનું અધ્યક્ષ પદ શિવસેના(શિંદે)ને આપવામાં આવ્યું છે, બુધવારે ચારેય સમિતિના અધ્યક્ષ પદ માટે ભાજપ તથા શિંદેસેનાના ઉમેદવારોએ ઉમેદવારી દાખલ કરી હતી. વિરોધપક્ષે કોઈ ઉમેદવાર ઊભો રાખ્યો ન હોવાથી તેઓ બિનહરીફ ચૂંટાઈ આવશે એવું માનવામાં આવે છે.

મુંબઈ મહાનગરપાલિકા ૨૦૨૬ની ચૂંટણી જાન્યુઆરીમાં પાર પડયાં બાદ મૅયર પદ ભાજપે પોતાની પાસે રાખ્યું હતું અને ડેપ્યુટી મૅયર પદ શિંદે સેના પાસે ગયું હતું. ગયા અઠવાડિયે ભાજપના ઉમેદવાર મેયર તથા ડેપ્યુટી મેયર ચૂંટણી બાદ ચાર મહત્વની સમિતિના અધ્યક્ષ પદ સૌ કોઈની નજર હતી. તેમાં મુંબઈ મહાનગરપાલિકાની તિજોરીની ચાવી ગણાતી સ્થાયી સમિતિ સહિત શિક્ષણ સમિતિ ભાજપે પોતાની પાસે રાખી છે અને સુધાર સહિત બેસ્ટ તેણે શિંદેસેનાને આપી દીધી છે. (જુઓ પાનું ૪) ▶▶

# દસમા અને બારમાના પેપર તપાસવામાં એઆઇનો ઉપયોગ

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ પોતાની પરીક્ષા પદ્ધતિમાં ક્રાંતિકારી ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યું છે. આગામી દસમા અને બારમા ધોરણની પરીક્ષાઓની ઉત્તરવહીઓની તપાસ વધુ સચોટ (જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”










"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**